Tuesday, 08 July 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૧૭૬ ● સંવત-૨૦૮૧ અષાઢ સુદ તેરસ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD






## સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલની નવનિયુક્ત પ્રદેશ ભાજપ અધ્યક્ષે લીધેલી શુભેચ્છા મુલાકાત

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા.૦૭

દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપના નવનિયુક્ત અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાએ આજે સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત લઈ તેમના આશીર્વાદ મેળવ્યા હતા. તેમની સાથે પ્રદેશ ભાજપ મંત્રી શ્રી જીજ્ઞેશભાઈ પટેલ તથા દીવ જિલ્લા પંચાયતના પૂર્વ અધ્યક્ષ શ્રીમતી અમૃતાબેન બામણિયા વગેરે જોડાયા હતા.

# દાનહ અને દમણ-દીવ નવનિયુક્ત પ્રદેશ ભાજપ અધ્યક્ષે અનેક પડકારો સામે બાથ ભીડી રસ્તો કાઢવો પડશે

## પ્રદેશના પ્રશાસકે પોતાનો લોહી પસીનો એક કરી દાનહ અને દમણ-દીવના કરેલા નવઘડતરનો ફાયદો જ સત્તાધારી પક્ષ તરીકે પ્રદેશ ભાજપે ઉઠાવતા માત્ર શીખવાનું છે

**સ્પેશલ કોમેન્ટ**
-મુકેશ ગોસાવી

વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી અને દેશના સત્તાધારી પક્ષના પ્રદેશ પ્રમુખ પદે નિયુક્ત થવું એ નાનીસૂની વાત નથી. તેમાં પણ પ્રદેશની વસતીના પાંચ ટકાની પણ જનસંખ્યા નહીં ધરાવતા અનુસૂચિત જાતિના સમુદાયમાંથી શ્રી મહેશભાઈ આગરિયાની પસંદગી થવી માત્ર ભારતીય જનતા પાર્ટીમાં જ સંભવ હોવાનું ફરી એકવાર પુરવાર થયું છે.

દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપના અધ્યક્ષ તરીકે શ્રી મહેશભાઈ આગરિયા સામે અનેક પડકારો ઉભા છે. તેમના રસ્તામાં અનેક અવરોધો પણ આવવાના છે. દાદરા નગર હવેલી જિલ્લાના કાર્યકરોની પોતાની અલગ અપેક્ષા અને માંગણી રહેશે, દીવ જિલ્લાના કાર્યકરોનો અલગ ચોકો હોય શકે છે અને દમણ પોતે દમદાર રહેવામાં માનશે ત્યારે દરેકને સાથે લઈને ચાલવાની આવડત પણ શ્રી મહેશભાઈ આગરિયાએ કેળવવી પડશે. દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપના નવનિયુક્ત અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયા સામે આગામી પંચાયતો અને નગરપાલિકાની ચૂંટણીની સાથે દરેક જૂથને જોડે લઈને ચાલવાની મુખ્ય અગ્નિ પરીક્ષા રહેશે. શ્રી મહેશભાઈ આગરિયાને પ્રદેશ ભાજપના પ્રમુખ તરીકેની મળેલી તક પણ ઘણાંને હજમ થઈ નથી. તેથી તેમની પ્રતિષ્ઠાને બગાડવા માટે ઘરના જ ઘાતકી બની શકે તે વાત યાદ રાખવી પડશે અને દરેક કદમ નિર્ભય બની સાવધાનીથી ભરવું પડશે. પ્રદેશ ઉપ પ્રમુખ તરીકે શ્રી મહેશભાઈ આગરિયાએ પોતાનો ચહેરો હસતો રાખી કાર્યકરોને સાથે રાખવાની ટેક્નિક તો અપનાવી હતી, હવે વધુ જવાબદારીની સાથે દરેકને પોતાની ક્ષમતા અને સામર્થ્ય મુજબ માન મોભો મળે અને તે જળવાઈ રહે તેના ઉપર પણ વિશેષ ધ્યાન આપવું પડશે. શ્રી મહેશભાઈ આગરિયા હવે એક વ્યક્તિ નહીં પરંતુ સત્તાનું કેન્દ્ર બની ચુક્યા હોવાથી દરરોજ તેમને નમસ્કાર કરવા અને સાક્ષાત દંડવત પ્રણામ કરનારાઓની પણ સંખ્યા સતત વધતી રહેશે. તેમાં તેમણે પોતાની ઉપયોગીતા ઓળખી પ્રદેશમાં પક્ષનો જનાધાર કેવી રીતે વધે તેની સતત ચિંતા કરવી પડશે. ભાજપના સદ્નશીબે કેન્દ્રમાં સત્તાધારી પક્ષ હોવાની સાથે દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશમાં સર્વાંગી વિકાસના કોઈ કામ ભાગ્યે જ બાકી રહ્યા છે. પ્રદેશના પ્રશાસકે પોતાનો લોહી પસીનો એક કરી દાદરા નગર હવેલી અને દમણ-દીવના કરેલા નવઘડતરનો ફાયદો જ સત્તાધારી પક્ષ તરીકે પ્રદેશ ભાજપે ઉઠાવવાનો છે. ગત લોકસભાની ચૂંટણીમાં દમણ અને દીવ બેઠક ઉપર કરાયેલી ભૂલોનું પુનરાવર્તન નહીં થાય અને કેટલાક તત્ત્વો દ્વારા ફેલાવાતી ભ્રમણાનો જડબેસલાક જવાબ અપાઈ તે પ્રકારનું વ્યવસ્થા તંત્ર પણ પક્ષના સુકાની તરીકે શ્રી મહેશભાઈ આગરિયાએ ગોઠવવું પડશે.

## એક્સ્ટ્રા કોમેન્ટ

નવનિયુક્ત પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયા એક સારા ક્રિકેટર હોવાની સાથે એક મજબૂત ક્રિકેટ ટીમના કેપ્ટન અને ક્રિકેટ કોચ તરીકેની જવાબદારી પણ નિભાવી ચુક્યા છે. તેથી ક્યાં ગુગલી ફેંકવી, લેગ કે ઓફ સ્પીન નાંખવી અને કોને બાઉન્સર ઉપર બીટ કરવો તેની કળા હવે પ્રદેશ ભાજપ પ્રમુખ તરીકે પણ બતાવવી પડશે. નહીં તો વિરોધી ટીમ હિટ વિકેટ કે એલ.બી.ડબલ્યુ. કરવા હંમેશા તત્પર રહેશે.

# માહ્યાવંશી સમાજના વરકુંડ ગામ પ્રગતિ મંડળ દ્વારા નવનિયુક્ત ભાજપ અધ્યક્ષ મહેશભાઈ આગરિયાનું ઉષ્માભર્યું કરાયું અભિવાદન

## દેશમાં ભાજપ જ એક એવી પાર્ટી છે જે નાત જાત કે ગરીબ-શ્રીમંતના ભેદ વગર દરેકને આગળ વધવા માટે સમાન તક આપતી હોવાથી માહ્યાવંશી સમાજને ગૌરવરૂપ બનેલી ઘટના





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા.૦૭

દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપના નવનિયુક્ત અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાનું આજે વરકુંડ ગામ પ્રગતિ મંડળ દ્વારા ઉષ્માભર્યું અભિવાદન કરવામાં આવ્યું હતું.

માહ્યાવંશી સમાજના વરકુંડ ગામ પ્રગતિ મંડળ દ્વારા ભાજપના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાના અભિવાદન સમારંભમાં દરેક વક્તાઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, દેશમાં ભાજપ જ એક એવી પાર્ટી છે જે નાત જાત કે ગરીબ-શ્રીમંતના ભેદ વગર દરેકને આગળ વધવા માટે સમાન તક આપે છે. શ્રી મહેશભાઈ આગરિયાની પ્રદેશ અધ્યક્ષ તરીકે કરાયેલી નિયુક્તિ સમગ્ર માહ્યાવંશી સમાજ માટે ગૌરવપ્રદ ઘટના હોવાનું પણ જણાવ્યું હતું.

આ પ્રસંગે પોતાના અભિવાદનના પ્રત્યુત્તરમાં નવનિયુક્ત પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, પક્ષ માટે કોઈપણ પ્રકારના સ્વાર્થ કે લોભ લાલચ વગર કામ કરો તો તેનું ફળ આ પક્ષમાં મળે જ છે જે વાત આજે પુરવાર થઈ છે. તેમણે યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી.નડ્ડા, સંઘપ્રદેશના કર્મયોગી પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલ તથા પ્રદેશ પ્રભારી શ્રી દુષ્યંતભાઈ પટેલનો પણ આભાર પ્રગટ કરતા જણાવ્યું હતું કે, હવે તેમણે જે વિશ્વાસ મુક્યો છે તેને સાર્થક કરવા માટે હવે વધુ કામ કરવું પડશે. તેમણે માહ્યાવંશી સમાજના લોકોને પણ કામમાં સહયોગ આપવા હાકલ કરી હતી. આ કાર્યક્રમમાં ભાજપના યુવા નેતા શ્રી કલ્પેશ સીતારામ પણ નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભમાં વરકુંડ ગામ પ્રગતિ મંડળના પ્રમુખ શ્રી હિરાલાલ ભક્તિ, સલાહકાર શ્રી ભગુભાઈ પટેલ, શ્રી જગદીશભાઈ દમણિયા, પ્રદેશ ભાજપ અનુ.જાતિ મોરચાના અધ્યક્ષ શ્રી નિમેષભાઈ દમણિયા, કોષાધ્યક્ષ શ્રી મનિષભાઈ દમણિયા, શ્રી વિરેશભાઈ ભક્તિ, શ્રી મહેશભાઈ દમણિયા, શ્રી હિનેક દમણિયા, શ્રી વિજય દમણિયા સહિત મોટી સંખ્યામાં વરકુંડ ગામના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# 'સ્માર્ટ સીટી' સેલવાસ ઝંડાચોક ખાતેની સરકારી શાળામાં લાઈટ-પંખા, પાણી-શૌચાલય સહિતની પ્રાથમિક સુવિધાઓનો અભાવઃ વિદ્યાર્થીઓએ કાઢેલી રેલી

## મામલતદાર-શિક્ષણ અધિકારીએ તમામ સુવિધા ઉપલબ્ધ કરાવવા વિદ્યાર્થીઓને આપેલું આશ્વાસન



## ટોયલેટ-બાથરૂમને તાળુ મારી દેવામાં આવે છે, જ્યારે કોઈ તપાસ અધિકારી કે નેતાઓની મુલાકાત હોય ત્યારે જ સુવિધાઓ ચાલુ રાખવામાં આવે છેઃ વિદ્યાર્થીનીઓની હાલત કફોડી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૦૭

વલસાડ અને પાલઘર જિલ્લાને અડીને આવેલા કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલીના સ્માર્ટ સીટી એવા સેલવાસના ઝંડાચોક ખાતે આવેલી સ્વામી વિવેકાનંદ વિદ્યામંદિર શાળાના વિદ્યાર્થીઓએ શાળામાં લાઈટ, પંખા, પાણી, શૌચાલય જેવી પ્રાથમિક સુવિધાઓ ઘણાં લાંબા સમયથી ઉપલબ્ધ નહીં કરાવવા બાબતે આજે જિલ્લા કલેક્ટર કચેરી સુધી શાંતિપૂર્ણ રેલી કાઢી તમામ પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવા માંગણી કરી હતી.

વિદ્યાર્થીઓના જણાવ્યા પ્રમાણે શાળામાં પીવાનું પાણી, વર્ગખંડમાં પંખા, લાઈટ નથી, અને સ્વચ્છ શૌચાલય જેવી પ્રાથમિક સુવિધાઓ ઘણા લાંબા સમયથી ઉપલબ્ધ નહીં હોવાથી વિદ્યાર્થીઓ ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. શાળાના વિદ્યાર્થીઓએ આજે કલેક્ટર કચેરીએ પહોંચીને મામલતદાર તથા શિક્ષણ અધિકારી બી.વી.પાટીલને સમસ્યાઓ અંગે રજૂઆત કરી હતી.

વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, અમને લક્ઝરી લાઈફ નથી જોઈતી, અમને ફક્ત શાળા સમયે લાઈટ, પંખા અને સ્વચ્છ પીવાનું પાણી તથા શૌચક્રિયા માટે સ્વચ્છ સુઘડ શૌચાલયની વ્યવસ્થા જોઈએ છે. પાણીના નળમાં પાણી આવતું નથી, વર્ગખંડમાં પંખા લાઈટ ચાલતા નથી, શૌચાલયમાં પણ પાણી નથી આવતું, ટોયલેટ-બાથરૂમને તાળુ મારી દેવામાં આવે છે એને ખુલ્લુ રાખવા અમે તમામ વિદ્યાર્થીઓ માંગ કરીએ છે. ઉપરાંત શાળાના સમયમાં જજે ફેરફાર કરવામાં આવ્યો છે, જેના કારણે માંદોની-સિંદોની જેવી દૂર દૂરના ડુંગરાળ વિસ્તારોના ગામડાઓથી શાળામાં આવતા-જતા વિદ્યાર્થીઓનો સમય બગડતા તમામ પરિબળો બગડી જાય છે. નીટ જેવી પરીક્ષાની તૈયારી માટે તો સમય નથી જ મળતો. જેથી અગાઉ જે રીતે શાળાનો સમય હતો તે મુજબ જ રાખવામાં એવી માંગ વિદ્યાર્થીઓએ મામલતદાર અને શિક્ષણ અધિકારીને કરી હતી.

વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, શાળામાં માત્ર કોઈક અધિકારી કે નેતાની મુલાકાત દરમિયાન જ પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે. છેલ્લા બે અઠવાડિયાથી ગર્લ્સ ટૉઈલેટમાં પાણી આવતુ નથી જેના કારણે સ્વચ્છતા કથળી રહી છે. વિદ્યાર્થીઓની માંગણી બાબતે અધિકારીઓએ માન્યું હતું કે વિદ્યાર્થીઓની માંગ વાજબી છે અને તમામ મુદ્દાઓને ઝડપથી ઉકેલવા પગલા ભરાશે. શાંતિપૂર્ણ રેલીના અંતે, અધિકારીઓની ખાતરી બાદ વિદ્યાર્થીઓએ રેલીને સમાપ્ત કરી હતી.






## સુવિચાર - સદ્‌વિચાર

બુદ્ધિશાળી વ્યક્તિ તમારુ દિમાગ ખોલે છે, સુંદર વ્યક્તિ તમારી આંખો ખોલે છે, જ્યારે એક પ્રેમાળ વ્યક્તિ તમારૂ હૃદય ખોલે છે.

## કવિતા

### ગુરુએ બગડેલ મનખો સુધારિયો!

ગુરુએ બગડેલ મનખો સુધારિયો !
માંહેથી કપટ કાળિંગાને મારિયો, હો જી ગુરુએ...
ગુરુના શબ્દનો લાગ્યો ઘાવ,
તેનો સીધો પડિયો દાવ, ભક્તિ કરી લ્યોને, ભાઈ...
આવો રે અવસર ફરી ફરી નહિ અલે હો જી... ગુરુએ...
સતની બાંધી લ્યો સમશેર, જુદ્ધ કરી લ્યોને ઘેર,
ગગનગઢ ઘેરી લ્યો ભાઈ...
પછી સુરતા ચાલી રે ગુરુના દેશમાં હો જી... ગુરુએ...
તનમાં કરી લ્યો તપાસ, પરગટ બોલે
આપણી પાસ, જોયો સઘળામાં વાસ,
ભાઈ પછી અસલ ઘરની ખબરું પડી હો જી... ગુરુએ...
સદ્‌ગુરુ સૂરજગરનો સંગ, ગુરુના નામનો લાગ્યો રંગ,
'અત્તર શાહ' ગાવે હૈ,
ઉમંગે ભાઈ ત્યારે જનમ-મરણનો ભય ટળ્યો હો જી... ગુરુએ...

**- અત્તર શાહ**

## આજની જોક

સાહેબ - આપણા દેશમાં મૃત્યુનો સરેરાશ દર કેટલો છે?
બંતા - ૧૦૦ ટકા !!!
સાહેબ - ૧૦૦ ટકા...
તમારા કહેવાનો મતલબ શું છે?
બંતા - આનો અર્થ એ છે કે, જે જન્મે છે, તેનું મૃત્યુ નિશ્ચિત છે,
સાહેબે બંતાને ધરાઈને માર્યો...

## કબીર વાણી

**બન તે ભાગા બિહરે પડ઼ા, કરહા અપની બાન,**
**કરહા બેદન કાસોં કહે, ને કરહા ને જાન.**

**- અર્થાત-**

વનથી ભાગેલો. બહેમાટા દ્વારા ખોદેલા ખાડામાં પડેલો હાથી પોતાની વ્યથા કોને કહે? સારાંશ એ કે ધર્મની જિજ્ઞાસાથી પ્રેરિત થઈ ભગવાન ગોસાઈ પોતાનું ઘર છોડી બાહર તો નિકળી આવે અને હરિવ્યાસી સંપ્રદાયના ખાડામાં પડી એકલા નિર્વાસિત થઈ અસંવાદ્ય સ્થિતિમાં પડી જાય છે.

## આજનો દિન વિશેષ

### સૌરવ ગાંગુલી

સૌરવ ચંડીદાસ ગાંગુલી (જન્મ ૮ જુલાઈ ૧૯૭૨), જેને દાદા (જેનો અર્થ બંગાળીમાં ''મોટા ભાઈ'' તરીકે પણ ઓળખાય છે), તે ભારતીય ક્રિકેટ કોમેન્ટેટર અને ભૂતપૂર્વ ક્રિકેટર છે. તેમને ભારતીય ક્રિકેટના મહારાજા કહેવામાં આવે છે. તેઓ ભારતીય રાષ્ટ્રીય ક્રિકેટ



ટીમના સુકાની હતા અને ભારતના સૌથી સફળ ક્રિકેટ કેપ્ટનોમાંના એક તરીકે ગણવામાં આવે છે. તે બેટ્સમેન તરીકે ૨૦૦૭ ICC T20 વર્લ્ડ કપની વિજેતા ટીમમાં હતો. કેપ્ટન તરીકે, તેમણે ૨૦૦૨ ICC ચેમ્પિયન્સ ટ્રોફી જીતવા અને ૨૦૦૩ ક્રિકેટ વર્લ્ડ કપ, ૨૦૦૦ ICC ચેમ્પિયન્સ ટ્રોફી અને ૨૦૦૪ એશિયા કપની ફાઇનલમાં પહોંચવામાં ભારતીય રાષ્ટ્રીય ટીમનું નેતૃત્વ કર્યું.

ગાંગુલીએ તેની ODI કારકિર્દીમાં ૧૧૩૬૩ રન બનાવ્યા જે ODI મેચોમાં સૌથી વધુ રન બનાવવા માટે વિશ્વમાં નવમા સ્થાને છે. સચિન તેંડુલકર અને ઈન્ઝમામ ઉલ હક પછી તે વન-ડે ક્રિકેટમાં ૧૦,૦૦૦ રનનો આંકડો પાર કરનાર ત્રીજો બેટ્સમેન હતો. ODI ક્રિકેટ વર્લ્ડ કપમાં ભારતીય બેટ્સમેન દ્વારા એક ઈનિંગ્સમાં સર્વોચ્ચ સ્કોર (૧૮૩) નો રેકોર્ડ તેના નામે છે. ૨૦૦૨માં, વિઝડન ક્રિકેટર્સ અલ્માનકે તેમને ઓડીઆઈના સર્વકાલીન છઠ્ઠા મહાન બેટ્સમેન તરીકે સ્થાન આપ્યું હતું. તેણે ૨૦૦૮માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી અને ૨૦૧૨માં ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી.

ગાંગુલીને ૨૦૦૪માં ચોથો સર્વોચ્ચ ભારતીય નાગરિક પુરસ્કાર પદ્મશ્રી એનાયત કરવામાં આવ્યો હતો. તેઓ ૨૦૧૯માં બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયાના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. તે IPL સ્પોટ ફિક્સિંગ અને સટ્ટાબાજીના કૌભાંડની તપાસ માટે ભારતની સર્વોચ્ચ અદાલત દ્વારા નિયુક્ત કરાયેલી તપાસ પેનલનો પણ એક ભાગ છે.

## આજની ઔષધી : એડી દુખતી હોય ત્યારે...



**તમારા પગની આંગળીઓ, તળિયા અને એડીના દુઃખાવા માટે તાત્કાલિક ઉપાયો અજમાવો :**

૧. ગરમ અને ઠંડા પાણી ભરેલી બે ડોલમાં વારાફરતી પગ બોળીને કાઢો.

૨. ટેનિસનો બૉલ પગ નીચે મૂકી ખુરશીમાં બેસી એકલા પગના જોરથી દબાવી આગળપાછળ ફેરવો.

૩. પંજા અને આંગળીઓને ખુબ જોર કરી ઊંચાનીચા કરો આ પ્રમાણે ૫૦ વખત કસરત કરો.

૪. ઊભા રહી પંજા ઉપર અને એડી ઉપર વારાફરતી આખા શરીરનું વજન આવે તેવી રીતે ઊભા રહો.

૫. તમે જે ચંપલ કે બૂટ પહેરતા હો તેમાં ફોમ કે રબરનો સપોર્ટ નંખાવો જેથી તમારા પગની આર્ચ (કમાન) સચવાઈ રહે.

૬. ડાયાલ્વિટીસ હોય તો કાબૂમાં રાખો.

૭. હૃદય અને ફેંફસાની ગતિ વધે તેવી ચાલવાની કસરત રોજ અર્ધો પોણો કલાક કરો.

૮. પગના તળિયામાં દિવેલની માલિશ કરો.

૯. કોટનનાં મોજાં પહેરો અને બહાર જાઓ ત્યારે બૂટ પહેરવાના રાખો.

૧૦. આમ છતાં ના મટે તો ડૉક્ટરની સલાહ લો.

---

### કોન્ટ્રાક્ટરની બેદરકારી નહીં ચલાવાય : મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

# ગુજરાતમાં માર્ગો-પુલો-હાઈવેનું યુદ્ધના ધોરણે રિપેરિંગનો આદેશ

## મુખ્યમંત્રીએ ભારે વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા હાઈવે, ગ્રામીણ અને શહેરી માર્ગો તેમજ પુલોની સ્થિતિ અંગે ઉચ્ચસ્તરીય બેઠક યોજીને સમીક્ષા કરી



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ગાંધીનગર, તા.૦૭**

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા હાઈવે, ગ્રામીણ અને શહેરી માર્ગો તેમજ પુલોની સ્થિતિ અંગે ઉચ્ચસ્તરીય બેઠક યોજીને સમીક્ષા કરી હતી. તેમણે યુદ્ધના ધોરણે રિપેરિંગ કામગીરી હાથ ધરીને માર્ગોને પુનઃ પૂર્વવત કરવા અને કામોમાં ગુણવત્તા જળવાય તેની ખાતરી કરવા અધિકારીઓને કડક સૂચનાઓ આપી હતી.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, માર્ગો-પુલોની મરામત માટે પેચવર્ક કરવા માટે વરસાદ બંધ થવાની રાહ જોવી જોઈએ નહીં. તેમણે તાકીદ કરી હતી કે, "વરસાદ વગરનો કે ઓછો વરસાદ હોય તેવો એક પણ દિવસ વ્યર્થ ન જાય અને રજાનો દિવસ હોય તો પણ પ્રજાના હિતમાં રિપેરિંગ કામગીરી ચાલુ જ રહે." આ દિશાનિર્દેશો દર્શાવે છે કે સરકાર માર્ગોની સ્થિતિ સુધારવા માટે કેટલી ગંભીર છે.

મુખ્યમંત્રીએ ભારપૂર્વક કહ્યું કે, "જે કામોમાં ડિફેક્ટ લાયાબિલિટી પિરિયડ દરમિયાન નુકસાન થયું હોય કે, મરામતની જરૂર પડી હોય તેવા કિસ્સામાં કોન્ટ્રાક્ટરની જવાબદારી ફિક્સ કરીને પગલાં લેવાવા જ જોઈએ." આ સૂચન ભ્રષ્ટાચાર અને નબળી ગુણવત્તાના કામો સામે લાલ આંખ કરવા સમાન છે. તેમણે કામો ગુણવત્તાયુક્ત થાય તે સુનિશ્ચિત કરવા પર પણ ભાર મૂક્યો હતો.

બેઠકમાં રાજ્યની મહાનગરપાલિકાઓના મ્યુનિસિપલ કમિશનરો પણ વીડિયો કોન્ફરન્સથી જોડાયા હતા. મહાનગરોમાં રસ્તા, અંડરબ્રિજ અને વોટર લોગિંગ જેવી સમસ્યાઓ જ્યાં છે, ત્યાં ઝડપથી મરામત કામગીરી હાથ ધરવા સૂચનો કર્યા હતા. એટલું જ નહીં, શહેરોમાં આ સમસ્યાઓના લાંબાગાળાના નિવારણ માટેના ઉપાયો હાથ ધરવાનું આયોજન કરવા પણ સૂચન કર્યું હતું.

NHAI, માર્ગ અને મકાન વિભાગ, પંચાયત, નગરપાલિકાઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશન વચ્ચે સંકલન સાધીને ટીમવર્કથી કામગીરી કરવાના સૂચનો કર્યા હતા. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, વરસાદને કારણે માર્ગો પર પાણી ભરાવા, પુલો-નાળા-કોઝવેને નુકસાન કે ડામર રોડને નુકસાન જેવી બાબતો તાત્કાલિક ધ્યાન પર લેવાવી જોઈએ. આ હેતુસર, ગાંધીનગરમાં નિર્માણ ભવન ખાતે કાર્યરત ૨૪૮૭ કંટ્રોલ રૂમને માહિતી મળે કે તરત જ સંબંધિત અધિક્ષક, કાર્યપાલક, નાયબ ઈજનેરને સ્થળ પર જઈને મરામત માટેની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા દિશાનિર્દેશો આપવામાં આવ્યા હતા. રાજ્યના માર્ગો, પુલો અને હાઈવેની પ્રવર્તમાન સ્થિતિ અંગે માર્ગ અને મકાન વિભાગ દ્વારા મુખ્યમંત્રી સમક્ષ વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. જે માર્ગોને વરસાદને કારણે અસર થઈ છે ત્યાં મોટા ભાગે સ્ટ્રક્ચર અને બ્રિજની કામગીરી પ્રગતિમાં છે. ૨૪૩ જેટલા પુલો પર આવી કામગીરી હાથ ધરી તેના ડાયવર્ઝનનું સતત મોનિટરિંગ કરાઈ રહ્યું છે.

NHAIના અધિકારીઓએ જણાવ્યું કે, આ વર્ષે ચોમાસા દરમિયાન નેશનલ હાઈવેને જે ૮૩ કિલોમીટરમાં નુકસાન થયું છે તેમાંથી ૫૮ કિલોમીટરમાં મરામત કામ પૂર્ણ થઈ ગયું છે અને બાકીના ૨૫ કિલોમીટરનું કામ ત્વરાએ પૂર્ણ કરી દેવાશે.

રાજ્ય સરકાર નાગરિકોના જનજીવનમાં માર્ગોની મરામતોમાં વિલંબને કારણે કોઈ રૂકાવટ ન આવે અને કામો સમયબદ્ધ તેમજ ગુણવત્તાયુક્ત ધોરણે થાય તે માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

તેમણે સંબંધિત વિભાગોને તત્કાલ મરામત કામો હાથ ધરીને લોકઅપેક્ષા સંતોષવા મુખ્યમંત્રીએ સૂચના આપી હતી.

---

### રાજકોટમાં રોગચાળામાં વધારો

# રાજકોટમાં રોગચાળો વકર્યો, ઝાડા ઉલ્ટીના ૨૯૧, ચિકનગુનિયાનો એક કેસ નોંધાયો

## ટાઈફોડના બે અને કમળાના ચાર કેસ નોંધાયા છે શહેરમાં ગત સપ્તાહની સરખામણીએ રોગચાળામાં વધારો થયો છે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**રાજકોટ,તા.૦૭**



રાજ્યમાં વરસેલા ભારે વરસાદ બાદ હવે રોગચાળાના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળામાં વધારો થયો છે. રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના અધિકારીએ માહિતી આપતા કહ્યું કે ગત સપ્તાહમાં શહેરમાં શરદી-ઉધરસના ૬૯૯, તાવના ૯૩૮ કેસ નોંધાયા છે. જ્યારે ઝાડા ઉલ્ટીના ૨૯૧, ચિકનગુનિયાનો એક કેસ નોંધાયો છે. ટાઈફોડના બે અને કમળાના ચાર કેસ નોંધાયા છે.રાજકોટમાં રોગચાળામાં વધારો થયો છે. શરદી-ઉધર, તાવ, ઝાડા-ઉલ્ટીના કેસમાં વધારો થયો છે. શહેરમાં શરદી-ઉધરસના ૬૯૯, તાવના ૯૩૮ કેસ નોંધાયા છે. જ્યારે ઝાડા ઉલ્ટીના ૨૯૧, ચિકનગુનિયાનો એક કેસ નોંધાયો છે. ટાઈફોડના બે અને કમળાના ચાર કેસ નોંધાયા છે. શહેરમાં ગત સપ્તાહની સરખામણીએ રોગચાળામાં વધારો થયો છે.

શહેરમાં વધતા રોગચાળાને રોકવા આરોગ્ય અધિકારીએ જણાવ્યું કે ચોમાસા દરમિયાન ખુલ્લામાં મળતા ખોરાક લેવા લોકોએ ટાળવા જોઈએ. તથા ચોમાસા દરમિયાન લોકોએ ઉકાળેલું પાણી પીવું જોઈએ. રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા વરસાદને લઈને માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે અને લોકોને પીવાનું પાણી ઉકાળીને પીવા માટે સલાહ આપવામાં આવી રહી છે અને આસપાસમાં સ્વચ્છતા રાખવા માટે કહેવામાં આવ્યું છે. કોઈ પણ પ્રકારની બિમારી હોય તો તાત્કાલિક ડોક્ટરને બતાવવાની પણ અપીલ કરવામાં આવી રહી છે.

---

## કંડલાના દીનદયાળ પોર્ટ નજીક કેમિકલ ઓફ-લોડ કરી પરત જતા જહાજમાં વિસ્ફોટ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**કંડલા,તા.૦૭**



કંડલાના દીનદયાળ બંદરની જેટી નજીક મોટી દુર્ઘટના સર્જાઇ છે. કેમિકલ ખાલી કરવા જઇ રહેલા જહાજમાં બ્લાસ્ટ થયો છે. જહાજમાં ઓઇલની ટેક ફાટતાં જહાજ એક તરફ નમી ગયું હતું, ખૂબ પ્રયત્ન કરવા છતાં આ જહાજ સીધું થઇ શક્યું ન હતું. દુર્ઘટનાની જાણ થતાં કોસ્ટ ગાર્ડ અને પોર્ટ તંત્રએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. જહાજમાં સવાર ૨૧ ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત છે. જોકે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ પ્રાપ્ત થયા નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર કંડલાના દીનદયાળ પોર્ટ પરથી કેમિકલ ખાલી કરીને જહાજ આઉટર તુણા બોય તરફ જઇ રહ્યું હતું. આ દરમિયાન અચાનક બ્લાસ્ટ થયો હતો. ઘટનાની જાણ થતાં પોર્ટ તંત્ર

---

### પાકિસ્તાની હોવાની આશંકા, નેવી એલર્ટ

# મહારાષ્ટ્રમાં દરિયા કાંઠે શંકાસ્પદ બોટ મળતાં હડકંપ

## નૌકાદળની રડાર પર આ બોટ રેવદાંડામાં કોરલાઈ દરિયા કાંઠેથી લગભગ બે નોટિકલ માઈલ દૂર જોવા મળી હતી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**મુંબઈ, તા.૦૭**

પોલીસ અને સમુદ્રી સુરક્ષા એજન્સીઓએ મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના રેવદાંડા દરિયા કાંઠે એક શંકાસ્પદ બોટની તલાશ શરૂ કરી છે, જે પાકિસ્તાની માછીમારી બોટ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, અધિકારીઓએ સોમવારે આ જાણકારી આપી. એક અધિકારીએ જણાવ્યું કે, રવિવારે રાત્રે ભારતીય નૌકાદળની રડાર પર આ બોટ રેવદાંડામાં કોરલાઈ દરિયા કાંઠેથી લગભગ બે નોટિકલ માઈલ દૂર જોવા મળી હતી. તેમણે કહ્યું કે, તે 'કદાચ પાકિસ્તાની માછીમારી બોટ' હોઈ શકે છે, પરંતુ બોટ વિશે માહિતી મળ્યા બાદ જ તેની ઓળખ અને અન્ય વિગતોની પુષ્ટિ થઈ શકશે. એક અધિકારીએ અગાઉ જણાવ્યું હતું કે, પ્રાથમિક માહિતી પ્રમાણે એવી શંકા છે કે બોટ રાયગઢ દરિયા કાંઠા સુધી આવી ગઈ હશે. બોટ દેખાયા બાદ રાયગઢ દરિયા કાંઠે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. અધિકારીએ જણાવ્યું કે, સૂચના મળ્યા બાદ રાયગઢ પોલીસ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, ક્વિક રિએક્શન ફોર્સ, નેવી અને કોસ્ટ ગાર્ડના જવાનો રાત્રે ઘટનાસ્થળે પહોંચ્યા અને સર્ચ ઓપરેશન શરૂ કરી દીધુ હતું. જોકે, ભારે વરસાદ અને ભારે પવનના કારણે રાત્રે બોટ સુધી પહોંચવામાં મુશ્કેલી પડી.

અધિકારીએ આગળ જણાવ્યું કે, રાયગઢના પોલીસ અધિક્ષક આંચલ દલાલ પરિસ્થિતિ પર નજર રાખવા માટે વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સાથે દરિયા કાંઠે પહોંચ્યા હતા. દલાલે ખુદ બોટ દ્વારા શંકાસ્પદ બોટ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ખરાબ હવામાનને કારણે તેમણે પાછા ફરવું પડ્યું હતું. આ વિસ્તારમાં ભારે પોલીસ દળ તહેનાત કરવામાં આવ્યું છે અને સાવચેતીના પગલા રૂપે જિલ્લામાં સુરક્ષા વધારી દેવામાં આવી છે.

તમને જણાવી દઈએ કે, ૨૦૦૮માં ભારે હથિયારોથી સજ્જ ૧૦ આતંકવાદીઓ અંધારાની આડમાં પાકિસ્તાન તરફથી સમુદ્રના રસ્તે મુંબઈ પહોંચ્યા હતા અને તેમણે ત્રણ દિવસ સુધી મુંબઈમાં તબાહી મચાવી હતી. આ ભયાનક આતંકવાદી હુમલામાં ૧૬૬ લોકોના મોત થઈ ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા.

---

## શાકાહાર - સનાતન ધર્મ અભિગમ



વિશ્વભરમાં ફેલાયેલા ૧૦૦ કરોડ હિંદુઓમાંથી બધા જ શાકાહારી ન પણ હોઈ શકે, પણ દેશ, કાળ, સંજોગો, મિત્રવર્તુળ, નજીકનો સામાજિક સંબંધ, આહારની અજ્ઞાનતા, કુટુંબની રૂઢિ કે રૂઢિગત પરંપરા અને સૌથી વિશેષ સ્વાદ લોલુપતા, આ બધાં માણસને માંસાહાર ખાવા લલચાવતાં કારણો છે. દુનિયામાં સૌથી પ્રાચીનતમ ધર્મ હિંદુ ધર્મ ગણાય છે, જેમાં ચાર પાયાના સિદ્ધાંતો માંસાહાર નિષેધ કરી, શાકાહારને પ્રાધાન્ય આપે છેઃ (૧) કર્મનો સિદ્ધાંત (૨) અહિંસા અને દયા (૩) પ્રાણ અને (૪) આહારશુદ્ધિ જે અધ્યાત્મમાર્ગે મોક્ષપ્રાપ્તિ કરાવે. સરળ ભાષામાં કહીએ તો કર્મનો સિદ્ધાંત એટલે ''આપણે કરેલા દરેક કર્મનું ફળ આપણે ભોગવીએ છીએ'' તે સદ્‌કર્મ સારું અને દુષ્કર્મ ખરાબ ફળ આપે, એ સર્વ સ્વીકાર્ય વાત છે. હિંદુ માત્ર માને છે કે 'પાપ' અથવા દુષ્કર્મ એટલે જીવતા જીવને દુઃખવવો કે મારી નાખવો અને 'પાપ 'ની સજા (ફળ) આપણને આ કે આવતા જન્મમાં દુઃખ, દર્દ, રોગ, પીડા તરીકે ભોગવવી જ પડશે. તેથી કર્મનો સિદ્ધાંત સ્વાભાવિકપણે પુનર્જન્મ સાથે જોડાયેલો જ છે. જ્યારે સનાતન હિંદુ ધર્મની મૂળ લક્ષ્યપ્રાપ્તિ, અંતિમ ધ્યેય તો ફક્ત એક અને એક જ છે - જન્મ-મરણના ફેરાથી છૂટી, મોક્ષ પામવો. માણસ જ્યારે માંસાહારી બને છે ત્યારે તે સંચિત પાપકર્મમાં વૃદ્ધિ કરે છે, જે આખરે તેને જીવનના અંતિમ ધ્યેય-મોક્ષની વિરુદ્ધ દિશામાં લઈ જાય છે. મહાભારતના અનુશાસન પર્વમાં વેદ વ્યાસજીએ માંસાહારનું પાપ કરનારનાં કર્મની સ્પષ્ટ સજા ફરમાવેલી છે.

જે પોતાની ચરબી વધારવા બીજાની ચરબી ખાય છે તે ઘોર નર્કનો અધિકારી બને છે. આવા પાપકર્મનું ફળ – પરિણામ ઉત્તરોત્તર વધતું જ જાય છે કારણ કે, માંસ ભક્ષણ કરનાર જે પ્રાણીનું માંસ ખાય છે તે પ્રાણીના મૃત્યુનો પણ સહભાગી બને છે. ભલે પોતે જાતે તેની હત્યા ન કરી હોય તો પણ જે કોઈ પશુને મારવાનો વિચાર પણ કરે છે, તેનો શિકાર કરે છે કે તેના માંસને વેચે છે, ખરીદે છે, રાંધે છે કે પીરસે છે, તે બધા જ આ પાપના સરખા સહભાગી છે.

આપણાં શાસ્ત્રોમાં મૃત્યુ પછી નર્ક યાતનાઓની જે સ્પષ્ટ વાત વર્ણવેલી છે તે અનુસાર આવા પાપીને મૃત્યુ પછી જે કર્મફળ ભોગવવું પડે છે તેમાં તેણે જે પ્રાણીઓને ખાધાં હશે તે બધાં જ તેના પુનર્જન્મમાં તેને ખાશે.

यादृशं कुरुते कर्म तादृशं फलमश्नुते। - 'માનવી જેવું કર્મ કરે છે તેવું જ ફળ તેને પ્રાપ્ત થાય છે.'

''શાકાહાર.. સર્વ શ્રેષ્ઠાહાર''

**- મિતલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

---

# મહિન્દ્રા જુલાઈ અંતથી BC 6 અને XEV 9e પેક ટુની ડિલિવરી શરૂ કરશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૦૭**

મહિન્દ્રાની ઈલેક્ટ્રિક ઓરિજિન એસયુવી વેલ્યુની દ્રષ્ટિએ ભારતમાં ઈવી માર્કેટમાં લીડર બની ગઈ છે. આ નોંધપાત્ર મોમેન્ટમ પર આગળ વધતા મહિન્દ્રા રૂા. ૨૧.૯૦ લાખની અને રૂા.૨૩.૫૦ આકર્ષક કિંમતે જુલાઈના અંતથી તેની લોકપ્રિય BC 6 અને XEV 9e ઈએસયુવી માટે પેક ટુની ડિલિવરી શરૂ કરી રહી છે.

ગ્રાહકોના મજબૂત ફીડબેકને પ્રતિસાદ આપતા પેક ટુ હવે હાલના ૫૯ kWh વેરિઅન્ટ ઉપરાંત ૭૯ kWh બેટરી વિકલ્પ સાથે પણ ધરાવશે, જે અનુક્રમે ૫૦૦ કિમી અને ૪૦૦ કિમીની વાસ્તવિક સમયની સિટી રેન્જ પૂરી પાડશે. કિંમતોમાં ચાર્જર અને ઈન્સ્ટોલેશન કોસ્ટનો સમાવેશ થતો નથી. ૭.૨ kW અથવા ૧૧.૨ kW એમ બે ચાર્જર વિકલ્પો ચાર્જેબલ બેસિસ પર ઉપલબ્ધ રહેશે. કિંમતો તમામ વેરિઅન્ટ્સની ડિલિવરીના સમયે લાગુપાત્ર રહેશે.

બંને બેટરી વિકલ્પો ડોલ્બી એટમોસ સાથે ૧૬ સ્પીકર હર્મન કાર્ડન સાઉન્ડ સિસ્ટમ, ફુલ ગ્લાસ રૂફ, લેવલ ૨ એડવાન્સ્ડ ડ્રાઈવર આસિસ્ટન્સ સિસ્ટમ્સ (Level 2 ADAS), XEV 9eમાં ટ્રિપલ-સ્ક્રીન વાઈડ સિનેમાસ્કોપ અને BC 6માં રેસ-રેડી ડિજિટલ કોકપિટ સહિત મહિન્દ્રાના એડવાન્સ્ડ ટેક્નોલોજી સ્યૂટ સાથે વ્યાપકપણે સજ્જ છે. મહિન્દ્રા BC 6 પેક થ્રીના પ્રિમીયમ સેજ લેધરેટ ઈન્ટિરિયર્સ સાથે પેક ટુને સમૃદ્ધ કરી રહી છે જે એલિગન્ટ આઈવરી રૂફ ફિનિશ દ્વારા પૂરક છે જે કેબિનની જગ્યામાં તથા આધુનિક અનુભવમાં વધારો કરે છે.

સમગ્ર ભારતમાં ૩૦૦થી વધુ સ્થળોએ ફેલાયેલા મહિન્દ્રાના મજબૂત સર્વિસ નેટવર્ક દ્વારા સમર્થિત ગ્રાહકો ગમે તે રસ્તા પર સંપૂર્ણ માનસિક શાંતિ સાથે ડ્રાઇવ કરી શકે છે.

# નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ અતુલ કંપની ખાતે વૃક્ષારોપણ કરી કંપનીના 'સંજીવની અભિયાન-૨૦૨૫'ની શરૂઆત કરાવી

## સોલાર અને પવન ઊર્જામાં ગુજરાત સમગ્ર દેશમાં પહેલા ક્રમે છેઃ મંત્રી કનુભાઈ દેસાઈ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૭**

નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ અતુલ કંપની ખાતે વૃક્ષારોપણ કરી અતુલ કંપનીના વૃક્ષારોપણના 'સંજીવની અભિયાન-૨૦૨૫'ની શરૂઆત કરાવી હતી. સંજીવની અભિયાન-૨૦૨૪ હેઠળ ગત વર્ષે કંપની દ્વારા ૧.૨૫ લાખથી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા હતા.

વૃક્ષારોપણ પ્રસંગે મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ વૃક્ષારોપણનું મહત્ત્વ સમજાવતા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ક્લાઈમેટ ચેન્જની ચિંતા કરી એશિયાના સૌપ્રથમ કલાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ ગુજરાતમાં શરૂ કરાવ્યું હતું. ગુજરાતમાં સૌપ્રથમવાર સોલાર પોલીસી પણ લાવ્યા હતા. આજે ગુજરાત સમગ્ર દેશમાં સોલાર અને પવન ઊર્જામાં પહેલો ક્રમ ધરાવે છે. સમગ્ર દેશ જ્યારે ઝીરો કાર્બન ઉત્સર્જન તરફ જઈ રહ્યો છે ત્યારે તેમાં અતુલ કંપનીનું 'સંજીવની અભિયાન' દ્વારા મહત્વનું પ્રદાન છે. કંપની દ્વારા વર્ષોથી વૃક્ષારોપણ તો થાય જ છે પણ તેનું જતન પણ કરવામાં આવે છે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વૃક્ષારોપણની સાથે સાથે સામાજીક કાર્યોમાં પણ અતુલ કંપનીનું ઘણું યોગદાન રહ્યું છે. સૌથી મહત્વનું એ છે કે તેઓ સ્થાનિક લોકોને રોજગારીની તકો આપી રહ્યા છે. સામાજિક દાયિત્વની સાથે સાથે આ વિસ્તારના વિકાસમાં પણ ફાળો રહ્યો છે. વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ અને અતુલ કંપનીના મેનેજીંગ ડાયરેક્ટર સુનિલ લાલ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધનો કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં વલસાડ સામાજીક વનીકરણ વિભાગના નાયબ વન સંરક્ષકશ્રી રોહિત આર. ચૌધરી, વીઆઈએના પ્રમુખ સતીષભાઈ પટેલ અને વલસાડ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ સોનલબેન સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડમાં બ્રહ્માકુમારીઝ દ્વારા તણાવ ઘટે વેપાર વધે પરિવાર ખુશ રહે વિષય ઉપર સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો

## વેપારી વર્ગ માટે વિશેષ સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન બ્ર.કુ. હેમલતા દીદીએ માર્ગદર્શન આપ્યું





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૭**

વલસાડ જ્ઞાન ભવનમાં બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર દ્વારા રવિવારે તણાવ ઘટે વેપાર વધે પરિવાર ખુશ વિષય ઉપર વેપારી વર્ગ માટે વિશેષ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઈન્દોરથી ખાસ ઉપસ્થિત રાજપોથીની બ્ર.કુ. હેમલતા દીદી (ક્ષેત્રીય સંયોજક વેપાર ઉદ્યોગ પ્રભાગ)એ મનનીય માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમમાં સુરત વલસાડ સબઝોન સંચાલિકા બ્ર.કુ. રંજન દીદીએ ૧૦ મિનિટના રાજયોગ અભ્યાસ દ્વારા શાંતિની અનુભુતી કરાવી હતી. ઉજ્જૈનથી પધારેલા રાજયોગીની ઉષા દીદીએ ઈશ્વરીય સંદેશ સાથે આશીર્વચન આપ્યા હતા. વલસાડ ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખ શ્રી કાળુભાઈ પટેલ, વલસાડ તાલુકા હોલસેલ વેપારી મહામંડળના પ્રમુખ શ્રી સમીરભાઈ મપારા, ઉપ પ્રમુખ શિવલાલ મેવાડા, મંત્રી પ્રદીપ કોઠારી, સહમંત્રી દિનેશભાઈ ભાનુશાલી, એ.પી.એમ.સી. ડાયરેક્ટર રોહીતભાઈ પટેલ સહિત વિશાળ વેપારી વર્ગ ઉપસ્થિત રહ્યો હતો. કાર્યક્રમને અંતે ઈશ્વરીય ઉપહાર બ્રહ્મભોજન ગ્રહણ કરવામાં આવેલો. કાર્યક્રમનું સંચાલન બ્રહ્માકુમાર વિનુભાઈએ કર્યું હતું. હેમલતા દીદીએ જણાવ્યું હતું કે, વેપાર ઉદ્યોગ દેશનું અર્થતંત્ર છે. કરોડરજ્જુ છે. નવો વ્યવસાય પ્રારંભે શુભ-લાભ લખાય છે. વાસ્તવમાં આપણે લાભને મહત્ત્વ આપીએ છીએ. શુભને ગૌણ ગણીએ છીએ. ધન કમાયું એ મહત્ત્વનું છે. કેટલું કમાયા એ મહત્ત્વનું નથી.

# વલસાડ કોળી પટેલ સમાજ દ્વારા ૧૨૧ તેજસ્વી તારલાઓનું અને વિશિષ્ટ પ્રતિભાઆનું કરાયું સન્માન





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૭**

વલસાડ તાલુકા કોળી પટેલ સમાજ પ્રગતિ મંડળના ઉપક્રમે સમાજના ૧૨૧ જેટલા તેજસ્વી તલ્લાઓ અને વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર તેજસ્વી પ્રતિભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કોળી પટેલ સમાજના તેજસ્વી તારલાઓને સન્માનિત કરી પ્રોત્સાહિત કરતા સમાજના પ્રમુખ અને વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમાજનો વિકાસ ત્યારે જ શક્ય બનશે, જ્યારે દરેક વ્યક્તિ શિક્ષિત બનશે. દરેક સમસ્યાનો હલ શિક્ષણમાં રહેલો છે. કોળી પટેલ સમાજના દર વર્ષે તેજસ્વી છાત્રોઓ અને વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર પ્રતિભાઓની સંખ્યા વધી રહી છે. તે સમાજના વિકાસનું પ્રતિબિંબ દર્શાવે છે. તેમણે કોળી સમાજના છાત્રો માટે આગામી નજીકના ભવિષ્યમાં આઈએએસ અને આઈપીએસના કોચિંગ ક્લાસો શરૂ કરવા જાહેરાત કરી હતી.

વલસાડ ખાતે તિથલ રોડ પર આવેલ કોળી પટેલ સમાજની વાડી ખાતે ધોધમાર વર્ષે વરસાદ વચ્ચે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત સમાજના લોકો અને છાત્રોને સંબોધન કરતા ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલે જણાવ્યું હતું કે, અન્ય વિકસિત સમાજની સરખામણીમાં હજુ કોળી સમાજ પાછળ છે. સમાજના તેજસ્વી છાત્રોની સંખ્યા વધે અને દર વર્ષે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં ડૉક્ટર, એન્જિનિયર અને પીએચડીના વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જોવા મળે ત્યારે સૌને આનંદ થાય છે. તેમણે કહ્યું કે વલસાડ તાલુકા કોળી પટેલ સમાજ દ્વારા સમાજ ઉપયોગી અનેક પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત દર વર્ષે સર્વ જ્ઞાતિ સમૂહલગ્નનું પણ આયોજન કરાય છે. અત્યાર સુધીમાં નવ સમૂહ લગ્નના માધ્યમથી ૧૨૦૦ જેટલી દીકરીઓના લગ્ન આપણે કરાવ્યા છે. જેમાં ૪૦૦ જેટલી દીકરીઓ કોળી સમાજની છે. વલસાડ તાલુકા કોળી સમાજની સ્થાપનાના ૫૦ વર્ષ પૂરા થયા છે. તે નિમિત્તે આખું વર્ષ સુવર્ણ જયંતી વર્ષ તરીકે આપણે અનેક કાર્યક્રમો કરવાના છે.

આ પ્રસંગે વલસાડના જાણીતા ડોક્ટર શ્રી જયંતભાઈ પટેલે સમાજના તેજસ્વી તારલાઓને બિરદાવી ઉચ્ચ શિક્ષણ સુધી આગળ વધવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં સુરતના કાર્યપાલક ઈજનેર શ્રી કીર્તેશભાઈ પટેલ, બિનવાડાના ઉદ્યોગપતિ શ્રી વિપુલભાઈ પટેલ, ડો.કાર્તિકભાઈ પટેલ, ડો.રીહેનભાઈ પટેલ, ડો. ધ્રુવિનભાઈ પટેલ, ડો. પિનલ પટેલ, ડો.એકતાબેન પટેલ, ડો. અશ્તી પટેલ, સુરત સ્થિત બેન્ક ઓફ બરોડાના ચીફ મેનેજર શ્રી નયનભાઈ પટેલ, આણંદ કોલેજના એચ.ઓ.ડી. શ્રી પ્રવીણભાઈ પટેલ, નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી જીલશનભાઈ પટેલ, સરપંચ સંઘના પ્રમુખ શ્રી વિનોદભાઈ પટેલ, વલસાડ કલેક્ટર કચેરીના મામલતદાર શ્રી પ્રવીણભાઈ પટેલ, શ્રી કેયુરભાઈ પટેલ, વલસાડ તાલુકા ખેડૂત સમાજના મંત્રી શ્રી રૂપેશભાઈ પટેલ વગેરે હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં સમાજના દાતાઓ તરફથી દાનની સરવાણી વહી હતી. જેમાં ત્રણ લાખ રૂપિયા દાનની રકમ પ્રાપ્ત થઈ હતી.

આ કાર્યક્રમમાં ધોરણ ૧૦ના ૪૫, ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના ૪૦ અને સામાન્ય પ્રવાહના ૧૩, છાત્રોને રોકડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જ્યારે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનારા પાંચ ડોક્ટરો ચાર પીએચડીના વિદ્યાર્થીઓ રમતગમત, સંગીત, જીપીએસસીમાં ઉત્તિર્ણ થનાર એક મળી કુલ ૨૩ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર તેજસ્વી છાત્રોનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. આ ઉપરાંત તાજેતરમાં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ચૂંટાયેલા સરપંચોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા સમાજના ઉપપ્રમુખ શ્રી શશીકાંતભાઈ પટેલ, મંત્રી શ્રી રામુભાઈ પટેલ, સહમંત્રી શ્રી રોહિતભાઈ પટેલ, ખજાનચી શ્રી ચંદુભાઈ પટેલ, આંતરિક ઓડિટર શ્રી આશિષભાઈ પટેલ, પ્રોજેક્ટ કન્વીનર શ્રી યોગેશભાઈ પટેલ, સહ કન્વીનર શ્રી દીપકભાઈ પટેલ ઉઠાવી હતી.

આભાર વિધિ મંડળના મંત્રી શ્રી રામુભાઈ પટેલે કરી હતી. જ્યારે કાર્યક્રમનું સંચાલન શ્રી શશીભાઈ પટેલ અને યોગેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સલવાવ પ્રિ-સ્કૂલ દ્વારા અષાઢી એકાદશી નિમિતે શ્રી વિઠ્ઠલ ભગવાનની પાલખી નીકળી





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૭**

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સલવાવ પ્રિ-સ્કૂલમાં અષાઢી એકાદશી ચાતુર્માસ પ્રારંભ અવસરે શ્રી વિઠ્ઠલ ભગવાન પાલખીનું આયોજન આચાર્યા નીતુ સિંગનાં અધ્યક્ષપણા હેઠળ કરવામાં આવ્યુ હતું.

અષાઢી એકાદશી, જેને દેવશયની એકાદશી તરીકે પણ ઓળખવામાં આવે છે, આ પવિત્ર પાવન દિવસ નિમિતે શાળા પરિસરમાં ભગવાન વિઠ્ઠલની મહિમા ગાન કરી પૂજ્ય રામકૃષ્ણદાસજી દ્વારા આરતી તેમજ ભગવાન વિઠ્ઠલ અને રૂખમાઈની પાલખી તૈયાર કરવામાં આવી હતી તેમજ સિનિયર કેજીના બાળકોએ ભગવાન વિઠ્ઠલના મહત્વને વર્ણવતો એક નાટક રજૂ કર્યો હતો. શાળાની બાળાઓએ પરંપરાગત મહારાષ્ટ્રીયન નવવારી સાડી પહેરીને નૃત્ય રજૂ કર્યું. બાળકોએ ''વિઠ્ઠલ વિઠ્ઠલ''નો મંત્ર ગાન કર્યો અને ભક્તિ આનંદમાં ખોવાઈ ગયા હતા.

આ કાર્યક્રમના આયોજન બદલ સંસ્થાના આદ્યસ્થાપક પૂરાણી સ્વામી કેશવરચરણદાસજી, મેનેજીંગ ટ્રસ્ટી પૂ.સ્વામી કપિલજીવનદાસજી, સ્વામી રામ કૃષ્ણદાસજી, સ્વામી હરિ કૃષ્ણદાસજી, માધવ કૃષ્ણદાસજી, ટ્રસ્ટીગણ, એકેડેમિક ડાયરેકટરશ્રી ડૉ.શૈલેષ લુહાર, એડમીન ડાયરેક્ટર હિતેનભાઈ ઉપાધ્યાય તથા આચાર્યગણ વગેરેએ પ્રિ-સ્કૂલનાં શિક્ષકો અને આચાર્યની કામગીરીને બિરદાવી હતી.



# વલસાડ રોટરી કલબ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૭**

વલસાડ રોટરી ક્લબની નવી ટર્મમાં પ્રથમ દિવસે રોટરી હોલ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રોટરી ક્લબ ઓફ વલસાડ દ્વારા ૫૫ યુનિટ રક્ત એકત્ર કરાયું હતું.

વલસાડ રક્તદાન કેન્દ્રની ટીમ દ્વારા આ કેમ્પમાં સેવા આપવામાં આવી હતી. પ્રોજેક્ટ ચેરમેન તરીકે રોટેરીયન અજય તોલાનીએ કેમ્પનું આયોજન કર્યું હતું. આ કેમ્પમાં રોટરી ક્લબ ઓફ વલસાડની સાથે ઈનરવ્હીલ ક્લબ ઓફ વલસાડ અને રોટરેક્ટ ક્લબ ઓફ વલસાડ તથા ઈન્ટરેક્ટ ક્લબ ઓફ વલસાડનો સહયોગ મળ્યો હતો. આ સાથે નેશનલ ડોક્ટર્સ-ડે અને નેશનલ ચાર્ટર એકાઉન્ટન્ટ-ડે ની પણ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રોટરી ક્લબના ૧૫ ડોક્ટર્સ અને CA ને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.




# વલસાડના પારનેરાની સાર્વજનિક માધ્યમિક શાળામાં મહેંદી સ્પર્ધા યોજાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૭**

વલસાડ તાલુકાના પારનેરા ગામની સાર્વજનિક માધ્યમિક શાળાના આચાર્ય શ્રી કિરીટકુમારના માર્ગદર્શન હેઠળ આંતર શાળાકીય મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનું સંચાલન શિક્ષિકા નયનાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

સ્પર્ધામાં ધોરણ ૯ થી ૧૨ સુધીના કુલ ૧૬ વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. તમામ વિદ્યાર્થીએ મહેંદી કલામાં પોતાની રૂચિ, કલ્પનાશક્તિ અને કૌશલ્યને ઝળકાવ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે આચાર્ય કિરીટકુમાર તથા શિક્ષિકા નીતાબેને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓની મહેંદી કળાનું સર્વાંગી મૂલ્યાંકન કરી પરિણામ જાહેર કર્યું હતું. હાયર સેકન્ડરી વિભાગમાં પ્રથમ ક્રમ ધોરણ ૧૨ - કૃપા જે. નાયક, દ્વિતીય ક્રમ ધોરણ ૧૧ - વંશિકા એન. રાઠોડ અને સેકન્ડરી વિભાગ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના વિજેતાઓને પણ પસંદ કરીને વિજેતા જાહેર કરાયા હતા. આ સ્પર્ધાએ વિદ્યાર્થીઓને પોતાની કળાને વ્યક્ત કરવાની એક ઉત્તમ તક પૂરી પાડી હતી.

સમગ્ર કાર્યક્રમથી શાળાનો માહોલ સર્જનાત્મકતાથી છલકાઈ ઉઠ્યો હતો. શાળાના આચાર્ય કિરીટકુમાર, શિક્ષિકા નયનાબેન પટેલ, નીતાબેન, મીતાબેન અને સહભાગી તમામ વિદ્યાર્થીઓને કાર્યક્રમની સફળતા માટે હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ઉમરગામ અંકલાસના ખેડૂત હસમુખભાઈ પટેલે યુવા ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે અભિયાન છેડ્યું

## પોતાના તથા આસપાસના ગામમાં ઘરે ઘરે જઈ યુવા ખેડૂતોને પોતાના મોડલ ફાર્મ પર બોલાવી માર્ગદર્શન આપ્યું




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૭**

વલસાડ જિલ્લામાં પ્રાકૃતિક ખેતીની ધૂણી ધખાવનાર ઉમરગામ તાલુકાના અંકલાસ ગામમાં મણિબા પ્રાકૃતિક કૃષિ કેન્દ્રના પ્રગતિશીલ ખેડૂત હસમુખભાઈ પટેલ દ્વારા પોતાના વિસ્તારમાં ૧૨૫ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થાય તે માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. તેમના દ્વારા વખતોવખત નીત નવા પ્રયોગ કરવામાં આવતા હોય છે. હાલમાં તેમના દ્વારા યુવા પેઢી પર વિશેષ ફોક્સ કરવામાં આવ્યો છે. જે અંગે હસમુખભાઈ પટેલે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીનો વારસો આપણી ભાવિ પેઢીમાં આવે તે ખૂબ જ જરૂરી છે. રાસાયણિક ખેતીથી માનવી અને જમીન બંનેનું સ્વાસ્થ્ય જોખમમાં છે જેથી પ્રાકૃતિક ખેતી જ એક માત્ર શ્રેષ્ઠ વિકલ્પ છે. જેથી યુવા પેઢી આ અંગે જાગૃત બને એ ખૂબ જરૂરી છે. જેથી હું મારા તથા આસપાસના ગામોમાં ઘરે ઘરે ફરીને યુવા પેઢીને મારા પ્રાકૃતિક ખેતીના જંગલ મોડલ ફાર્મમાં આમંત્રિત કર્યા હતા. જેઓને પ્રાકૃતિક ખેતી માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખેતરમાં મિશ્ર પાક વિશે ઉત્પાદન કરી વધુમાં વધુ પાકો લેવા માટે જાણકારી આપવામાં આવી હતી. દરેક યુવા ખેડૂતોને વિનામૂલ્ય જીવામૃતનું વિતરણ કરવામાં આવ્યું તેમજ સરકારશ્રીની વિવિધ યોજનાઓ તથા વલસાડ જિલ્લા આત્મા પ્રોજેક્ટ તરફથી અપાતી તમામ માહિતીઓનું રસપાન કરવામાં આવ્યું હતું.

# વલસાડ મોગરાવાડી ગરનાળા પાસે રેલવે ટ્રેક પરથી પંકજ શાહની લાશ મળી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૭**

વલસાડ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં. પાંચના આગળ મોગરાવાડી ગરનાળાની પાસે નવી ગુડ્સ રેલવે લાઈન ક્રોસ થાંભલા નં. ૨૩૩/ ૧૫ પાસે સુરતથી મુંબઈ જતા નવી ગુડ્સ રેલવે ટ્રેક ઉપર તા.૧૩-૦૫-૨૦૨૫ના રોજ ૨૧/૫૫ કલાકે વલસાડના મોગરાવાડી ખાતે રહેતો ૨૯ વર્ષીય પંકજકુમાર રવિન્દ્ર શાહ (મૂળ રહે. ગામ સતરોડ ખાસ, તા.જિ.હિસાર, હરિયાણા)ની લાશ બિનવારસી હાલતમાં મળી આવી હતી. જેના વાલી વારસોની વલસાડ સિટી પોલીસે શોધખોળ કરી હતી પરંતુ કોઈ ભાળ મળી ન હતી. મૃતક પંકજકુમાર શાહ પાંચ ફૂટ પાંચ ઈંચ ઉંચાઈ, લંબગોળ ચહેરો, ઘઉંવર્ણ અને માથે ટૂંકા વાળ ધરાવે છે. શરીરે ભુરા તથા સફેદ કલરનો ફૂલ બાયનો શર્ટ તથા ભુરા રંગનો જિન્સ પેન્ટ પહેર્યો હતો. જે કોઈને પણ તેમની ભાળ મળે તો વલસાડ સિટી પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

વર્તમાન પ્રવાહ
તંત્રી લેખ

# દેશના મોટા ભાગના ઉદ્યોગોમાં યોગ્ય કુશળ કારીગરોનો અભાવ

## કુશળ કારીગરોની ખાઈ પૂરવા માટે શિક્ષણ ક્ષેત્રમાં આમૂલ સુધારણાં કરી પુસ્તકિયાં જ્ઞાનને બદલે વ્યવસાયી કૌશલ્યનાં ઘડતર પર ભાર મૂકનારી વ્યવસ્થા વિકસાવવી જરૂરી


**રો**જગાર સર્જનને ઉત્તેજન આપવા અને ઔદ્યોગિક સંશોધનને જોમ આપવા માટે કેન્દ્ર સરકારે રૂપિયા એક- એક લાખ કરોડની બે યોજના જાહેર કરી છે. રોજગાર સંલગ્ન પ્રોત્સાહન યોજના મારફત ઓગસ્ટ-૨૦૨૫થી જુલાઈ, ૨૦૨૭નાં બે વર્ષમાં ૩૫૦ લાખ નોકરી પેદા કરવાની સરકારની નેમ છે, જેમાંથી ૧૯૨ લાખ પ્રથમ વખત નોકરી મેળવનારા હશે. આ યોજના અન્વયે સંગઠિત ક્ષેત્રે નોકરીમાં દાખલ થનારા પ્રત્યેક નવા કર્મચારીને રૂા. ૧૫,૦૦૦ સુધીનો એક મહિનાનો પગાર બે ટુકડે બક્ષિસ તરીકે અપાશે. આ જ યોજનાના બીજા હિસ્સામાં માલિકોને નવા ભરતી કરેલા પ્રત્યેક કર્મચારી દીઠ બે વર્ષ સુધી મહિને રૂા. ૩૦૦૦ પ્રોત્સાહન તરીકે અપાશે. સરકારી પ્રોત્સાહનો દ્વારા સાડા ત્રણ કરોડ નોકરી પેદા કરવાનો લક્ષ્યાંક વધુ પડતો આશાસ્પદ લાગે છે. વાસ્તવમાં આ યોજના ગયાં વર્ષનાં બજેટમાં જાહેર થઈ હતી. આ તેનું પાણી નાખેલું સ્વરૂપ છે. તેજસ્વી અર્થશાસ્ત્રી અને પત્રકાર સ્વામીનાથન ઐય્યરે ગયા વર્ષે મુંબઈમાં કેટલાક ઉદ્યોગપતિઓને સીધું જ પૂછયું કે, આ જાહેરાતોને પગલે તમે કેટલા નવા માણસોને નોકરીએ રાખશો? જવાબ મળ્યો કે, એક પણ નહીં. અમે ઓફિસમાં કે ફેક્ટરીમાં જેટલા લોકોની જરૂર હશે એટલા જ રાખીશું. સરકારી સબસિડીનો લાભ લેવા વધારાનો માણસ નહીં રાખીએ. સબસિડી નવા કર્મચારીનો બધો ખર્ચ પૂરો પાડતી નથી અને પાડે તો પણ કામ વગરનો માણસ ઓફિસનું વાતાવરણ બગાડવા સિવાય કશું કરવાનો નથી. એક જણે કહ્યું કે, મને ચીનના માલ પર એન્ટિડમ્પિંગ ડ્યૂટી જોઈએ છે, નવી ભરતી માટેની સબસિડી મને કામ નહીં લાગે. બીજાએ કહ્યું કે, મને કુશળ ઘડાયેલા કારીગરો જોઈએ, નવાસવા ન ચાલે. એક આડવાત. માલિકોને પ્રોત્સાહન અપાય તે સમજાય, પણ નોકરી મેળવનારાને શા માટે આપવાનું? લાખો યુવાન સંગઠિત ક્ષેત્રે નોકરી મેળવવા આતુર છે. તેમને આવી બક્ષિસની જરૂર જ નથી. આનો અર્થ એવો નથી કે, આ યોજનાઓ કાગળ પર જ રહેશે. ઉદ્યોગપતિઓ સબસિડી વગર પણ જે ભરતી કરવાના હતા, તે તો કરશે જ અને પછી સરકાર પાસે સબસિડી માગશે. સરકાર તેને પોતાની નીતિની સફળતા ગણાવશે. માત્ર પ્રોત્સાહનોને કારણે ખરેખર કેટલી નવી રોજગારી પેદા થઈ તે કદી જાણી શકાશે નહીં અને જાણવાની જરૂર પણ કોને છે? નોકરી મેળવનારા, આપનારા અને અપાવનારા સૌ ખુશ હશે. એનું નામ રાજકારણ.

ભારતમાં રોજગારી આડેના ખરા અવરોધો બહુ જાણીતા છે. આવી યોજનાઓ વડે તેમને પાર કરી શકાય તેમ નથી. જો ધંધાકીય વાતાવરણ વધુ પારદર્શક, આગાહીપાત્ર અને રોકાણને અનુકૂળ બને તો કંપનીઓને ઉત્પાદન વધારવાનો અને નવી ભરતીનો ઉત્સાહ રહે. બીજી જરૂરિયાત કુશળ કારીગરોની ઉપલબ્ધિની છે. એક તરફ લાખો શિક્ષિત બેકારની મોટી ફૌજ છે અને બીજી બાજુ મોટા ભાગના ઉદ્યોગોમાં યોગ્ય કુશળ કારીગરો મળતા નથી. આ ખાઈ પૂરવા માટે શિક્ષણ ક્ષેત્રની આમૂલ સુધારણા કરવી પડે. પુસ્તકિયાં જ્ઞાનને બદલે વ્યવસાયી કૌશલ્યનાં ઘડતર પર ભાર મૂકનારી વ્યવસ્થા વિકસાવવી પડે. ત્રીજી જરૂરિયાત આખા દેશમાં સમાનપણે લાગુ પડતા લવચીક કામદાર કાયદાઓની છે. હાલના કાયદા એટલા બધા કામદાર તરફી છે કે, નવી ભરતી કરતાં પહેલાં માલિકો બે વાર વિચાર કરે, તેથી નિયમિત નોકરીને બદલે કોન્ટ્રાક્ટ કર્મચારીઓનું પ્રમાણ વધી રહ્યું છે. મોદી સરકારે તૈયાર કરેલા સુધારિત ચાર શ્રમિક કાયદામાં પણ આનો ઉકેલ નથી અને તે પણ હજી અમલમાં મૂકાયા નથી.

# ભગવાન શ્રીકૃષ્ણને ગાંધારીએ શ્રાપ આપ્યો હતો..

**હિ**ન્દુ પૌરાણિક ગ્રંથોમાં અનેક વરદાન અને શ્રાપોનું વર્ણન જોવા મળે છે. આ શ્રાપ અને વરદાનોની પાછળ કોઈને કોઈ વાર્તા અને કારણ હોય છે. આ શ્રાપ અને વરદાનોની પાછળ ભવિષ્યમાં ઘટનાર ઘટના કારણભૂત હોય છે. નિરાકાર પ્રભુ પરમાત્માને સંતપ્રેમ આકાર આપે છે. નિર્ગુણ-નિરાકાર પરમાત્મા સંતો-ભક્તો માટે સગુણ-સાકાર બને છે, પરમાત્મા ધરતી ઉપર નિરાકારમાંથી સાકાર થાય છે.

મહાભારતનું યુદ્ધ પુરૂ થયા પછી ભગવાન શ્રીકૃષ્ણ ગાંધારી અને ધૃરાષ્ટ્રને સાંત્વના આપવા જાય છે ત્યારે પોતાના સો પુત્રો મૃત્યુ પામ્યા હતા તેનું કારણ શ્રીકૃષ્ણ છે તેમ માની ગાંધારી ભગવાન શ્રીકૃષ્ણને શ્રાપ આપે છે કે જેવી રીતે પાંડવો અને કૌરવો પિતરાઈ ભાઈઓ હોવા છતાં અંદરોઅંદરના વિખવાદના કારણે નષ્ટ થયા છે તેવી જ રીતે તમારા બંધુ-બાંધવો પણ અંદરોઅંદર લડીને નષ્ટ થશે, આજથી છત્રીસ વર્ષ પછી હે કૃષ્ણ તમે પણ પોતાના બંધુ-બાંધવો તથા પુત્રોનો નાશ થતો જોશો અને તમે પણ એક અનાથની જેમ એક સાધારણ કારણથી મૃત્યુ પામશો. દુર્યોધનના સ્વર્ગવાસ પછી ધૃતરાષ્ટ અને ગાંધારીને સાંત્વના આપવા હસ્તિનાપુર જાય છે. ભીમસેને મહાબળવાન દુર્યોધનને ગદાયુદ્ધના નિયમોનો ભંગ કરીને મારી નાખ્યા પછી યુધિષ્ઠિર ઘણા જ ભયભીત થાય છે. ગાંધારી મહાતપસ્વીની હતી અને પોતાના તપના પ્રભાવથી ત્રણે લોકને બાળી નાખવા સમર્થ હતી. ક્રોધથી બળી રહેલી ગાંધારીને પ્રથમથી જ શાંત પાડવી જરૂરી હતી. યુધિષ્ઠિરે વિચાર્યું કે, અમે તેમના પૂત્રનો અન્યાયથી વધ કર્યો છે એ વાત સાંભળીને એ જો ક્રોધાયમાન થઈ જશે તો પોતાના માનસિક અગ્નિ થી અમોને બાળીને ભસ્મ કરી નાખશે એવો વિચાર કરીને ગાંધારીને શાંત પાડવા માટે ભગવાન શ્રીકૃષ્ણને હસ્તિનાપુર મોકલે છે. ભગવાન શ્રીકૃષ્ણ હસ્તિનાપુર પહોંચે ત્યાર પહેલાં



મહર્ષિ વેદવ્યાસને ગાંધારીએ શ્રાપ આપવાની જે ઈચ્છા કરી હતી એવા પાંડવો પ્રત્યેના ગાંધારીના અશુભ અભિપ્રાયને પ્રથમથી જ જાણી લઈને તેઓ મનસમાન વેગને ધારણ કરીને હસ્તિનાપુર આવી પહોંચ્યા હતા. ભગવાન વેદવ્યાસ સર્વ પ્રાણીઓના હૈયામાં રહેલા આશયને દિવ્યદ્રષ્ટિથી જોઈ શકતા હતા. શ્રીકૃષ્ણે પ્રથમ વ્યાસજીના દર્શન કરીને તેમનો તથા ધૃતરાષ્ટનો ચરણસ્પર્શ કર્યો તથા વ્યગ્ર થયા વિના ગાંધારીને પણ વંદન કર્યા અને દુર્યોધનના મૃત્યુનો શોક પ્રદર્શિત કરી ધૃતરાષ્ટ અને ગાંધારીને આશ્વાસન આપ્યું અને કહ્યું કે મારા શાંતિ પ્રસ્તાવને તથા તમારી વાત માની હોત તો દુર્યોધનની આ દશા ના થતી. હવે જે થયું તે ખરૂં. તમારા તપનું બળ એટલું બધું છે કે તમે માત્ર ક્રોધથી પ્રદિપ્ત થયેલા નેત્રોથી સચરાચર પૃથ્વીને ક્ષણવારમાં બાળી નાખવા સમર્થ છો તેમ હોવા છતાં પાંડવોના નાશ કરવાનો વિચાર ના કરશો. શ્રીકૃષ્ણની વાત સાંભળીને ગાંધારીનો ક્રોધ શાંત થયો. શ્રીકૃષ્ણે જો શાંતિપૂર્વક શબ્દોથી ગાંધારીને સમજાવી ના હોત તો એ પાંડવોનો ક્રોધાતુર થઈને સર્વનાશ કરી નાખત પરંતુ શ્રીકૃષ્ણે પાંડવોને ઉગારી લીધા.

ગાંધારીએ કહ્યું કે, હે કૃષ્ણ તમે જ્યારે શાંતિ પ્રસ્તાવ લઈને આવ્યા હતા અને નિષ્ફળ થઈને ઉપલવ્યપુર પાછા ગયેલા ત્યારે જ મારા બળવાન પુત્રો મરણને શરણ થશે તેનો મને ખ્યાલ આવી ગયો હતો. દાદા ભિષ્મે અને મહાબુદ્ધિમાન વિદુરજીએ મને જણાવ્યું હતું કે, તમે તમારા પુત્રો પરના સ્નેહને હવે છોડી દેજો. એમની ભવિષ્યવાણી સત્ય થઈ છે. આમ હોવા છતાં આ મહાસંહારનો તમામ દોષ શ્રીકૃષ્ણનો જ છે એમ માનીને અતિશય કોપાયમાન થઈને ગાંધારીએ કહ્યું કે, પાંડવો અને કૌરવો પરસ્પર વેર કરીને મૃત્યુ પામ્યા તો પણ તમે શા માટે તેમના



**હિન્દુ પૌરાણિક ગ્રંથોમાં વર્ણવેલ મુખ્ય પંદર શ્રાપ..**
ભાગ- ૫, ૬
આલેખનઃ
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી તા. શહેરા, જિ. પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

નાશની ઉપેક્ષા કરી? તમે સર્વશક્તિમાન હતા, સમાધાન કરવામાં સમર્થ હતા છતાં પણ તમે જાણી જોઈને કુરૂવંશના નાશની ઉપેક્ષા કરી છે તેનું ફળ તમારે ભોગવવું પડશે. મેં મારા પતિની સેવા દ્વારા આજ સુધી જે તપોબળ પ્રાપ્ત કર્યું છે તે દુર્લભ તપોબળના સામર્થ્યથી તમોને શ્રાપ આપું છું કે કૌરવો અને પાંડવો એકબીજાનો સંહાર કરવા તત્પર થયા ત્યારે તમે તેમની ઉપેક્ષા કરી છે માટે તમારા બંધુ-બાંધવો પણ અંદરોઅંદર લડીને નષ્ટ થશે, આજથી છત્રીસ વર્ષ પછી હે કૃષ્ણ તમે પણ પોતાના બંધુ-બાંધવો તથા પુત્રોનો નાશ થતો જોશો અને તમે પણ એક અનાથની જેમ એક સાધારણ કારણથી મૃત્યુ પામશો. ભરત કુળની સ્ત્રીઓ પોતાના પતિઓ, પુત્રો અને સબંધીઓનો નાશ થવાથી રોક્કળ કરે છે તેમ તમારા યાદવ કુળની સ્ત્રીઓ તેવા જ હેતુથી રાક્કળ કરશે. ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે, જેને માટે મેં પ્રથમથી જ નિશ્ચય કરેલો તે કાર્યને તમે શ્રાપ દ્વારા સિદ્ધ કર્યું છે. હું જાણું છું કે યાદવો તેવા દૈવીયોગથી જ નાશ પામવાના છે. યાદવ કુળનો નાશ કરી શકે તેવો મારા વિના બીજો એક પણ પુરૂષ આ જગતમાં નથી. મનુષ્યો-દેવો કે દાનવો યાદવોનો નાશ કરવા સમર્થ નથી, તેઓ પરસ્પર યુદ્ધ કરીને જ નાશ પામશે માટે હવે શોકને દૂર કરો. કૌરવો ફક્ત તમારા અપરાધથી નાશ પામ્યા છે. દુર્યોધન દુરાત્મા, અત્યંત અભિમાની, પાપી અને ઈર્ષાળુ હતો તો પણ તમે તેનું સન્માન કરતા હતા અને તેને સૌથી સારો માનતા હતા. તમામની સાથે વેર કરનાર અને વૃદ્ધ પુરૂષોનું અપમાન કરનારા એ દુષ્ટ પુરૂષને સારો માનીને તમે મારા ઉપર ખોટું દોષારોપણ કરો છો. જે મનુષ્ય પોતાના મરી ગયેલા કે નાસી ગયેલા સબંધીઓનો શોક કરે છે તે ઘણું જ દુઃખ પામે છે.

### (૬) મહર્ષિ વિશ્વામિત્ર-કણ્વ અને નારદજીએ યાદવોના વિનાશ માટે શ્રાપ આપ્યો હતો

આ કથા ક્રમમાં અન્ય એક શ્રાપ મહાભારતના મૌસલ પર્વમાં વર્ણવેલ છે. એકવાર મહર્ષિ વિશ્વામિત્ર-કણ્વ અને નારદ ઋષિ દ્વારીકા ગયા હતા. તેમને જોઈને દૈવયોગે સારણ વગેરે યુવાનો વીર સામ્બને સ્ત્રીનાં કપડાં પહેરાવી ઋષિઓ સન્મુખ લઈ જઈને કહે છે મહર્ષિઓ! આ મહાતેજસ્વી બભ્રુની પત્ની છે. બભ્રુની ઘણી ઈચ્છા છે કે તેના ઘેર પુત્રનો જન્મ થાય જેથી આપ એ બતાવો કે આ સ્ત્રીના ગર્ભથી શું જન્મશે? ઋષિઓને ખ્યાલ આવી ગયો કે આ યુવાનો આપણી મશ્કરી કરે છે તેથી મુનિઓએ ક્રોધમાં આવી કહ્યું કે મૂર્ખો ! આ શ્રીકૃષ્ણનો પુત્ર સામ્બ વૃષ્ણિ અને અંધકવંશી પુરૂષોનો નાશ કરવા માટે લોખંડનું એક ભયંકર મૂસલ ઉત્પન્ન કરશે. જેના દ્વારા તમારા જેવા દુરાચારી-ક્રૂર અને ક્રોધી લોકો પોતાના સમસ્ત કૂળનો સંહાર કરશે. ફક્ત બલરામ અને શ્રીકૃષ્ણ ઉપર તેની કોઈ અસર નહીં થાય. બલરામજી તો પોતે શરીરનો પરીત્યાગ કરી સમુદ્રમાં પ્રવેશ કરી જશે અને મહાત્મા શ્રીકૃષ્ણ જ્યારે પિપળાના વૃક્ષ નીચે ભૂમિ ઉપર શયન કરતા હશે ત્યારે જરા નામનો પારધી તેમને બાણથી વિંધી નાખશે. આવું કહીને મુનિઓ ભગવાન શ્રીકૃષ્ણને મળે છે અને સર્વ વૃતાંત કહે છે. આ સમાચાર સાંભળીને મધુસૂદને વૃષ્ણિવંશીઓને કહ્યું કે હવે આપણો અંત નજીક છે કારણ કે ઋષિઓનું વાક્ય મિથ્યા થતું નથી. બીજા દિવસે સામ્બે મૂસલ ઉત્પન્ન કર્યુ. યાદવોએ આ સમાચાર ઉગ્રસેનને આપ્યા. ઉગ્રસેનને ઘણું જ દુઃખ થયું અને તેમને મૂસલનું ચૂર્ણ બનાવીને સમુદ્રમાં ફેકી દેવડાવ્યું જેમાંથી એરકા નામની તિક્ષ્ણ ધારદાર પર્ણવાળી વનસ્પતિ ઉગી. ઉગ્રસેન-બલરામ અને શ્રીકૃષ્ણે નગરમાં જાહેરાત કરાવી કે આજથી કોઈપણ નગરવાસી શરાબ અને મદિરા નહી બનાવે. જે કોઈ મનુષ્ય છુપાઈને પણ આ પીણું બનાવશે તેને મોતની સજા કરવામાં આવશે. શ્રીકૃષ્ણને લાગ્યુ ગાંધારીએ જે શ્રાપ આપ્યો હતો તેને પુરો થવાનો સમય છત્રીસમું વર્ષ આવી ગયું છે તેમ વિચારી યાદવોને તીર્થયાત્રા કરવાની આજ્ઞા આપી. તમામ લોકો સમુદ્રના કિનારે પ્રભાસતીર્થમાં જવાની તૈયારી કરી. ત્યાં ગયા પછી સાત્યકિએ અભિમાનમાં આવી કૃતવર્માની મશ્કરી અને અનાદર કર્યો તથા ક્રોધના આવેશમાં આવી તલવારથી કૃતવર્માનું મસ્તક કાપી નાખ્યું. ત્યારબાદ અન્ય વીરોને પણ મારી નાખ્યા. આમ તમામ યાદવો અંદરોઅંદર ઝઘડવા લાગ્યા. હથિયાર ન મળ્યા તે એરકાને ઉપાડીને મારવા લાગ્યા અને આમ છપ્પન પ્રકારના યાદવોનો વિનાશ થયો. બલરામજી યોગયુક્ત સમાધિ લગાવીને બેસી ગયા. શ્રીકૃષ્ણના જોતાં જ તેમના મુખમાંથી એક સફેદ રંગનો હજાર મસ્તકવાળો સાપ નીકળે છે અને સમુદ્રમાં સમાઈ જાય છે. ભગવાન શ્રીકૃષ્ણ પરમધામ જવા માટે મન-વાણી અને ઈન્દ્રિયોનો સંયમ કરી સમાધિનું અવલંબન કરી પૃથ્વી ઉપર સૂઈ ગયા તે સમયે એક જરા નામનો પારધી મૃગનો શિકાર કરવા તે જગ્યાએ આવે છે અને દૂરથી મૃગ સમજીને બાણ મારે છે. આ રીતે શ્રીકૃષ્ણ પરમધામમાં ચાલ્યા ગયા.

# દુનિયા આપણને એક પરિપક્વ લોકશાહી તરીકે જુએ છે ત્યારે અહીં કાયદાનું શાસન હોવું જોઈએ, કાયદા સમક્ષ સમાનતા હોવી જોઈએ અને દરેક ગુનાની તપાસ થવી જોઈએ: ઉપ રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ

**■ ન્યાયાધીશ સાથે વ્યવહાર કરવા બંધારણીય પદ્ધતિ સાથે આગળ વધવું એ ઉકેલ નથી; પૈસાનો સ્ત્રોત શું છે? તે કોના હતા?: ઉપ રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ**

**■ રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ એકમાત્ર બે બંધારણીય પદો છે જે બંધારણના સંરક્ષણ, રક્ષણ અને બચાવ માટે શપથ લે છે: ઉપ રાષ્ટ્રપતિ ધનખડ**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**નવી દિલ્હી, તા.૦૭:** ઉપ રાષ્ટ્રપતિ, શ્રી જગદીપ ધનખરે આજે કહ્યું હતું કે, બંધારણીય જોગવાઈના સંદર્ભમાં ન્યાયાધીશ સાથે વ્યવહાર કરવાની બંધારણીય પદ્ધતિ સાથે આગળ વધવું એ એક રસ્તો છે, પરંતુ તે ઉકેલ નથી, કારણ કે આપણે લોકશાહી હોવાનો દાવો કરીએ છીએ જે આપણે છીએ. દુનિયા આપણને એક પરિપક્વ લોકશાહી તરીકે જુએ છે જ્યાં કાયદાનું શાસન હોવું જોઈએ, કાયદા સમક્ષ સમાનતા હોવી જોઈએ. જેનો અર્થ છે કે દરેક ગુનાની તપાસ થવી જોઈએ. જો પૈસા આટલા મોટા પ્રમાણમાં હોય, તો આપણે શોધવું પડશે. શું તે દૂષિત પૈસા છે? આ પૈસાનો સ્ત્રોત શું છે? કેવી રીતે તે કોઈ ન્યાયાધીશના સત્તાવાર નિવાસસ્થાનમાં સંગ્રહિત હતું? તે કોનું હતું? આ પ્રક્રિયામાં અનેક દંડની જોગવાઈઓનું ઉલ્લંઘન થાય છે. મને આશા છે કે FIR નોંધવામાં આવશે. આપણે આ મામલાના મૂળ સુધી જવું જોઈએ કારણ કે લોકશાહી માટે તે મહત્ત્વનું છે, કે આપણી ન્યાયતંત્ર, જેના પર વિશ્વાસ અટલ છે, તેના પાયા હચમચી ગયા છે. આ ઘટનાને કારણે કિલ્લો ધ્રૂજી રહ્યો છે.

આજે નેશનલ યુનિવર્સિટી ઓફ એડવાન્સ લીગલ સ્ટડીઝ (NUALS)ના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યો સાથે વાતચીત કરતા, શ્રી ધનખરે શેક્સપિયરના પ્રખ્યાત નાટક ‘જુલિયસ સીઝર’નો ઉલ્લેખ કરતા કહ્યું, ‘મારા યુવાન મિત્રો, જો તમે Ides of March વિશે સાંભળ્યું હશે. તમારામાંથી જેમણે જુલિયસ સીઝર વાંચ્યું હશે. જ્યાં ભવિષ્યવેત્તાએ સીઝરને ચેતવણી આપી હતી, તો Ides of March (પૌરાણિક રોમન કેલેન્ડરમાંનો દિવસ જે કમનસીબી સાથે સંકળાયેલ છે)થી સાવધ રહો, અને જ્યારે સીઝર મહેલથી કોર્ટરૂમ તરફ જઈ રહ્યો હતો ત્યારે તેણે ભવિષ્યવેત્તાને જોયો અને તેણે કહ્યું Ides of March આવી ગયો છે અને ભવિષ્યવેત્તાએ કહ્યું, હા, પણ ગયો નહીં, અને દિવસ પૂરો થાય તે પહેલાં, સીઝરની હત્યા કરવામાં આવી હતી. Ides of March દુર્ભાગ્ય અને વિનાશ સાથે સંકળાયેલ છે. આપણા ન્યાયતંત્રમાં ૧૪ અને ૧૫ માર્ચની રાત્રે Ides of March હતો, એક ભયંકર સમય હતો! ન્યાયાધીશના નિવાસસ્થાને મોટી માત્રામાં રોકડ હતી. હું આમ કહું છું, કારણ કે તે હવે જાહેર ક્ષેત્રમાં છે, જે સુપ્રીમ કોર્ટ દ્વારા સત્તાવાર રીતે રજૂ કરવામાં આવ્યું છે કે હાઈકોર્ટના ન્યાયાધીશના સત્તાવાર નિવાસસ્થાનમાંથી મોટી માત્રામાં રોકડ મળી આવી હતી. હવે મુદ્દો એ છે કે, જો તે રોકડ... જો જાણવા મળ્યું કે, સિસ્ટમ તાત્કાલિક આગળ વધી શકી હોત અને પહેલી પ્રક્રિયા એ હોત કે તેને ગુનાહિત કૃત્ય તરીકે ગણવામાં આવે. દોષિતોને શોધી કાઢો. તેમને ન્યાય અપાવો. પરંતુ અત્યાર સુધી, કોઈ FIR દાખલ થઈ નથી. કેન્દ્રીય સ્તરે સરકાર નિષ્ક્રિય છે કારણ કે ૯૦ના દાયકાની શરૂઆતમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાને ધ્યાનમાં રાખીને FIR નોંધી શકાતી નથી. વિદ્યાર્થીઓને સમસ્યાઓનો સામનો કરવાની હિંમત રાખવા માટે પ્રોત્સાહિત કરતા તેમણે ભાર મૂક્યો, આપણી પાસે સમસ્યાઓનો સામનો કરવાની હિંમત હોવી જોઈએ. આપણે નિષ્ફળતાઓને તર્કસંગત ન બનાવવી જોઈએ. આપણે હંમેશા યાદ રાખવું જોઈએ કે આપણે એવા રાષ્ટ્રના છીએ જેણે વૈશ્વિક કથાને વ્યાખ્યાયિત કરવી પડશે. આપણે એવી દુનિયાના શિલ્પી બનવું પડશે, જે શાંતિ અને સુમેળમાં રહે છે. આપણી પોતાની સંસ્થાઓમાં અસ્વસ્થતાભર્યા સત્યોનો સામનો કરવાની હિંમત હોવી જોઈએ... હું ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે છું. હું ન્યાયાધીશોનું રક્ષણ કરવાનો મજબૂત સમર્થક છું. ન્યાયાધીશો ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરે છે. તેઓ કારોબારી વિરુદ્ધ કેસોનો નિર્ણય લે છે. તેઓ ચોક્કસ ક્ષેત્રોમાં કામ કરે છે જ્યાં વિધાનસભા મહત્ત્વપૂર્ણ છે. આપણે આપણા ન્યાયાધીશોને વ્યર્થ મુકદ્દમાથી બચાવવા જોઈએ. તેથી હું વિકસિત મિકેનિઝમની વિરુદ્ધ નથી, પરંતુ જ્યારે આવું કંઈક થાય છે. કેટલીક બાબતો ચિંતાજનક હોય છે!

‘તાજેતરમાં ન્યાયતંત્રમાં અશાંતિભર્યો સમય હતો. પરંતુ સારી વાત અને સુખદ એ છે કે એક મોટો ફેરફાર થયો છે. આપણે હવે ન્યાયતંત્ર માટે સારો સમય જોઈ રહ્યા છીએ. વર્તમાન મુખ્ય ન્યાયાધીશ અને તેમના તાત્કાલિક પુરોગામીએ આપણને જવાબદારી અને પારદર્શિતાનો એક નવો યુગ આપ્યો. તેઓ વસ્તુઓને પાટા પર લાવી રહ્યા છે. પરંતુ પહેલાના બે વર્ષ ખૂબ જ ખલેલ પહોંચાડનારા, ખૂબ જ પડકારજનક હતા. સામાન્ય વ્યવસ્થા સામાન્ય નહોતી. વિચાર્યા વિના, ઘણા પગલાં લેવામાં આવ્યા હતા તેમને પૂર્વવત કરવામાં થોડો સમય લાગશે. કારણ કે તે ખૂબ જમૂળભૂત છે કે સંસ્થાઓ શ્રેષ્ઠ કામગીરી સાથે કાર્ય કરે, તેમણે ઉમેર્યું હતું.’

‘આપણા દેશના ન્યાયતંત્ર પર લોકોનો અપાર વિશ્વાસ અને અપાર આદર છે. લોકો ન્યાયતંત્રમાં એટલો વિશ્વાસ નથી રાખતા જેટલો અન્ય કોઈ સંસ્થામાં નથી. જો તેમનો વિશ્વાસ ડગમગી જશે સંસ્થામાં ડગમગશે તો આપણે એક ગંભીર પરિસ્થિતિનો સામનો કરીશું. ૧.૪ અબજ લોકોનો દેશ તેનાથી પીડાશે’, તેમણે વધુમાં ઉમેર્યું હતું.

ન્યાયાધીશો માટે નિવૃત્તિ પછીના કાર્યો અંગે ચિંતા વ્યક્ત કરતાં તેમણે ભારપૂર્વક કહ્યું કે, ‘કેટલાક બંધારણીય અધિકારીઓને તેમના પદ પછી કાર્યો રાખવાની



પરવાનગી નથી. જેમ કે જાહેર સેવા આયોગના સભ્ય સરકાર હેઠળ કોઈ કાર્યભાર સંભાળી શકતા નથી. CAG તે કાર્યભાર સંભાળી શકતા નથી. મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરો તે કાર્યભાર સંભાળી શકતા નથી. કારણ કે તેઓ સ્વતંત્ર હોવા જોઈએ, પ્રલોભન અને લાલચનો ભોગ બનેલા ન હોવા જોઈએ. આ ન્યાયાધીશો માટે નહોતું. શા માટે? કારણ કે ન્યાયાધીશો તેનાથી સંપૂર્ણપણે દૂર રહેવાની અપેક્ષા રાખવામાં આવતી હતી. અને હવે આપણે નિવૃત્તિ પછી, ન્યાયાધીશો માટેનું કાર્યભાર સંભાળી રહ્યા છીએ. શું હું સાચો છું? અને બધાને સમાવી શકાતા નથી, ફક્ત કેટલાકને સમાવી શકાય છે. તેથી જ્યારે તમે બધાને સમાવી શકતા નથી, ત્યારે તમે કેટલાકને સમાવી શકો છો, ત્યાં પસંદગી અને પસંદગી છે. જ્યારે પસંદગી અને પસંદગી હોય છે, ત્યારે આશ્રય હોય છે. તે આપણા ન્યાયતંત્રને ગંભીર રીતે નુકસાન પહોંચાડે છે.’

ભારતના રાષ્ટ્રપતિ અને રાજ્યપાલો દ્વારા લેવામાં આવતા શપથના સ્વરૂપનું મહત્વ સમજાવતા, શ્રી ધનખરે જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ એકમાત્ર બે બંધારણીય પદો છે. જેમની શપથ ઉપ રાષ્ટ્રપતિ, વડા પ્રધાન, મુખ્યમંત્રી, સંસદસભ્યો, વિધાનસભાના સભ્યો અને ન્યાયાધીશો જેવા અન્ય અધિકારીઓ કરતાં અલગ હોય છે. કારણ કે આપણે બધા ઉપ રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને અન્ય આપણે બંધારણનું પાલન કરવાની શપથ લઈએ છીએ, પરંતુ મહામહિમ રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ તેઓ બંધારણનું જતન, રક્ષણ અને બચાવ કરવાની શપથ લે છે. શું હું સ્પષ્ટ છું? તેથી, તેમના શપથ માત્ર ખૂબ જ અલગ નથી, તેમના શપથ તેમને બંધારણનું જતન, રક્ષણ અને બચાવ કરવાના ભારે કાર્ય માટે ફરજ પાડે છે. મને આશા છે કે રાજ્યપાલ પદ માટેના આ બંધારણીય અધિનિયમ વિશે ચારે બાજુ અનુભૂતિ થશે.. બીજું, રાષ્ટ્રપતિ કે રાજ્યપાલ, આપણા બાકીના લોકો સિવાય, જેમ કે ઉપ રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીઓ અને મંત્રીઓ, ફક્ત આ બે હોદ્દાઓને જ કાર્યવાહીથી મુક્તિ મળે છે. બીજા કોઈને નથી. જ્યારે તેઓ પદ પર રહે, તેઓ કોઈપણ કાર્યવાહી, પેન્ડિંગ કે વિચારણા હેઠળ, મુક્ત છે અને મને ખૂબ આનંદ અને ખુશી છે કે શ્રી રાજેન્દ્ર વી. આર્લેકર રાજ્યપાલ તરીકે ખૂબ જ ઉચ્ચ ધોરણો સ્થાપિત કરી રહ્યા છે. કારણ કે રાજ્યપાલ સરળ પંચિંગ બેગ છે.

ભારતીય બંધારણની પ્રસ્તાવનામાં સુધારાઓ વિશે બોલતા તેમણે કહ્યું, ‘બંધારણની પ્રસ્તાવના વિશે ઘણાં બધા મુદ્દાઓ ઉભા થયા છે. સારું, પહેલા હું તમને કહી દઉં કે, ભારતીય બંધારણની પ્રસ્તાવના બાળકો માટે માતા-પિતા બનવા જેવી છે. તમે ગમે તેટલા પ્રયાસ કરો, તમે તમારા માતા-પિતા બનવાની ક્ષમતા બદલી શકતા નથી. શું હું સાચું કહું છું? તે શક્ય નથી. તે પ્રસ્તાવના છે. બીજું, ઐતિહાસિક રીતે કોઈ પણ દેશની પ્રસ્તાવના ક્યારેય બદલાઈ નથી. ત્રીજું, આપણાં બંધારણની પ્રસ્તાવના એવા સમયે બદલાઈ ગઈ હતી. જ્યારે સેંકડો અને હજારો લોકો જેલના સળિયા પાછળ હતા. આપણા લોકશાહીનો સૌથી અંધકારમય સમય, કટોકટીનો યુગ. પછી તે બદલાયું જ્યાં લોકસભાનું આયુષ્ય પણ ૫ વર્ષથી વધુ વધારી દેવામાં આવ્યું. તે એવા સમયે બદલાયું હતું, જ્યારે લોકોને ન્યાય વ્યવસ્થા સુધી પહોંચ નહોતી. મૂળભૂત અધિકારો સંપૂર્ણપણે સ્થગિત કરવામાં આવ્યા હતા. તમારે તેની તપાસ કરવાની જરૂર છે. આપણે કંઈ પણ કરી શકીએ છીએ, આપણે ચોક્કસપણે આપણા માતા-પિતાને બદલી શકતા નથી.’

‘તમારે મોટેથી વિચારવું પડશે કે ૪૨મા બંધારણીય સુધારા કાયદામાં શું થયું. ૪૪મા બંધારણીય સુધારા કાયદામાં શું થયું અને શું બાકી રહ્યું? ન્યાયતંત્રમાં પ્રવેશ વિના લાખો લોકોને કેમ જેલમાં ધકેલી દેવામાં આવ્યા? ૯ હાઈકોર્ટે નાગરિકના પક્ષમાં નિર્ણય કેવી રીતે આપ્યો પરંતુ દેશની સર્વોચ્ચ અદાલત, સુપ્રીમ કોર્ટે, એડીએમના જબલપુર કેસમાં અમને નિષ્ફળ બનાવ્યા, અને ઉલટું, બે બાબતો સૂચવે છે કટોકટી લાદવાનો અને તેટલા સમય માટે કટોકટી લાદવાનો કારોબારીના સંપૂર્ણ વિશેષાધિકાર છે. ૧૯૭૫માં, તે ૨૦ મહિનાથી વધુ હતો, અને કટોકટીના સમયગાળા દરમિયાન, ન્યાયતંત્રમાં પ્રવેશ રહેશે નહીં. તેથી અમે તે સમયે લોકશાહી રાષ્ટ્ર હોવાનો અમારો સંપૂર્ણ દાવો ગુમાવ્યો’, તેમણે ઉમેર્યુ હતું.

સત્તાના વિભાજનના સિદ્ધાંતના મહત્ત્વ પર ભાર મૂકતા તેમણે કહ્યું, ‘બંધારણીય સાર અને ભાવના શ્રેષ્ઠ રીતે પોષાય છે અને ટકાવી રાખવામાં આવે છે અને તે બંધારણના દરેક સ્તંભો સાથે મળીને રાષ્ટ્રને સુમેળમાં રાખવા માટે કામ કરે છે, પરંતુ જો વિધાનસભા, કારોબારી અને ન્યાયતંત્ર એક જ પાના પર ન હોય, જો તેઓ એકબીજા સાથે સુમેળમાં ન હોય, જો તેમની વચ્ચે સુમેળ ન હોય, તો પરિસ્થિતિ થોડી ચિંતાજનક બને છે અને તેથી જ કાયદાના વિદ્યાર્થીઓ તરીકે તમે સત્તાના વિભાજનના સિદ્ધાંત પર ધ્યાન કેન્દ્રિત કરશો. મુદ્દો એ નથી કે કોણ સર્વોચ્ચ છે. બંધારણની દરેક સંસ્થા તેના પોતાના ક્ષેત્રમાં સર્વોચ્ચ છે.’ ‘જો એક સંસ્થા ન્યાયતંત્ર, કારોબારી, અથવા વિધાનસભા બીજાના ક્ષેત્રમાં ઘૂસણખોરી કરે છે, તો તે સફરજનના કાર્ટને ઉથલાવી નાખવાની ક્ષમતા ધરાવે છે. તે અનિયંત્રિત સમસ્યાઓ ઊભી કરી શકે છે જે આપણા લોકશાહી માટે સંભવિત રીતે ખૂબ જ ખતરનાક બની શકે છે. ઉદાહરણ તરીકે, હું તમને સામાન્ય ભાષામાં કહીશઃ ન્યાયતંત્રની અંદર નિર્ણય લેવાનો છે. ચુકાદાઓ ન્યાયતંત્ર દ્વારા લખવામાં આવે છે વિધાનસભા દ્વારા નહીં, કારોબારી દ્વારા નહીં અને તેવી જ રીતે, કારોબારી કાર્યો કોના દ્વારા કરવામાં આવે છે? કારોબારી દ્વારા. અને શા માટે? કારણ કે તમે ચૂંટણીઓ દ્વારા કારોબારી રાજકીય કારોબારીને ચૂંટો છો. તેઓ તમારા પ્રત્યે જવાબદાર છે. તેઓએ કામગીરી કરવી પડશે. તેમને ચૂંટણીઓનો સામનો કરવો પડશે. પરંતુ જો કારોબારી કાર્યો, ધારાસભા અથવા ન્યાયતંત્ર દ્વારા કરવામાં આવે છે, તો તે સાર અને સત્તાના વિભાજનના સિદ્ધાંતની વિરુદ્ધ હશે. મને આશ્ચર્ય થાય છે કે સીબીઆઈ ડિરેક્ટર જેવા કારોબારી અધિકારીની નિમણૂક ભારતના મુખ્ય ન્યાયાધીશની ભાગીદારીથી થાય છે. શા માટે? અને જરા વિચારો, અને તમારા મનને દિશા આપો. સીબીઆઈ ડિરેક્ટર વંશવેલોમાં સૌથી વરિષ્ઠ વ્યક્તિ નથી. તે ‘તેમની ઉપર અનેક સ્તરો છે, સીવીસી, કેબિનેટ સચિવ, બધા સચિવો. છેવટે, તે એક વિભાગનું નેતૃત્વ કરી રહ્યા છે. તમારે તમારી કલમનો ઉપયોગ કરવો જોઈએ. શું આવું દુનિયામાં બીજે ક્યાંય થઈ રહ્યું છે? શું આપણી બંધારણીય યોજના હેઠળ આવું થઈ શકે છે? કારોબારી નિમણૂક કારોબારી સિવાય બીજા કોઈ દ્વારા કેમ કરવી જોઈએ? હું ભારપૂર્વક કહું છું કે આવું જ છે.,’ તેમણે ઉમેર્યું હતું.

# સ્પોર્ટ્સ ન્યૂઝ

### ICC એ સંજોગ ગુપ્તાને CEO તરીકે નિયુક્ત કર્યા

## સંજોગ ગુપ્તાએ સીઈઓ તરીકે જવાબદારી સંભાળી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૭ :** એક મોટો નિર્ણય લેતા ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ સંજોગ ગુપ્તાને તેના નવા ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) તરીકે નિયુક્ત કર્યા છે. સંજોગ ગુપ્તાએ સોમવાર, ૭ જૂલાઈથી આ જવાબદારી સંભાળી છે. સંજોગે ઓસ્ટ્રેલિયાના જ્યોફ એલાર્ડિસનું સ્થાન લીધું છે, જે વર્ષ ૨૦૨૧થી આ પદ પર હતા. સંજોગ ICCના સાતમા CEO છે અને મનુ સાહની પછી આ જવાબદારી સંભાળનારા તેઓ બીજા ભારતીય છે.

સંજોગ ગુપ્તા હાલમાં જિયોસ્ટારમાં CEO (સ્પોર્ટ્સ અને લાઈવ એક્સપિરિયન્સ) તરીકે કાર્યરત છે. સંજોગે ભારતમાં રમતગમતના ડિજિટલ અને ટીવી પ્રસારણને નવી દિશા આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. સંજોગ ગુપ્તાએ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL), ICC ટુર્નામેન્ટ્સ, પ્રો કબડ્ડી લીગ (PKL) અને ઈન્ડિયન સુપર લીગ (ISL) જેવી મોટી રમતગમતની ઈવેન્ટ્સને લોકપ્રિય બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

સંજોગ ગુપ્તાએ પત્રકાર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી અને વર્ષ ૨૦૧૦માં સ્ટાર ઈન્ડિયામાં જોડાયા હતા. બાદમાં તેમણે ડિઝની-સ્ટારના રમતગમતના વડા તરીકે સેવા આપી હતી. અહીં સંજોગના નેતૃત્વ હેઠળ રમતગમતનો વ્યવસાય વિસ્તાર્યો હતો. આ સાથે દર્શકોની સંખ્યામાં પણ વધારો થયો હતો.

ICCના ચેરમેન જય શાહે સંજોગ ગુપ્તા વિશે કહ્યું હતું કે, સંજોગને રમતગમત આયોજન અને વ્યાપારીકરણમાં વ્યાપક અનુભવ છે. ક્રિકેટ પ્રત્યેનો તેમનો જુસ્સો અને ટેકનોલોજીની સમજ આ રમતના વૈશ્વિક વિસ્તરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. અમારો પ્રયાસ છે કે ક્રિકેટને ઓલિમ્પિક જેવા પ્લેટફોર્મ પર નિયમિત સ્થાન મળે.

જય શાહે કહ્યું હતું કે, અમે આ પદ માટે ઘણા ઉમેદવારો પર વિચાર કર્યો હતો પરંતુ નોમિનેશન સમિતિએ સર્વાનુમતે સંજોગની ભલામણ કરી હતી. ICC બોર્ડના ડિરેક્ટરો તેમની સાથે નજીકથી કામ કરવા માટે આતુર છે અને હું ICCમાં દરેક વતી તેમનું સ્વાગત કરવા માંગુ છું.

ICC એ માર્ચમાં આ પદ માટે પસંદગી પ્રક્રિયા શરૂ કરી હતી. આ માટે ૨૫ દેશોમાંથી ૨૫૦૦થી વધુ અરજીઓ આવી હતી. ત્યારબાદ નોમિનેશન સમિતિએ સર્વાનુમતે સંજોગ ગુપ્તાની પસંદગી કરી હતી. સંજોગ ગુપ્તાએ કહ્યું હતું કે, આ જવાબદારી મેળવવી મારા માટે સૌભાગ્યની વાત છે.

ખાસ કરીને એવા સમયે જ્યારે ક્રિકેટ વૈશ્વિક સ્તરે ઝડપથી વિસ્તરી રહ્યું છે. લોસ એન્જલસ ઓલિમ્પિક ૨૦૨૮માં ક્રિકેટની ભાગીદારી અને ટેકનોલોજીકલ વિકાસ આ રમતને નવી ઊંચાઈઓ પર લઈ જશે.

### બર્મિંઘમમાં જીતનારી પહેલી એશિયન ટીમ

## બીજી ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાની ૩૩૬ રનથી ઐતિહાસિક જીત



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૭ :** ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે એન્ડરસન-તેંડુલકર ટ્રોફી ૨૦૨૫ની બીજી મેચ બર્મિંઘમના એજબેસ્ટન મેદાન પર રમાઈ હતી. જેમાં ભારતીય ટીમે ૩૩૬ રનથી જીત મેળવી હતી. આ મેચમાં ઈંગ્લેન્ડને જીતવા માટે ૬૦૮ રનનો લક્ષ્યાંક મળ્યો હતો, જેનો પીછો કરતી વખતે ઈંગ્લિશ ટીમ રમતના પાંચમા દિવસના બીજા સત્રમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતે પહેલીવાર બર્મિંઘમના એજબેસ્ટન મેદાન પર ટેસ્ટ જીત હાંસલ કરી છે. આ પહેલા જે ભારતે આ મેદાન પર ૮ મેચ રમી હતી, તેમાંથી સાતમાં ભારતીય ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે એક મેચ ડ્રો ગઈ હતી.

ભારતીય ટીમે આ મેદાન પર પહેલી ટેસ્ટ ૧૯૬૭માં રમી હતી, જેમાં ભારતની ૧૩૨ રને હાર થઈ હતી. હવે ભારતે ૫૮ વર્ષ બાદ જીત મેળવીને ઈતિહાસ રચી દીધો છે.

આકાશદીપનો જાદૂ બંને ઈનિંગમાં જોવા મળ્યો. આકાશે પહેલી ઈનિંગમાં ચાર વિકેટ અને બીજી ઈનિંગમાં છ વિકેટ ઝડપી છે. સિરાજે ફર્સ્ટ ઈનિંગમાં છ અને બીજી ઈનિંગમાં એક વિકેટ પોતાના નામે કરી.

જણાવી દઈએ કે, ભારતીય ટીમે પોતાની બીજી ઈનિંગ ૪૨૭/૬ના સ્કોર પર જાહેર કરી હતી. મેચમાં ભારતીય ટીમે પોતાની પહેલી ઈનિંગમાં ૫૮૭ અને ઈંગ્લેન્ડે પોતાની પહેલી ઈનિંગમાં ૪૦૭ રન બનાવ્યા હતા. પહેલી ઈનિંગના આધારે ભારતને ૧૮૦ રનોની મોટી લીડ મળી હતી.

## શુભમન ગિલથી શીખવું જોઇએ, એણે ભૂલો સુધારી : વૉર્ને ક્રોલીને સલાહ આપી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**બર્મિંગહામ, તા.૦૭ :** ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી પાંચ ટેસ્ટ મેચની બીજી મેચમાં ભારતે ઈંગ્લેન્ડે ૩૩૬ રને પરાજય આપ્યો છે. આ મેચમાં સુકાની શુભમન ગીલે પ્રથમ ઈનિંગમાં ૨૬૯ રન અને બીજી ઈનિંગમાં ૧૬૧ રન નોંધાવ્યા હોવાથી, તેની ચોતરફ પ્રશંસા થઈ રહી છે. બીજીતરફ ઈંગ્લેન્ડની ટીમે નબળું પ્રદર્શન કરતા પૂર્વ સુકાની માઈકલ વૉને નિરાશા વ્યક્ત કરી છે. ટીમના વિસ્ફોટ બેટ્સમેન ઝેક ક્રોલીની ટીકા કરતા વોર્ને કહ્યું કે, 'ક્રોલી સતત નિષ્ફળ પ્રદર્શન કરી રહ્યો છે, તેમ છતાં તે ભાગ્યશાળી છે કે, તેને ટીમમાં રમવાની તક મળી રહી છે.' આ સાથે વોર્ને ક્રોલીને સલાહ આપી છે કે, તેણે શુભમન ગીલની બેટિંગ રણનીતીથી શીખવું જોઈએ અને પોતાની બેટિંગમાં સુધારો કરવો જોઈએ.' વૉને ધ ટેલીગ્રાફમાં લખ્યું છે કે, 'કેટલાક વર્ષોથી એવા અનેક ખેલાડીઓએ પ્રશંસકોને નિરાશ કર્યા છે, તેમાં હું પણ સામેલ છું, પરંતુ ક્રોલી સૌથી વધુ નિરાશ કરનાર ખેલાડીઓમાંથી એક છે. જ્યારથી હું ઈંગ્લેન્ડને નજીકથી જોઈ રહ્યો છું, ત્યારથી ક્રોલી સૌથી ભાગ્યશાળી ખેલાડી છે, કારણ કે તે સતત નિષ્ફળ ગયો હોવા છતાં તેને ટીમમાં વધુ ટેસ્ટ રમવાની તક મળી છે.'

ક્રિકેટરમાંથી કોમેન્ટેટર બનેલા વૉને વધુમાં કહ્યું કે, 'ક્રોલીએ પોતાને ભાગ્યશાળી માનવો જોઈએ કે તેને ૫૬ મેચ રમવા મળી છે અને માત્ર પાંચ સદી ફટકારી છે. ટેસ્ટ ઈતિહાસમાં ૨૫૦૦થી વધુ રન બનાવના તમામ ટોચના બેટ્સમેનોમાં તેની સરેરાશ સૌથી ઓછી ૩૦.૩ છે. શુભમન ગિલને જુઓ, પરિવર્તન સંભવ છે. આ સીરિઝ તેની સરેરાશ ૩૫ હતી અને હવે ચાર ઈનિંગ બાદ તેની સરેરાશ ૪૨ પર પહોંચી ગઈ છે. ગિલ તેની માનસીકતા અને રણનીતિના કારણે સફળ થયો છે. ગિલ એલબીડબલ્યુ પ્રત્યે સંવેદનશીલ હોવાનું જાણી ગયો છે. તેણે પોતાના ડિફેન્સમાં મહેનત કરી અને પરિણામ પણ દેખાડી દીધું.'

ઝેક ક્રોલી ઈંગ્લેન્ડ માટે ટેસ્ટ ક્રિકેટ રમે છે, તે જમણા હાથનો ટોચના ક્રમનો બેટ્સમેન છે અને કેન્ટ કાઉન્ટી ક્રિકેટ ક્લબ માટે સ્થાનિક સ્તરે રમે છે. ક્રોલીના ટેસ્ટ ક્રિકેટ રેકોર્ડની વાત કરીએ તો, તેણે કુલ ૫૬ મેચમાં ૧૦૧ ઈનિંગ રમી ૩૧૧૧ રન નોંધાવ્યા છે. તેણે ટેસ્ટમાં સૌથી વધુ પાકિસ્તાન સામે ૨૬૭ રન કર્યા છે. તેની સરેરાશ ૩૧.૪૨ છે અને તેણે કુલ ૫ સેન્ચ્યુરી અને ૧૭ અડધી સદી ફટકારી છે. ઝેક ક્રોલીએ અત્યાર સુધી કોઈ આંતરરાષ્ટ્રીય T20 મેચ રમી નથી. તેણે ૨૦૨૩માં આયર્લેન્ડ સામેની બે વન-ડે મેચોમાં ઈંગ્લેન્ડ ટીમનું નેતૃત્વ પણ કર્યું હતું.

# બિહારના ૧૭ અને ઉત્તરાખંડના ૬ રાજકીય પક્ષોને ચૂંટણી પંચની કારણ બતાવો નોટિસ

### આ પાર્ટીઓ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ લાભો મેળવી રહ્યા છે, પરંતુ તેઓ ચૂંટણીમાં કોઈ રીતે સક્રિય નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૭**

ભારતીય ચૂંટણી પંચના એક મહત્ત્વનો નિર્ણયથી ૨૩ પાર્ટીઓના અસ્તિત્વ સામે જોખમ ઉભું થયું છે. વાસ્તવમાં આ પાર્ટીઓએ વર્ષ ૨૦૧૯થી એક પણ ચૂંટણી નથી, જેના કારણે ચૂંટણી પંચે કારણદર્શક નોટિસ ફટકારી છે. પંચે સ્પષ્ટ કહ્યું કે, 'આ પાર્ટીઓ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ લાભો મેળવી રહ્યા છે, પરંતુ તેઓ ચૂંટણીમાં કોઈપણ રીતે સક્રિય નથી.

ચૂંટણી પંચે આ ૨૩ પક્ષોને ૧૫ જુલાઈ સુધીમાં જવાબ આપવા આદેશ કર્યો છે. પંચે પક્ષોને કહ્યું છે કે, તેઓ પોતાના પક્ષની વાસ્તવિકતાના પુરાવા સાથે બિહાર સ્થિત મુખ્ય ચૂંટણી અધિકારીની ઓફિસમાં ૧૫ જુલાઈ-૨૦૨૫ સુધીમાં રજૂ કરી શકે છે. આ સાથે તેની બીજી કોપી ceo_bihar@eci.gov.in ઈ-મેઈલ પર મોકલવા પણ કહ્યું છે.

ચૂંટણી પંચે તમામ પક્ષોને ચેતવણી આપી છે કે, 'જો નિર્ધારિત સમયની અંદર કોઈ જવાબ આપવામાં નહીં આવે તો પંચ તે પક્ષોને 'ડીલિસ્ટ' કરવાની પ્રક્રિયા શરૂ કરશે. તે રાજકીય પક્ષની નોંધણી રદ કરવામાં આવશે, જેના કારણે આવા પક્ષો ચૂંટણી ચિન્હ, ટેક્સ રાહત અને પ્રચાર-પ્રસાર માટે મળતા લાભો નહીં મેળવી શકે. મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલયે એવું પણ કહ્યું છે કે, 'આયોગ દ્વારા ફટકારાયેલ નોટિસની કોપી https://ceoelection.bihar.gov.in/rupp.html પર પણ ઉપલબ્ધ છે.

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ એ ભારતીય લોકશાહીનો એક ખૂબ જ મહત્વપૂર્ણ કાયદો છે.

આ અધિનિયમ ભારતીય સંસદ દ્વારા ૧૭ જુલાઈ, ૧૯૫૧ના રોજ પસાર કરવામાં આવ્યો હતો. આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતમાં લોકસભા (સંસદનું નીચલું ગૃહ) અને રાજ્યોની વિધાનસભા તેમજ વિધાન પરિષદ (રાજ્યના વિધાનમંડળના ગૃહો) ની ચૂંટણીઓના સંચાલન, સભ્યો માટેની લાયકાત અને ગેરલાયકાત, ચૂંટણીઓમાં ભ્રષ્ટ આચરણ અને અન્ય ગુનાઓ તથા ચૂંટણી સંબંધિત શંકાઓ અને વિવાદોના નિરાકરણ માટે જોગવાઈઓ પૂરી પાડવાનો છે. લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ભારતીય લોકશાહીની પવિત્રતા અને નિષ્પક્ષતા જાળવવા માટે એક આધારભૂત કાયદો છે, જે ચૂંટણી પ્રક્રિયાને નિયંત્રિત કરીને મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ સુનિશ્ચિત કરે છે.

### ચૂંટણી પંચે કયાં કયાં પક્ષોને ફટકારી નોટિસ?

ભારતીય બેકવર્ડ પાર્ટી
ભારતીય સુરાજ દળ
ભારતીય યુવા પાર્ટી (ડેમોક્રેટિક)
ભારતીય જનતંત્ર સનાતન પાર્ટી
બિહાર જનતા પાર્ટી
દેશી કિસાન પાર્ટી
ગાંધી પ્રકાશ પાર્ટી
હમદર્દ જનરક્ષક સમાજવાદી વિકાસ પાર્ટી (જનસેવક)
ક્રાંતિકારી સામ્યવાદી પક્ષ
ક્રાંતિકારી વિકાસ દળ
લોક આવાઝ પાર્ટી
લોકતાંત્રિક સમતા દળ
રાષ્ટ્રીય જનતા પાર્ટી (ભારતીય)
રાષ્ટ્રવાદી જન કોંગ્રેસ
રાષ્ટ્રીય સર્વોદય પાર્ટી
સર્વજન કલ્યાણ લોકતાંત્રિક પાર્ટી
વ્યવસાઈ કિસાન અલ્પસંખ્યક મોરચો

### ઉત્તરાખંડના ૬ રાજકીય પક્ષોને પણ નોટિસ

ભારતીય જનક્રાંતિ પાર્ટી
હમારી જનમંચ પાર્ટી
મેદાન ક્રાંતિ દળ
પ્રજા મંડળ પાર્ટી
રાષ્ટ્રીય ગ્રામ વિકાસ પાર્ટી
રાષ્ટ્રીય જન સહાય દળ

### ૧૭મા બ્રિક્સ સંમેલનને વડાપ્રધાન મોદીનું સંબોધન

## ગ્લોબલ સાઉથ વિના વૈશ્વિક સંસ્થાઓ નેટવર્ક વગરના સીમકાર્ડ જેવી : મોદી





**૨૦મી સદીનું ટાઈપરાઈટર ૨૧મી સદીના સોફ્ટવેરને ચલાવી શકે નહીં : વૈશ્વિક સંસ્થાઓ પર મોદીનો કટાક્ષ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૭**

દુનિયામાં હાલ ચાલી રહેલા યુદ્ધો અને સંઘર્ષ રોકવામાં વૈશ્વિક સંસ્થાઓ નિષ્ફળ ગઈ છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એક વખત આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના માળખામાં વ્યાપક સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે, ૨૧મી સદીના નિર્ણયોમાં ગ્લોબલ સાઉથની ભાગીદારી વધારવી અત્યંત જરૂરી છે. ગ્લોબલ સાઉથ વિના વૈશ્વિક સંસ્થાઓ નેટવર્ક વિનાના સમીકાર્ડ સમાન છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રાઝિલના રિયો ડી જેનેરિયોમાં આયોજિત ૧૭મા બ્રિક્સ સંમેલનને સંબોધન કરતા કહ્યું કે, ૨૦મી સદીમાં બનેલી વૈશ્વિક સંસ્થાઓમાં દુનિયાની બે તૃતિયાંશ વસતીને આજ સુધી યોગ્ય પ્રતિનિધિત્વ મળી શક્યું નથી. જે દેશ આજની વૈશ્વિક અર્થવ્યવસ્થામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે તેમને નિર્ણય લેવાના ટેબલ પર જગ્યા નથી અપાઈ. પીએમ મોદીએ આ બાબતને માત્ર પ્રતિનિધિત્વનો સવાલ જ નથી ગણાવી, પરંતુ તેને આ સંસ્થાઓની વિશ્વસનીયતા અને અસરકારક્તા સાથે પણ જોડી છે. પોતાની વાતને સરળતાથી સમજાવતા પીએમ મોદીએ કહ્યું કે, ગ્લોબલ સાઉથ વિના વૈશ્વિક સંસ્થાઓ મોબાઈલ ફોનમાં સિમકાર્ડ તો હોય પરંતુ નેટવર્ક ના હોય તેવી સ્થિતિ સમાન છે.

બ્રિક્સને સંબોધતા વડાપ્રધાન મોદીએ ગ્લોબલ સાઉથને સતત હાંસિયામાં રાખવાની વૈશ્વિક સંસ્થાઓની નીતિ પર પ્રકાશ પાડયો હતો. તેમણે કહ્યું, વિકાસની વાત હોય કે સંશાધનોના વિતરણની કે સુરક્ષા સંબંધિત મુદ્દાની, ગ્લોબલ સાઉથના હિતોને પ્રાથમિક્તા અપાઈ નથી. ક્લાઈમેટ ફાઈનાન્સ, સતત વિકાસ અને ટેક્નોલોજી સુધી પહોંચ જેવા મુદ્દા પર ગ્લોબલ સાઉથને નામ માત્ર સિવાય કશું મળ્યું નથી. બ્રિક્સ બેઠકમાં ભાગ લેવા બ્રાઝિલ પહોંચતા પહેલા પીએમ મોદી આર્જેન્ટિનાના બે દિવસના પ્રવાસે હતા. વડાપ્રધાન મોદીએ આર્જેન્ટિનામાં પ્રમુખ ઝેવિયર માઈલીનો આભાર માન્યો હતો. માઈલીએ પહલગામ હુમલા વિરુદ્ધ ભારતનું સમર્થન કર્યું હતું.

વિદેશ સચિવ પી. કુમારને કહ્યું કે, પીએમ મોદીના પ્રવાસ પછી ભારત અને આર્જેન્ટિનાના સંબંધો ભવિષ્યમાં વધુ મજબૂત બનશે. પીએમ મોદી ૫૭ વર્ષ પછી આર્જેન્ટિનાની મુલાકાત લેનારા પહેલા ભારતીય વડાપ્રધાન હતા.

વડાપ્રધાન મોદીએ આર્જેન્ટિનાના રાષ્ટ્રીય હિરો અને સ્વતંત્રતા સેનાની જનરલ હોસે ડીસૈન માર્ટિનને શ્રદ્ધાંજલિ આપી હતી. દક્ષિણ અમેરિકન દેશો આર્જેન્ટિના, ચીલી અને પેરુને આઝાદી અપાવનારા સેન માર્ટિનને મુક્તિદાતા પણ કહેવાય છે.

પીએમ મોદી અને પ્રમુખ માઈલી વચ્ચે દ્વિપક્ષીય બેઠકમાં ખનીજ, વેપાર અને રોકાણ તથા ઊર્જા સહિત વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર ચર્ચા થઈ હતી. આ સાથે તેમણે ડ્રોન ટેક્નોલોજી જેવા નવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા અંગે પણ ચર્ચા કરી હતી.

(પીટીઆઈ) રિયો ડી જાનેરિયો: બ્રાઝિલમાં વિકાસશીલ અર્થતંત્રોના બ્રિક્સ સંગઠનની બે દિવસની બેઠકનું આયોજન કરાયું છે. બે દિવસની આ બેઠકમાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દુનિયાના દેશો પર લાદેલા ઊંચા વેપાર ટેરિફ, ગાઝામાં માનવીય કટોકટી, ઈરાન પર ઈઝરાયેલના હુમલા જેવા મુદ્દાઓ પર ખૂબ જ સાવધાનીપૂર્વક ચર્ચા થવાની સંભાવના છે.

## OLA-UBER જેવી કેબમાં ૮ વર્ષથી જૂનું વાહન નહીં ચલાવી શકાય : કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૭**

માર્ગ પરિવહન મંત્રાલયે કેબ એગ્રિગેટર્સ માટે મહત્ત્વની મોટર વ્હિકલ એગ્રિગેટર (MVAG 2025) ગાઈડલાઈન્સ ૨૦૨૫ વિગતવાર જાહેર કરી છે. જેમાં ઓલા, ઉબેર, રેપિડો સહિતના કેબ એગ્રિગેટર પર હવેથી આઠ વર્ષથી જૂના વાહનોના ઉપયોગ પ્રતિબંધ લાદ્યો છે.




નવી ગાઈડલાઈન મુજબ, કેબ એગ્રિગેટર્સ પોતાના સંચાલનમાં આઠ કે તેથી વધુ વર્ષ જૂના વાહનોનો ઉપયોગ કરી શકશે નહીં. આઠ કે તેથી વધુ વર્ષ જૂના રજિસ્ટર્ડ વાહનોનું રજિસ્ટ્રેશન રદ કરવુ પડશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, તમામ એગ્રિગેટરે વાહનની રજિસ્ટ્રેશન તારીખથી આઠથી વધુ વર્ષ જૂના વાહનોના રજિસ્ટ્રેશન રદ કરવા પડશે. તેમજ આગળ પણ આ પ્રકારના વાહનોની નોંધણી ન થાય તેનું ધ્યાન રાખવુ પડશે. વધુમાં મોટર વ્હિકલની અંદર ડ્રાઈવરનું લાઈસન્સ અને મોટર વ્હિકલ પરમિટનો પુરાવો પણ દેખાય તે રીતે લગાવવો ફરજિયાત છે.

ગાઈડલાઈન્સમાં આગળ જણાવ્યું હતું કે, કેબની અંદર ડ્રાઈવરનું લાઈસન્સ તેમજ મોટર વ્હિકલ પરમિટનો પુરાવો બતાવવો ફરજિયાત છે.

જો કે, મોટરસાયકલમાં આ નિયમ ફરજિયાત નથી. ડ્રાઈવરની બાજુમાં આવેલી ફ્રન્ટ સીટની પાછળ આ પુરાવા સ્પષ્ટપણે વંચાય તે સ્થિતિમાં લગાવવાના રહેશે.

MVAG 2025 ની ગાઈડલાઈન્સ અનુસાર, એગ્રિગેટરની એપ પર ફાળવવામાં આવેલા ડ્રાઈવરનો ફોટો હાઈ રિઝોલ્યુશન સાથે સ્પષ્ટ દેખાય તે રીતે દર્શાવવો પડશે. તેમજ ડ્રાઈવરનું સમયાંતરે સાયકોલોજિકલ એનાલિસિસ પણ કરવુ પડશે. કેબ પ્રોવાઈડર્સે ડ્રાઈવરની માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્યની આકરણી કરવાની જરૂર પડશે. આ ચકાસણી કરવા પાછળનો ઉદ્દેશ માનસિક, અને ભાવનાત્મક સ્થિતિને જાળવવા તેમજ ડ્રાઈવિંગ દરમિયાન થતો તણાવ સહન કરવા અને પેસેન્જર સાથે વાતચીત કરવા ડ્રાઈવર સક્ષમ છે કે નહીં તે જાણવાનો છે.

કેબ એગ્રિગેટર્સ હવે પીક ટ્રાફિક અવર્સમાં નિર્ધારિત મૂળ ભાડા કરતાં વધુ ભાડું લઈ શકશે. માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય દ્વારા ૧ જુલાઈના રોજ નવી મોટર વ્હિકલ એગ્રીગેટર ગાઈડલાઈન્સ (MVAG) ૨૦૨૫ લાગુ કરી છે.

જે અનુસાર, કેબ એગ્રિગેટર્સને પીક ટ્રાફિક અવર્સમાં મૂળ ભાડા કરતાં બમણાં સુધી વધુ ભાડું વસૂલવા મંજૂરી આપવામાં આવી છે. અત્યારસુધી દોઢ ગણું વધુ ભાડું લેવાની મંજૂરી હતી.

## મંત્રી-સાંસદ અને ધારાસભ્યોને ચાલુ મીટિંગમાં IAS ની વોર્નિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**દેવરિયા, તા.૦૭**

ઉત્તર પ્રદેશના દેવરિયાના કલેક્ટર દિવ્યા મિત્તલ છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચામાં છે. આ દરમિયાન તેમનો વધુ એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. જેમાં તે એક મીટિંગ દરમિયાન જનપ્રતિનિધિઓને વોર્નિંગ આપતા જોવા મળે છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કોઈપણ જનપ્રતિનિધિ કોઈપણ અધિકારી પર ટ્રાન્સફર માટે દબાણ કરી શકે નહીં. કારણ કે આ સરકારી આદેશની વિરુદ્ધ છે. આ મીટિંગમાં મંત્રી-સાંસદ અને ધારાસભ્ય સહિત જિલ્લાના તમામ મોટા અધિકારીઓ હાજર રહ્યા હતા.

અહેવાલો અનુસાર, આ વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે બરહજના ધારાસભ્ય દીપક મિશ્રાએ બેઝિક શિક્ષા અધિકારી (BSA) શાલિની શ્રીવાસ્તવને એક શિક્ષકનો લાંબા સમયથી પડતર પગાર અને એક કોન્ટ્રાક્ટ કર્મચારીની બદલી રોકવા કહ્યું હતું. બીએસએ દ્વારા આ માંગણીને અવગણતા ગુસ્સે ભરાયેલા ધારાસભ્યએ જર્જરિત રસ્તાઓના મુદ્દા પર પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટ (PWD) અને અન્ય અધિકારીઓને ચેતવણી આપી અને બેઠકમાંથી બહાર નીકળી ગયા. ત્યારબાદ એક જન પ્રતિનિધિએ કહ્યું કે, અધિકારીઓએ જન પ્રતિનિધિઓ શું કહે છે તેના પર થોડું ધ્યાન આપવું પડશે. તે કયા સમયે શું વાત કરી રહ્યા છે તેના પર થોડું ધ્યાન આપશે તો સમસ્યા આપમેળે ઉકેલાઈ જશે. જો કલમ અટકી ન જાય, તો ટ્રાન્સફર થવી જોઈએ. આ અંગે IAS દિવ્યા મિત્તલે જન પ્રતિનિધિઓની આ વાતને ફગાવી દીધી હતી.

આ અંગે IAS દિવ્યા મિત્તલે જન પ્રતિનિધિઓની આ વાતને ફગાવી દીધી હતી. તેમણે કહ્યું હતું કે, કોઈ પણ જનપ્રતિનિધિ કોઈ પણ અધિકારીને ટ્રાન્સફર માટે દબાણ કરી શકે નહીં, આ સરકારી આદેશની વિરુદ્ધ છે.

ઉલ્લેખનીય છે કે, આ બેઠકમાં ભાજપના પ્રવક્તા અને ધારાસભ્ય શલભ મણિ ત્રિપાઠી, ધારાસભ્ય સુરેન્દ્ર ચૌરસિયા, સભા કુંવર, રાજ્ય મંત્રી વિજયલક્ષ્મી ગૌતમ, સપા સાંસદ રમાશંકર રાજભર, MLC દેવેન્દ્ર પ્રતાપ સિંહ અને દેવરિયાના સાંસદ શશાંક મણિ ત્રિપાઠી સહિત જિલ્લાના તમામ મોટા અધિકારીઓ હાજર રહ્યા હતા.

# ટ્રમ્પે બ્રિક્સ પર ફોડ્યો ટેરિફ બોમ્બ : ટ્રમ્પે ભારત-ચીન સહિતના સભ્ય દેશોને આપી ધમકી

**બ્રિક્સ સાથે ઉભા રહેલા કોઈપણ દેશ પર ૧૦% વધારાનો ટેક્સ લાદશે, જેની અમેરિકા વિરોધી નીતિઓ છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન, તા.૦૭**

બ્રિક્સ દેશોના સંયુક્ત નિવેદનથી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ગુસ્સે ભરાયા છે. તેમણે ધમકી આપી છે કે તેઓ બ્રિક્સ સાથે ઉભા રહેલા કોઈપણ દેશ પર ૧૦% વધારાનો ટેક્સ લાદશે, જેની અમેરિકા વિરોધી નીતિઓ છે. આમાં કોઈ પણ દેશ અપવાદ રહેશે નહીં. બ્રિક્સ દેશોના નિવેદન તરફ મારું ધ્યાન દોરવા બદલ આભાર. ખરેખર, બ્રિક્સ દેશોએ ૧૭મા સમિટ દરમિયાન સંયુક્ત ઘોષણાપત્ર બહાર પાડ્યું છે.

બ્રિક્સ દેશોએ સંયુક્ત ઘોષણામાં કહ્યું કે, અમે ટેરિફ અને નોન-ટેરિફ વિકલ્પોના મનસ્વી ઉપયોગ પર ચિંતા વ્યક્ત કરીએ છીએ. અમે વિશ્વમાં એક મુક્ત, સ્પર્ધાત્મક અને પારદર્શક વેપાર વ્યવસ્થા ઈચ્છીએ છીએ, જેમાં બધા દેશોને સમાન રીતે અને ભેદભાવ વિના વેપાર કરવાની મંજૂરી આપવામાં આવે. વિશ્વ વેપાર સંગઠને પણ આ દિશામાં કામ કરવું જોઈએ.

આ સંયુક્ત નિવેદન પરોક્ષ રીતે અમેરિકા તરફ નિર્દેશિત હતું. ટ્રમ્પે વિશ્વના તમામ દેશોની વેપાર નીતિઓને અમેરિકા માટે હાનિકારક ગણાવી છે અને ટેરિફ લગાવ્યો છે. ભારત અને અમેરિકા વચ્ચે ટેરિફ અંગે વાતચીત ચાલી રહી છે અને બંને દેશો ટૂંક સમયમાં એક નવા વેપાર કરાર પર હસ્તાક્ષર કરવા જઈ રહ્યા છે.

બીજી તરફ, ભારતે પણ અમેરિકા સાથેના વેપાર કરાર અંગે રાષ્ટ્રીય હિતો સાથે સમાધાન ન કરવાનો પોતાનો વલણ દર્શાવ્યો છે. બંને દેશો વચ્ચે ૯ જુલાઈ પહેલા વચગાળાનો ટ્રેડ કરાર થઈ શકે છે. પરંતુ ભારતે કૃષિ અને ડેરી જેવા ક્ષેત્રોમાં મર્યાદા નક્કી કરી છે. ભારતે કહ્યું છે કે હવે અમેરિકાએ નક્કિ કરવાનું છે.

ભારતનું આ વલણ ટ્રમ્પના તે નિવેદન બાદ આવ્યું છે જેમાં તેમણે કહ્યું હતું કે ૧૨ દેશો માટે વેપાર નીતિનો ડ્રાફ્ટ તૈયાર છે, આ દેશો ઈચ્છે તો તેના પર હસ્તાક્ષર કરી શકે છે અથવા તેને પરત કરી શકે છે. એવું માનવામાં આવે છે કે બંને દેશો તે ક્ષેત્રોમાં વેપાર સોદો કરી શકે છે જ્યાં ટેરિફ પર કરાર છે, બાકીના મતભેદના મુદ્દાઓ પછીથી ઉકેલી શકાય છે.

અમેરિકા અને ભારત વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર પર ફેબ્રુઆરીથી વાતચીત ચાલી રહી છે, એવું માનવામાં આવે છે કે તે



સપ્ટેમ્બર-ઓક્ટોબર સુધીમાં પૂર્ણ થઈ શકે છે.

ભારતે સ્પષ્ટપણે કહ્યું છે કે અમેરિકા દ્વારા તેના ઉત્પાદનો પર લાદવામાં આવેલ ૨૬ ટકા ટેરિફ તાત્કાલિક દૂર કરવો જોઈએ. સૂત્રો કહે છે કે જો આ વેપાર વાટાઘાટો નિષ્ફળ જાય છે, તો ટેરિફ આપમેળે લાગુ થઈ જશે, કારણ કે તેને અમેરિકન રાષ્ટ્રપતિ દ્વારા ત્રણ મહિના માટે સ્થગિત કરવામાં આવ્યો હતો.

**ટ્રમ્પની ધમકી મુદ્દે ચીનનો જવાબ**

# ટેરિફથી કોઈને ફાયદો નહીં, ફક્ત પ્રેશર ઊભું કરવાનો પ્રયાસ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**બેઈજીંગ, તા.૦૭**

બ્રાઝિલમાં ચાલી રહેલા બ્રિક્સ શિખર સંમેલનમાં સામેલ દેશોએ ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના હુમલા અને ટેરિફને લઈને અમેરિકાની ટીકા કરી હતી. ત્યાર પછી અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકા વિરોધી નીતિનું સમર્થન કરાનારા બ્રિક્સ દેશો પર ૧૦ ટકા વધુ ટેરિફ લગાવવાની ધમકી આપી હતી. હવે આ મુદ્દે ચીને પણ પ્રતિક્રિયા આપી છે. બ્રિક્સ દેશો પર ૧૦ ટકા વધુ ટેરિફ લગાવાની ટ્રમ્પની ધમકીની ચીને ટીકા કરી છે. ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું કે, ટેરિફથી કોઈને પણ લાભ થતો નથી. આ ફક્ત અન્ય દેશો પર દબાણ કરવાનો પ્રયાસ છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે ચેતવણીના સૂરમાં કહ્યું હતું કે, 'જે કોઈ દેશ BRICSની અમેરિકા વિરોધી નીતિઓ સાથે જોડાશે તેની પાસેથી વધુ ૧૦ ટકા ટેરિફ વસૂલાશે.' ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર આ વાત લખી છે. ટ્રમ્પે લખ્યું હતું કે, જે પણ દેશ BRICSની અમેરિકા વિરોધી નીતિઓમાં જોડાશે તેના પર વધારાની ૧૦ ટકા ટેરિફ વસૂલાશે. આ નીતિમાં કોઈ દેશ અપવાદ નહીં હોય. આ બાબત પર ધ્યાન આપવા બદલ આભાર!

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ટેરિફ સ્થગિત કરવા માટે નક્કી કરાયેલી સમયમર્યાદા ૯ જુલાઈના રોજ સમાપ્ત થઈ રહી છે. આનાથી વિશ્વભરના દેશોની ચિંતા વધી ગઈ છે. તાજેતરમાં ટ્રમ્પે કહ્યું હતું કે, ૯ જુલાઈ પછી વૈશ્વિક ટેરિફમાંથી કોઈ રાહત મળશે નહીં. આ પછી તેઓ મોટાભાગના દેશો પર ટેરિફ પર ૯૦ દિવસનો પ્રતિબંધ લંબાવવાની યોજના બનાવી રહ્યા નથી. તેમણે ૧૦-૧૨ દેશોને નવા ટેરિફ લાદવા અંગે જાણ કરવા માટે પત્રો પર હસ્તાક્ષર કર્યા છે, જે સોમવારે મોકલવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, આ વખતે બ્રિક્સ સંમેલનનું આયોજન બ્રાઝિલે કર્યું હતું. જેમાં જૂના ૫ દેશો જેવા કે બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા નવા અન્ય દેશોમાં ઈજિપ્ત, ઈથોપિયા, ઈરાન, યુએઈ અને ઈન્ડોનેશિયાએ ભાગ લીધો હતો. બ્રાઝિલે ૧ જાન્યુઆરી ૨૦૨૫એ બ્રિક્સની અધ્યક્ષતા સંભાળી હતી. જેમાં આ વખતેની થીમ સમાવેશી અને ટકાઉ વૈશ્વિક શાસન માટે ગ્લોબલ સાઉથનો સહયોગ મજબૂત કરવાનો હતો.

# ચીન રાફેલને બદનામ કરવા દૂતાવાસોનો ઉપયોગ કરે છે : ફ્રાન્સનો ગુપ્ત રિપોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**પેરિસ, તા.૦૭**

ચીન તેના દૂતાવાસો મારફત ફ્રાન્સના ફાઈટર જેટ રાફેલ વિરુદ્ધ દુષ્પ્રચાર કરી રહ્યું છે અને ફાઈટર જેટની ક્ષમતા પર શંકા ઊભી કરવાનો પ્રયત્ન કરી રહ્યું છે. વિશેષરૂપે ભારત અને પાકિસ્તાન વચ્ચે મે મહિનામાં થયેલા ઘર્ષણ પછી ચીન દ્વારા આ દુષ્પ્રચારમાં વધારો થયો છે. ચીન રાફેલ ફાઈટર જેટની સરખામણીમાં પોતાના ફાઈટર જેટ વધુ સારા હોવાનો દાવો કરી રહ્યું છે તેમ ફ્રાન્સના એક ગુપ્ત રિપોર્ટમાં જણાવાયું છે.

રિપોર્ટ્સ મુજબ ચીનના દુતાવાસોમાં તૈનાત ડિફેન્સ અતાશે વિવિધ દેશોને રાફેલ ફાઈટર જેટ નહીં ખરીદવા પર ભાર મૂકી રહ્યા છે. વિશેષરૂપે ઈન્ડોનેશિયાને મનાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે, જે રાફેલ જેટ ખરીદવા પર વિચાર કરી રહ્યું છે. એટલું જ નહીં ચીન તેના ફાઈટર જેટનો પ્રચાર કરી રહ્યું છે અને વિવિધ દેશો પર તેને ખરીદવા માટે દબાણ કરી રહ્યું છે. પહલગામ આતંકી હુમલા પછી મે મહિનામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ભયાનક સંઘર્ષ થયો હતો, જેમાં મિસાઈલો અને ફાઈટર વિમાનોનો ઉપયોગ કરાયો હતો.

સૈન્ય નિષ્ણાતો હવે એ બાબતની માહિતી મેળવવાનો પ્રયત્ન કરી રહ્યા છે કે ચીનમાં ઉત્પાદિત ચીની બનાવટના પાકિસ્તાની ફાઈટર જેટે ભારતના રાફેલ વિરુદ્ધ કેવો દેખાવ કર્યો હતો. પાકિસ્તાનનો દાવો છે કે તેણે ભારતના પાંચ ફાઈટર જેટ તોડી પાડયા હતા, જેમાં ત્રણ રાફેલ જેટનો સમાવેશ થાય છે. જોકે, ફ્રાન્સની એરફોર્સના પ્રમુખ જનરલ જેરોમ બેલેંજરે કહ્યું કે, ભારતે સંભવતઃ ત્રણ ફાઈટર જેટ ગુમાવ્યા હતા, જેમાં એક રાફેલ, એક સુખોઈ અને એક મિરાજ ૨૦૦૦નો સમાવેશ થાય છે. ફ્રાન્સે હજુ સુધી જેટલા પણ દેશોને રાફેલ ફાઈટર જેટ વેચ્યા છે, તેમાં પહેલી વખત રાફેલ નિશાન બન્યું હોવાની વાત સામે આવી છે.

બેલેંજરે કહ્યું કે, ફાઈટર વિમાન તૂટી પડયું હોય તો આ અંગે એ દેશને સવાલ પૂછાવો જોઈએ. ફ્રાન્સની હથિયાર નિકાસમાં મોટો હિસ્સો રાફેલ અને તેની સાથેના પાર્ટ્સનો છે. ફ્રાન્સના અન્ય દેશો સાથે સંબંધો સારા કરવાનું મુખ્ય સાધન છે. ચીન સોશિયલ મીડિયા પર નકલી તસવીરોમાં રાફેલનો કાટમાળ દર્શાવીને પણ દુષ્પ્રચાર કરી રહ્યું છે. સાથે જ એઆઈ જનરેટેડ કન્ટેન્ટ અને વીડિયો ગેમની ક્લિપ બતાવીને રાફેલને બદનામ કરી રહ્યું છે.

# માનતા પૂરી થતા ચાંદીનો પેટ્રોલ પંપ અને છપ્પન ભોગ અર્પણ કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ચિત્તોડગઢ, તા.૦૭**

ચિત્તોડગઢના પ્રખ્યાત શ્રી સાંવલિયા સેઠ મંદિરમાં ભક્તોની શ્રદ્ધાનું એક અનોખું દૃશ્ય જોવા મળ્યું. ડુંગલાના એક ઉદ્યોગપતિ માંગીલાલ જરોલી અને તેમના પરિવારે તેમની ઈચ્છા પૂર્ણ થયા બાદ ભગવાન સાંવલિયા સેઠને ૧૦ કિલો ચાંદીથી બનેલો પેટ્રોલ પંપ ભેટમાં આપ્યો. આ અનોખા દાન વિશે ખૂબ ચર્ચા થઈ રહી છે. તેની તસવીરો સોશિયલ મીડિયા પર પણ વાઈરલ થઈ રહી છે.

માનતા માન્યાના થોડા દિવસોમાં જ ઠાકુરજીએ તેમની ઈચ્છા પૂર્ણ કરી અને તાજેતરમાં જ બડી સદરી વિસ્તારમાં સાંવલિયા ફિલિંગ સ્ટેશનના નામે તેનું સત્તાવાર ઉદ્ઘાટન કર્યું. જેના કારણે, સાંવલિયા શેઠના દરબારમાં કરેલી ઈચ્છા પૂર્ણ થયા પછી, પરિવારના સભ્યો ડીજે સાથે ચાંદીના પેટ્રોલ પંપ સાથે શહેરભરમાં નાચતા અને ગાતા ઠાકુરજીના મંદિરે પહોંચ્યા. તેઓએ ઠાકુરજીને છપ્પન ભોગ અર્પણ કર્યા અને ચાંદીના પેટ્રોલ પંપની છબી અર્પણ કરી અને આખો પંડાલ સાંવલિયા સેઠના મંત્રોચ્ચારથી ગુંજી ઉઠ્યો. આના ઘણા ફોટો અને વીડિયો સામે આવ્યા છે. ચિત્તોડગઢના માંડફિયામાં આવેલું સાંવલિયા સેઠ મંદિર રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતના ભક્તો માટે શ્રદ્ધાનું મુખ્ય કેન્દ્ર છે. એવું માનવામાં આવે છે કે અહીં માનવામાં આવતી દરેક માનતા પૂર્ણ થાય છે. ભક્તો તેમની સફળતા અને સમૃદ્ધિનો શ્રેય સાંવલિયા સેઠને આપે છે અને સોના અને ચાંદીની અનોખી વસ્તુઓ અર્પણ કરે છે. તાજેતરમાં મંદિરના ભંડારમાંથી ૨૯ કરોડ રૂપિયાથી વધુની કિંમતનો ફાળો મળ્યો હતો. જેમાં ૧૪૨ કિલો ચાંદી અને ૯૯૪ ગ્રામ સોનું સામેલ હતું.




**અગાઉ આ ફિલ્મનો ફર્સ્ટ લુક રિલીઝ થયો હતો**

# લાગણી અને દેશભક્તિ વચ્ચેની કશ્મકશનું રેખાંકન કરશે 'સરઝમીન' ફિલ્મ



**ટ્રેલરમાં, માતા કાજોલ નારાજ છે, જ્યારે પૃથ્વીરાજ અને ઇબ્રાહિમ વચ્ચેનો ઝઘડો પણ જોવા મળે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૦૭ :** કાજોલ, પૃથ્વીરાજ સુકુમારન અને ઈબ્રાહિમ અલી ખાન અભિનીત ફિલ્મ 'સરઝમીન'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. થોડા દિવસો પહેલા, આ ફિલ્મનો ફર્સ્ટ લુક રિલીઝ થયો હતો, જેમાં કાજોલ એક મુશ્કેલીગ્રસ્ત મહિલા, પૃથ્વીરાજ સુકુમારન દુશ્મનો સાથે લડતા સૈનિક અને ઈબ્રાહિમ અલી ખાન આતંકવાદી તરીકે જોવા મળ્યા હતા. ત્રણેયના લુક અને ફિલ્મના ટીઝરથી દર્શકોમાં આ ફિલ્મની વાર્તા શું બનવાની છે તે અંગે રસ જાગ્યો હતો.

પૃથ્વીરાજની સામે એક કિશોર છોકરો ઉભો છે. તે ડરેલો છોકરો તેનો પુત્ર હરમન છે. પૃથ્વી તેના પુત્રને પૂછે છે - તમે તેને કેમ ન માર્યો? પૃથ્વીરાજના પોતાના દીકરા સાથેના સંબંધો સારા નથી. કાજોલ હરમનની માતા અને પૃથ્વીરાજની પત્નીની ભૂમિકા ભજવી રહી છે. પિતા-પુત્રના સંબંધો સારા નથી. હરમનના પિતા તેને પસંદ નથી કરતા. તેના માટે હરમન એક નબળો વ્યક્તિ છે.

કાજોલ પૃથ્વીરાજને સમજાવવાનો પ્રયાસ કરે છે પણ તેનો કોઈ ફાયદો નથી. તેના પિતા તરફથી મળેલી નફરતથી, હરમન મોટો થાય છે અને ઈબ્રાહિમ અલી ખાનનું રૂપ ધારણ કરે છે, જે એક ક્રૂર આતંકવાદી છે.

આગળ, ઈબ્રાહિમ અલી ખાનનો જબરદસ્ત એક્શન અવતાર જોવા મળશે. આ ઈબ્રાહિમનો પહેલો શક્તિશાળી રોલ છે, જેમાં તે એક્શન કરતો જોવા મળશે. ટ્રેલરમાં, માતા કાજોલ નારાજ છે, જ્યારે પૃથ્વીરાજ અને ઈબ્રાહિમ વચ્ચેનો ઝઘડો પણ જોવા મળે છે. બંને એકબીજાની સામે બંદૂકો તાકીને ઉભા છે. બંને વચ્ચે શું થશે? ફિલ્મની વાર્તામાં કયા મોટા ટ્વિસ્ટ આવશે, તે ફિલ્મ રિલીઝ થયા પોછી જ ખબર પડશે. દિગ્દર્શક કયોઝ ઈરાનીની ફિલ્મ 'સરઝમીન' ૨૫ જુલાઈના રોજ સ્ટ્રીમ થવા જઈ રહી છે. કરણ જોહરે તેના બેનર ધર્મા પ્રોડક્શન્સ હેઠળ તેનું નિર્માણ કર્યું છે. દર્શકો ઈબ્રાહિમ અલી ખાનને નવા અવતારમાં જોવા માટે ઉત્સુક છે. કાજોલ અને પૃથ્વીરાજ સુકુમારનની જોડી પણ ફિલ્મને રસપ્રદ બનાવી રહી છે. આપણે જોવું પડશે કે તેમાં શું થાય છે.

# માફ કરજો મિત્રો હું વિદાય લઈ રહી છું : અનિતા હસનંદાની

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૭**

અનિતા ટીવી ઈન્ડસ્ટ્રીની ખૂબ જ જાણીતું નામ છે, પણ તેણે સોશિયલ મીડિયા પોસ્ટ કરીને ફેન્સને ચોંકાવી દીધા છે. અનિતાની લેટેસ્ટ ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં તે વિદાય લેવાની વાત કરી રહી છે.

ચાલો તમને આ પોસ્ટ પાછળની આખી સ્ટોરી જણાવીએ- અનિતા હસનંદાનીએ પોતાની લેટેસ્ટ ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં સોશિયલ મીડિયા પરથી વિદાય લેવાની વાત કહી છે. ટીવી



સિરીયલ યે હૈ મહોબ્બતેંમાં શગુનનો રોલ કરીને એક્ટ્રેસને નેમ અને ફેમ મળ્યા હતા. એક્ટ્રેસે પોતાની પોસ્ટમાં જણાવ્યું હતું કે તે પરેશાન છે અને એટલે જ તે સોશિયલ મીડિયાથી દૂર જઈ રહી છે. જોકે, અનિતાએ પોતાના આ નિર્ણય પાછળનું કારણ તો નથી જણાવ્યું. પણ ઈન્સ્ટાગ્રામ પર તેણે પોસ્ટ કરતાં લખ્યું હતું કે માફ કરજો મિત્રો, વિદા લઈ રહી છું. લાંબા સમયથી અહીં ખૂબ જ ઘોંઘાટ હતો, પણ હવે પોતાની જાતને ફરી સાંભળવાનો સમય આવી ગયો છે.

આ સિવાય એક્ટ્રેસે એક સ્ટોરી પણ પોસ્ટ કરી છે જેમાં તેણે ખૂબ જ ત્રાસી ગઈ હોવાનું જણાવ્યું હતું. એક્ટ્રેસે અચાનક કરેલી આ પોસ્ટને કારણે ફેન્સ પણ ચોંકી ઉઠ્યા છે અને તેઓ તેના પર કમેન્ટ કરી રહ્યા છે. કેટલાક લોકો તેને આખરે એવું તે શું થયું કે જેને કારણે તમે દુ:ખી છો એવું પૂછી રહ્યા છે તો કેટલાક લોકો એવું કહી રહ્યા છે કે શું બધું ઠીકઠાક છે? અત્રે ઉલ્લેખનીય છે કે, અનિતાની આ પોસ્ટ બરાબર એવા સમયે સામે આવી છે, જ્યારે એવા રિપોર્ટ્સ સામે આવી રહ્યા છે કે અનિતા કોઈ રિયાલિટી ટીવી શોમાં ભાગ લઈ રહી છે. એક્ટ્રેસ લાંબા સમય બાદ આ શોથી કમબેક કરી રહી હોવાનું કહેવાઈ રહ્યું છે. જોઈએ હવે આ રિપોર્ટ્સમાં કેટલી સચ્ચાઈ છે અને અનિતા કેટલા સમય સુધી પોતાની જાતને સોશિયલ મીડિયા પ્લેટફોર્મથી દૂર રાખી શકે છે.

**અભિનેત્રીએ ટીવી અભિનેતા જય ભાનુશાલી સાથે લગ્ન કર્યા હતા**

# અભિનેત્રી માહી વિજને એક તબક્કે અપશુકનિયાળ માનવામાં આવતી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૭**

માહી વિજ ભારતીય ટીવી ઉદ્યોગના સૌથી પ્રખ્યાત ચહેરાઓમાંના એક છે. અભિનેત્રીએ ૨૦૧૧ માં ટીવી અભિનેતા જય ભાનુશાલી સાથે લગ્ન કર્યા. આ દંપતીએ ૨૦૧૭માં બે બાળકો, રાજવીર અને ખુશીને પાલક માતાપિતા તરીકે દત્તક લીધા હતા અને ૨૦૧૯માં, તેઓએ પુત્રી તારાનું સ્વાગત કર્યું. માહી વિજે પ્રજનન ક્ષમતા સાથેના તેના સંઘર્ષ અને માતૃત્વના પડકારો વિશે ખુલ્લેઆમ વાત કરી છે.



તાજેતરમાં, અભિનેત્રીએ ખુલાસો કર્યો કે તેના ઘણા સંબંધીઓ અને પરિવારજનોએ તે સમયે અંધવિશ્વાસને કારણે તેને બેબી શાવરમાં આમંત્રણ આપ્યું ન હતું. એક મુલાકાતમાં માહી વિજે કહ્યું કે, તે તેના મિત્રો અને પરિવારના બેબી શાવર પાર્ટીઓની ઉજવણી કરતી તસવીરો જોતી હતી. આ રીતે તેણીને ખબર પડી કે તેણીને આ કાર્યોમાં આમંત્રણ આપવામાં આવી રહ્યું નથી. માહીએ ખુલાસો કર્યો કે જ્યારે તેણીને પ્રજનન સમસ્યાઓ હતી ત્યારે આ એકમાત્ર વસ્તુ હતી જે તેને પરેશાન કરતી હતી.

અભિનેત્રીએ કહ્યું કે જે સંબંધીઓના નામ તે જાહેર કરવા માંગતી નથી, તેઓ વિચારતા હતા, 'નઝર લાગેગી ઈસ્કી.' માહીએ કહ્યું કે, આનાથી તેણીને દુઃખ થતું હતું કારણ કે તે માને છે કે અન્ય લોકો સાથે ખુશી શેર કરવાથી ખુશી વધે છે. તેણીએ એમ પણ કહ્યું કે જ્યારે તેણી આઈવીએફ દ્વારા ગર્ભવતી થઈ હતી, ત્યારે તેણીએ તેની માતા, સાસુ અને તેના શ્રેષ્ઠ મિત્ર સાથે પણ આ સમાચાર શેર કર્યા હતા. માહીએ ખુલાસો કર્યો કે લોકોની ધારણાઓ કે તેણીને ખુશીના પ્રસંગે ખરાબ નજરે જોવામાં આવશે તે તેને દુઃખ પહોંચાડતી હતી કારણ કે તે આવી નથી. તેણીએ કહ્યું, 'જ્યારે હું ગર્ભવતી ન હતી ત્યારે મને એક જ વાત પરેશાન કરતી હતી જ્યારે મારા મિત્રો અને મારા નજીકના પરિવારના સભ્યો, હું તેમનું નામ લેતી ન હતી, તેઓ મને બેબી શાવર માટે આમંત્રણ આપતા ન હતા. તેઓ વિચારતા હતા કે તે ખરાબ નજરે પડશે.

માહીએ ઈન્ટરવ્યુમાં એમ પણ કહ્યું કે, ઘણા લોકો તેને દોષ આપે છે પરંતુ તે તેમના કોઈપણ ટોણાથી દુઃખી નથી. અભિનેત્રીએ કહ્યું, 'મૈં બાદશાહ હૂં અપને દિલ કી', અને કહ્યું કે તે બીજા લોકો તેના વિશે શું વિચારે છે અને શું વાત કરે છે તેનાથી પ્રભાવિત થતી નથી.

**આ શ્રેણીની પહેલી ફિલ્મ 'જુરાસિક પાર્ક' જૂન ૧૯૯૩ માં રિલીઝ થઈ હતી**

# 'જુરાસિક વર્લ્ડ રિબર્થ'નો દબદબો, ભારતીય ફિલ્મમેકર્સની ચિંતા વધી

**ઘણા ઓસ્કાર અને અન્ય મહત્વપૂર્ણ પુરસ્કારો જીતનાર આ ફિલ્મ ફ્રેન્ચાઇઝના ઘણા ભાગો રિલીઝ થઈ ચૂક્યા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૦૭ :** 'જુરાસિક વર્લ્ડ રિબર્થ' રિલીઝ થઈ ગઈ છે અને આ ભારતીય નિર્માતાઓ માટે ચિંતાનો વિષય બની શકે છે કારણ કે ફિલ્મે રિલીઝ થતાં જ બોક્સ ઓફિસ પર અદ્ભુત પ્રદર્શન કર્યું છે. હોલીવુડ ફિલ્મે બધી ભારતીય ફિલ્મોને પાછળ છોડી દીધી છે. ભારતીય થિયેટરોમાં એક ફિલ્મ રિલીઝ થઈ છે જેની વાર્તા અને નામ છેલ્લા ૩૩ વર્ષથી લોકોના મનમાં કોતરાયેલું છે.

આ શ્રેણીની પહેલી ફિલ્મ 'જુરાસિક પાર્ક' જૂન ૧૯૯૩ માં રિલીઝ થઈ હતી. ઘણા ઓસ્કાર અને અન્ય મહત્વપૂર્ણ પુરસ્કારો જીતનાર આ ફિલ્મ ફ્રેન્ચાઇઝના ઘણા ભાગો રિલીઝ થઈ ચૂક્યા છે. ૩ વર્ષ પહેલા આવેલી 'જુરાસિક વર્લ્ડ ડોમિનિયન' પછી, હવે આખરે આ ફ્રેન્ચાઇઝની નવી ફિલ્મ 'જુરાસિક વર્લ્ડ રિબર્થ' રિલીઝ થઈ છે.

આ ફિલ્મમાં માર્વેલ ફિલ્મોના સુપરહીરો બ્લેક વિડોની ભૂમિકા ભજવનારી સ્કારલેટ જોહાનસન છે. ભારતમાં આ ફિલ્મને લઈને ઘણી ચર્ચા છે કારણ કે લોકો આ ફ્રેન્ચાઈઝી માટે નોસ્ટાલ્જીયા ધરાવે છે. આ જ કારણ છે કે ફિલ્મના શરૂઆતના દિવસની આગાહી પણ ખૂબ જ અદ્ભુત છે. સુત્રોએ આગાહી કરી હતી કે આ ફિલ્મ પહેલા દિવસે ૮.૫૦-૯.૫૦ કરોડ રૂપિયા કમાઈ શકે છે અને ફિલ્મ આ અપેક્ષાઓ પર ખરી ઉતરી રહી છે.

ફિલ્મોની કમાણીનો ટ્રેક રાખતી વેબસાઈટ અનુસાર, વિશાળ ડાયનાસોરની દુનિયા દર્શાવતી ફિલ્મે સવારે ૧૦:૩૫ વાગ્યા સુધી ૯ કરોડ રૂપિયા કમાઈ લીધા છે. આ આંકડા પ્રારંભિક છે. અંતિમ ડેટા રિલીઝ થયા પછી આ બદલાઈ શકે છે. ભારતીય સિનેમાઘરોમાં પહેલેથી જ ઉપલબ્ધ સિતારે ઝમીન પર, એફ૧, મા અને કન્નપ્પા જેવી કોઈપણ ફિલ્મનો આજે 'જુરાસિક વર્લ્ડ રિબર્થ' કરતા વધુ કલેક્શન નથી.

આશ્ચર્યજનક વાત એ છે કે આજે રિલીઝ થયેલી 'મેટ્રો ઈન દીનોન' પણ તેના શરૂઆતના દિવસના કલેક્શનમાં આ ફિલ્મથી પાછળ છે. આમાંથી કોઈ પણ ફિલ્મ હજુ સુધી ૨ કરોડ રૂપિયાનો આંકડો પાર કરી શકી નથી. સ્કારલેટ જોહાનસન સિવાય, મહેરશાલા અલી, રુપર્ટ ફ્રેન્ડ અને જોનાથન બેઈલી જેવા મોટા નામો આ ફિલ્મ સાથે સંકળાયેલા છે.

ફિલ્મના બજેટ વિશે વાત કરીએ તો, સ્ક્રીનરન્ટ અનુસાર, તે ૫૦૦ મિલિયન ડોલરમાં બનાવવામાં આવી છે. જો આપણે તેને ભારતીય ચલણમાં રૂપાંતરિત કરીએ, તો તે ૪૨૦૦ કરોડથી વધુ છે. આ ફિલ્મનું દિગ્દર્શન ગેરેથ જેમ્સ એડવર્ડ્સ દ્વારા કરવામાં આવ્યું છે, જેમણે અગાઉ ગોડઝિલા, રોગ વન અને ધ ક્રિએટર જેવી ફિલ્મોનું દિગ્દર્શન કર્યું છે.

### કેન્દ્ર સરકારની ખાસ તૈયારી

# દેશમાં પહેલીવાર લોકો ખુદ ભરી શકશે વસ્તી ગણતરીનું ફોર્મ

## સરકારે એક ખાસ વેબ પોર્ટલ લોન્ચ કરવાની તૈયારીમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૭**

ભારતમાં આગામી વસ્તુ ગણતરીને લઈને સરકારે એક મોટી જાહેરાત કરવામાં આવી છે. દેશની પહેલી વસ્તી ગણતરી ડિજિટલી થશે. જેમાં દેશમાં પહેલીવાર લોકો વસ્તીગણતરીનું ફોર્મ ખુદ ભરી શકશે. આ માટે સરકારે એક ખાસ વેબ પોર્ટલ લોન્ચ કરવાની તૈયારીમાં છે. આ ઉપરાંત, મોબાઈલ એપ્લિકેશનના માધ્યમ થકી પણ વસ્તી ગણતરીનું કામ પૂર્ણ કરવામાં આવશે.

દેશમાં અત્યાર સુધીમાં વસ્તી ગણતરી માટે ઘરે-ઘરે જઈને સરકારી કર્મચારીઓ કાગળમાં જાણકારી એકઠી કરતા હતા. પરંતુ હવે સરકાર આ પ્રક્રિયાને સંપૂર્ણપણે ડિજિટલ બનાવવા જઈ રહી છે. સરકારે કહ્યું છે કે, નાગરિકો ઈચ્છે તો ખુદ જ પોતાની જાણકારી વેબ પોર્ટલ પર નોંધણી કરાવી શકે છે. આ માટે બે તબક્કાવાર વસ્તી ગણતરી થશે. પહેલા તબક્કામાં 'ઘરની યાદી અને રહેઠાણ ગણતરી' થશે, એટલે કે ઘરો વિશેની માહિતી મેળવવાશે અને બીજા તબક્કામાં 'વસ્તી ગણતરી' થશે. જેમાં બંને તબક્કામાં લોકો પોતાની માહિતી જાતે નોંધાવી શકશે. વસ્તી ગણતરી ૨૦૨૬-૨૭માં બે તબક્કામાં થશે. જેમાં ૧ એપ્રિલ, ૨૦૨૬થી પહેલો તબક્કો શરૂ થશે. જ્યારે બીજો તબક્કો ૧ જાન્યુઆરી, ૨૦૨૭થી શરૂ થશે. આ મામલે ગત ૧૬ જૂન, ૨૦૨૪ના રોજ સરકારે જાહેરનામું બહાર પાડ્યું હતું. એટલે હવે આઝાદી પછી ભારતમાં ૮મી અને કુલ ૧૬મી વસ્તી ગણતરી થશે.

વસ્તી ગણતરીના કામ માટે સરકારે દેશભરમાં આશરે ૩૪ લાખ લોકોને નિયુક્ત કર્યા છે. આ કર્મચારીઓને ત્રણ સ્તરમાં ટ્રેનિંગ આપવામાં આવશે. પહેલા રાષ્ટ્રીય ટ્રેન, માસ્ટર ટ્રેનર અને અંતે ફિલ્ડ ટ્રેનર તૈયાર કરાશે. જેઓ દરેક ગામડાઓ અને શહેરના નાના-નાના ભાગોમાં જઈને વસ્તી ગણતરી કરશે. જેમાં કોઈપણ વ્યક્તિ કે ઘર બાકી ન રહે તે માટે નિયુક્ત કરાયેલા કર્મચારીની જવાબદારી રહેશે.

સમગ્ર મામલે સરકારે તમામ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોને આદેશ આપી દીધા છે કે, તેઓ પોતાના જિલ્લા, તાલુકા કે પોલીસ સ્ટેશનની સીમાઓમાં કોઈ ફેરફાર કરવા માગે છે તો આગામી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ પહેલા કરી લે. આ પછી એ જ સીમાઓ વસ્તી ગણતરી માટે અંતિમ રૂપમાં માનવામાં આવશે. સીમાઓ નક્કી થયાના ત્રણ મહિના પછી જ વસ્તી ગણતરી શરૂ કરી શકાશે.

# ઉમરગામ તાલુકાની પળગામ પંચાયતમાં વ્યાપક ભ્રષ્ટાચારની પ્રબળ શક્યતા

## છેલ્લા પાંચ વર્ષમાં ગેરવહીવટના કારણે થયેલા ભ્રષ્ટાચારને ઉજાગર કરવા માટે માંગવામાં આવેલી માહિતી બેંકના પાસબુકની એન્ટ્રી, નાંણાપંચ યોજનાના રોજમેળ રજૂ કરવામાં આવેલા બિલો અને વાઉચરોની નકલની વિગતો છુપાવવા અધિકારીઓએ લગાવેલા જોરની ગતિવિધિ શંકાસ્પદ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સરીગામ, તા. ૦૭**

ઉમરગામ તાલુકામાં મોટાભાગની પંચાયતોમાં પારદર્શક વહીવટના અભાવે વ્યાપક ભ્રષ્ટાચાર થયેલો છે. જેની કબુલાત અને ટકોર જાહેર મંચ ઉપરથી ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકર દ્વારા અનેકવાર કરવામાં આવી છે. તાજેતરમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીના આવેલા પરિણામો બાદ વિજેતા સરપંચોને સંબોધન કરતા રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ નવનિયુક્ત સરપંચોને ભ્રષ્ટાચારથી દૂર રહેવા ચેતવણી આપી છે. જે સરપંચો દ્વારા કરવામાં આવતા ભ્રષ્ટાચારની મળતી ફરિયાદોના ભાગરૂપે હોવાનું આકલન કરવામાં આવી રહ્યું છે.

ઉમરગામ તાલુકાની પળગામ પંચાયતનો છેલ્લા છ સાત વર્ષથી ચાલતો વહીવટમાં પારદર્શકતાનો અભાવ અને ભ્રષ્ટાચારની પ્રબળ શકયતા દેખાઈ રહી છે. ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકારે ગ્રામ પંચાયતની ચૂંટણીના પ્રચાર સભામાં પળગામ ગામમાં જમીન કૌભાંડો અને ભ્રષ્ટાચાર થયો હોવાની ગ્રામજનો સમક્ષ ભારપૂર્વક જણાવ્યું હતું. જે વાતને હવે સમર્થન મળતું દેખાઈ રહ્યું છે. આ પંચાયત દ્વારા કરવામાં આવેલા વિકાસના કામોમાં રજૂ થયેલા બિલો અને સ્થળ ઉપર કરવામાં આવેલા કામો વચ્ચે તાલમેલ થતો નથી, અર્થાત ઘણા બીલો ખોટી રીતે રજૂ કર્યા હોવાની શક્યતા છે. આ તમામ ગેરવહીવટને ઉજાગર કરવા માટે પળગામ પંચાયતના જાગૃત નાગરિક અને પૂર્વ સરપંચ શ્રી ચંદ્રકાંતભાઈ દ્વારા આરટીઆઈ એક્ટ હેઠળ બેંકના પાસબુકની ટ્રાન્સફર એન્ટ્રીની નકલ, બીલના વાઉચરો, નાણાપંચ યોજનાના રોજમેળ તેમજ ઠરાવોની નકલો માંગવામાં આવી હતી.

આ માહિતી યેનકેન પ્રકારે વહીવટ કરતા શાસકો દ્વારા રોકવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. માહિતી માંગવાની સમય મર્યાદા પૂર્ણ થયાં બાદ અપીલ કરવામાં આવી હતી. પરંતુ ન્યાય નહીં મળતા બીજી અપીલ જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ કરવામાં આવી હતી અને છેવટે માહિતી રાજ્ય આયોગમાં અપીલ કરતાં એપલેટ ઓથોરિટીએ માહિતી પૂરી પાડવા હુકમ કરવામાં આવ્યો હતો.

રાજ્ય આયોગના હુકમની પણ અવગણના કરતા ફરી રાજ્ય આયોગમાં અપીલ કરવામાં આવી હતી અને હાલમાં રાજ્ય આયોગના હુકમ મુજબ માહિતી અધિકારીએ માહિતી પૂરી પાડવાની ફીસ પેટે અંદાજિત રૂપિયા ૧૭,૦૦૦ જેટલી માતબર રકમ જમા કરાવી છે પરંતુ માહિતી અધિકારીશ્રી અર્થાત પંચાયતના તલાટી કમ મંત્રી માહિતી પૂરી પાડવા માટે ગલ્લા તલ્લા કરતા જોવા મળી રહ્યા છે. આ માહિતી યેનકેન પ્રકારે બહાર ન પડે એના માટે તાલુકા કક્ષાના તેમજ જિલ્લા કક્ષાના અધિકારીઓ પણ જોર લગાવતા જોવા મળી રહ્યા છે. જે જોતા આ ઘટનામાં આ તમામ માહિતી બહાર ન આવે એ માટે પૂરાવાના નાશ માટે કોઈ તરકીબ અપનાવી શકે એવી પણ શક્યતા દેખાઈ રહી છે.

આ સમગ્ર ઘટનાની નોંધ ઉચ્ચકક્ષાએ લેવાય અને વિજીલન્સ વિભાગ દ્વારા તાત્કાલિક તપાસ હાથ ધરવામાં આવે એવી તાલુકાવાસીઓમાં માંગ ઉભી થવા પામી છે.

### આરએસએસએ ઘર-ઘર સંપર્કની પણ બનાવી યોજના

# દરેક મંડળ, દરેક વસાહતમાં હિન્દુ સંમેલન યોજવામાં આવશે




## હિન્દુ સમાજના તમામ વર્ગોને એક કરવાની યોજના, પારિવારિક અને સામાજિક મૂલ્યોને મજબૂત કરાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૭**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ની દિલ્હી ખાતે એક મહત્ત્વપૂર્ણ બેઠક મળી હતી. જેમાં દેશની સુરક્ષા સાથે સાથે મણિપુરની પરિસ્થિતિ પર પણ ચર્ચા થઈ હતી. હાલમાં મણિપુરની પરિસ્થિતિમાં ઘણો સુધારો થયો છે, જોકે પરિસ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય થવામાં થોડો સમય લાગી શકે છે. સંઘનું કહેવું છે કે, દેશ દરેક ક્ષેત્રમાં નોંધપાત્ર વિકાસ હાંસલ કરી રહ્યો છે. સંઘ આ વિકાસને દરેક દ્રષ્ટિએ સર્વસમાવેશક બનાવવા માટે કામ કરશે. એ માટે દરેક મંડળ અને દરેક વસાહતમાં હિન્દુ પરિષદોનું આયોજન કરવામાં આવશે. ૧૧૩૬૦ થી વધુ સામાજિક સંવાદિતા સભાઓનું આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વખતે વિજયાદશમીએ સ્વયંસેવકો સંઘના ડ્રેસ કોડમાં પહોંચશે અને લોકો સાથે સંપર્ક કરશે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ સુનીલ આંબેકરે સોમવારે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, સમાજને મજબૂત બનાવવા માટે ઘરે ઘરે સંપર્ક કરવાની સંઘની યોજના છે. સંઘના તમામ સંગઠનાત્મક ૯૨૪ જિલ્લાઓમાં રાષ્ટ્ર અને હિન્દુત્વના મહત્ત્વપૂર્ણ વિષયો પર વિગતવાર ચર્ચા કરવામાં આવશે. સંઘે દરેક સમાજ અને દરેક વર્ગના લોકો સુધી પહોંચવાની યોજના બનાવી છે. આ માધ્યમ દ્વારા હિન્દુ સમાજના તમામ વર્ગોને એક કરવાની યોજના છે.

દિલ્હી ખાતે યોજાયેલી આ બેઠકમાં સંઘે સ્વીકાર્યું કે, દેશ દરેક દિશામાં આગળ વધી રહ્યો છે. તેમાં દેશ-વિદેશ, શિક્ષણ, વેપાર અને આર્થિક ક્ષેત્રોનો સમાવેશ થાય છે. પરંતુ તેની સાથે સાથે સંઘ પારિવારિક અને સામાજિક મૂલ્યોને મજબૂત બનાવવાનું કામ કરશે. તેની પાછળનો ઉદ્દેશ્ય સમાજને દરેક ક્ષેત્રમાં ભાગીદાર બનાવવા અને સમાજને સર્વસમાવેશક બનાવવાનો છે. પંચ પરિવર્તન દ્વારા દેશ અને સમાજને પર્યાવરણ પ્રત્યે જાગૃત કરવાની પણ યોજના છે. તેમણે કહ્યું કે, એપ્રિલથી જૂન દરમિયાન આયોજિત તાલીમ શિબિરો પૂર્ણ થઈ ગઈ છે. ૪૦ વર્ષથી ઓછી ઉંમરના લોકો માટે આયોજિત સંઘ શિક્ષા વર્ગમાં ૧૭૬૦૯ લોકોએ પ્રશિક્ષણ તાલીમ મેળવી. ૮૮૧૨ સ્થળોએથી આવેલા શિક્ષાર્થીઓએ તાલીમ મેળવી. ૪૦ થી ૬૦ વર્ષની ઉંમરના ૪૨૭૦ લોકોએ સંઘ શિક્ષા વર્ગમાં ભાગ લીધો છે. તેમાં શિક્ષિત વર્ગથી લઈને ખેડૂતો અને શ્રમિકો સુધીના દરેકનો સમાવેશ થાય છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અખિલ ભારતીય પ્રાંત પ્રચારક બેઠક ૪-૬ જુલાઈના રોજ દિલ્હીના ઝંડેવાલન સ્થિત સંગઠનના કાર્યાલય કેશવકુંજ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં આરએસએસ વડા મોહનજી ભાગવત, દત્તાત્રેય હોસાબલે, અરુણ કુમાર સહિત ઘણા વરિષ્ઠ અધિકારીઓ તેમજ સંગઠનના ૪૬ પ્રાંતોના વડાઓ અને સહપ્રમુખ સહિત અનેક વરિષ્ઠ પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

# નવસારીમાં ભારે વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ, શાળાઓમાં રજા જાહેર કરાઈ







(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવસારી,તા.૦૭**

હવામાન વિભાગે ગુજરાતના ઘણા વિસ્તારોમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરી છે. હાલમાં ત્રણ સિસ્ટમ સક્રિય થવાને કારણે રાજ્યભરમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ દરમિયાન નવસારી જિલ્લાના તમામ ૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે, નવસારી, જલાલપોર, વાંસદા, ખેરગામ, ચીખલી, ગણદેવી તાલુકામાં વરસાદ નોંધાયો છે. નવસારી તથા ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પગલે શહેરમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. પૂરની સ્થિતિને ધ્યાનમાં રાખીને આજે (સાતમી જુલાઈ) નવસારી શહેરી વિસ્તારની શાળાઓ અને આંગણવાડીઓમાં રજા જાહેર કરી છે.

નવસારી જિલ્લામાં ભારે વરસાદના કારમે પૂર્ણા નદીના જળસ્તરમાં વધારો થયો છે, શહેરના નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરાયા છે અને ઉપરવાસમાં ભારે વરસાદથી જળસ્તરમાં વધારો થયો છે, અને નીચાણવાળા વિસ્તારના લોકોને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત ભારે વરસાદને પગલે નવસારી શહેર અને જલાલપોરમાં શૈક્ષણિક કાર્ય બંધની જાહેરાત કરાઈ હતી. પૂર્ણા નદીના જળસ્તરમાં વધારો થતા પ્રશાસને નિર્ણય લીધો હતો.

ઉપરવાસ અને જિલ્લામાં વરસાદથી નવસારીમાં પૂરની સ્થિતિ જોવા મળી રહી છે. નવસારીમાં નીચાણવાળા વિસ્તારમાં નદીના પાણી ઘૂસ્યા હતા. ત્યારે નવસારી શહેર અને ગણદેવીમાંથી સલામતીના ભાગરૂપે ૫૨૦ લોકોનું સ્થળાંતર કરી સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા તેમજ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી.

હવામાન વિભાગની આગાહી અનુસાર, સોમવારે (સાતમી જુલાઈ) નવસારી અને વલસાડ જિલ્લામાં અતિભારે વરસાદને લઈને ઑરેન્જ ઍલર્ટ અને અમરેલી, ભાવનગર, સુરત, તાપી, ડાંગ જિલ્લામાં ભારે વરસાદને લઈને યલો ઍલર્ટ જાહેર કર્યું છે. ગુજરાતમાં આ વખતે ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં મેઘમહેર થઈ છે. દક્ષિણ ગુજરાતમાં સરેરાશ ૨૮ ઈંચ સાથે સિઝનનો ૪૭ ટકા વરસાદ નોંધાઈ ચૂક્યો છે. બીજી તરફ સૌરાષ્ટ્રમાં ૪૪ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૪૨.૪૨ ટકા, કચ્છમાં ૪૨ ટકા જ્યારે ઉત્તર ગુજરાતમાં ૩૯ ટકા જેટલો વરસાદ વરસ્યો છે. જિલ્લા પ્રમાણે જોવામાં આવે તો વલસાડમાં સૌથી વધુ ૩૮.૫૦ ઈંચ, ડાંગમાં ૩૧.૭૦ ઈંચ સુરતમાં ૨૮.૫૦ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જિલ્લા પ્રમાણે સૌથી ઓછો ૪.૫૨ ઈંચ વરસાદ પાટણમાં પડેલો છે.

# ઉદવાડાના દરિયા કિનારેથી મળેલ લાશની ઓળખ થઈ: રાતા ખાડીમાં ન્હાવા ગયેલ યુપીનો યુવાન હોવાનું બહાર આવ્યું

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**પારડી, તા.૦૭**

વાપીના છીરી ખાતે દિનેશભાઈની ચાલમાં રહેતો અને વાપી મેરીલ કંપનીમાં કામ કરતો રણજીત લાલાભૈયા પ્રજાપતિ દોઢ મહિના પહેલા જ યુપીના દેવસરથી વાપી કામકાજ અર્થે આવ્યો હતો અને તારીખ ૪/૭/૨૦૨૫ના રોજ મિત્રો સાથે રાતા ખાડી પર કોલક નદીના ચેકડેમ ખાતે ન્હાવા ગયા હતા. જ્યાં નાહ્યા બાદ બહાર નીકળતી વખતે પગ લપસી જતા વધુ વરસાદને લઈ પાણીના વહેણમાં તણાઈ ગયો હતો. જે શોધખોળ બાદ પણ મળી ન આવતા ડુંગરા પોલીસ સ્ટેશન ખાતે ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી.

તારીખ ૭/૭/૨૦૨૫ના રોજ ઉદવાડા ગામના દરિયા કિનારેથી એક લાશ મળી આવતા ઓળખ માટે આ યુવાનના પરિવારજનોને બોલાવતા લાશ જોતા મરનાર યુવાનના દાદા જેરીસિંગ બૈરા પ્રજાપતિએ લાશની ઓળખ કરી તેમનો પૌત્ર રણજીત હોવાનું ઓળખી આપતા લાશને ઓરવાડ સીએસસી ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલાવી પારડી પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવતા આગળની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ શ્રી મહિપતભાઈ ગફલભાઈ કરી રહ્યા છે.

# ટુકવાડામાં મોબાઈલ રીપેર કરી ન આપતા સગીરે ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**પારડી, તા.૦૭**

ટુકવાડા ખાતે રહેતા અને પરિયા સ્કૂલમાં ધોરણ નવમાં અભ્યાસ કરતા એક ૧૫ વર્ષીય સગીરે પોતાના ખરાબ થયેલ મોબાઈલ પિતા રીપેર ન કરાવી આપશે ના વહેમમાં ઘરની પાછળ આવેલ આંબાના ઝાડની દળી સાથે ઓઢણી બાંધી ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી દીધું હતું. પુત્રનો ઘરના પાછળના ભાગેથી બૂમાબૂમનો અવાજ આવતા ઘરની પાછળ દોડી જઈ જોતા પુત્ર આંબાના ઝાડની ડાળી પર લટકતો હોય જીવિત હોવાનું સમજી ઓઢણી વચ્ચેથી કાપી નાખી સારવાર માટે પારડીની મોહન દયાળ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના ડોક્ટરે તપાસ દરમિયાન મૃત જાહેર કરતા લાશને પીએમ માટે પહોંચાડી પારડી પોલીસ સ્ટેશન ખાતે આવી પિતાએ ફરિયાદ નોંધાવતા વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ રવિન્દ્ર રામસિંગ વસાવા કરી રહ્યા છે.

# ભારે વરસાદને કારણે નર્મદા ડેમ ૪૫.૧૮ ટકા ભરાયો: રાજ્યમાં ૩૧ ડેમ હાઈ એલર્ટ પર રખાયા



## નર્મદા ડેમ ૪૮.૧૫ ટકા તેમજ અન્ય ૨૦૬ જળાશયો કુલ સંગ્રહ ક્ષમતાના ૫૪.૫૦ ટકા જેટલા ભરાઈ ગયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ,તા.૦૭**

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC, ગાંધીનગરના અહેવાલ મુજબ ગત ૨૪ કલાક દરમિયાન સમગ્ર રાજ્યમાં ૩૩ જિલ્લાના ૨૦૯ તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ વરસ્યો છે. જે અંતર્ગત છેલ્લાં ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં સૌથી વધુ તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં ૬ ઈંચ કરતાં વધુ વરસાદ તથા ડાંગના સુબીર તાલુકા તેમજ ભુજ તાલુકામાં ૫ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. SEOCના અહેવાલ મુજબ રાજ્યમાં આવેલ નર્મદા ડેમ ૪૮.૧૫ ટકા તેમજ અન્ય ૨૦૬ જળાશયો કુલ સંગ્રહ ક્ષમતાના ૫૪.૫૦ ટકા જેટલા ભરાઈ ગયા છે.

સમગ્ર રાજ્યમાં વરસાદના પગલે ૩૧ ડેમ હાઈ એલર્ટ, ૧૯ ડેમ એલર્ટ અને ૧૮ ડેમ માટે વોર્નિંગ આપવામાં આવી છે. આજદિન સુધીમાં વરસાદના પગલે વહીવટી તંત્ર દ્વારા ૪૨૦૫ નાગરિકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે, તેમજ ૬૮૪ નગરિકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા છે. વહીવટી તંત્ર દ્વારા ૧૩ NDRFની ટીમ તેમજ ૨૦ SDRFની ટીમ ડિપ્લોય કરવામાં આવી છે. તેમજ ૦૨ NDRFની તેમજ ૧૩ SDRFની ટીમ હેડક્વાર્ટર ખાતે રિઝર્વ રાખવામાં આવી છે. માછીમારોને ૧૦ જુલાઈ સુધી દરિયો નહીં ખેડવા માટે સૂચના અપાઈ છે.

છેલ્લા ૨૪ કલાકમાં સુરતના બારડોલી અને પલસાણા, કચ્છના નખત્રાણા અને ભાવનગરના વલ્લભીપુર તાલુકામાં ૪ ઈંચ કરતા વધુ વરસાદ વરસ્યો છે.

તદુપરાંત વ્યારા, વાંસદા, બાલાસિનોર, વઘઈ અને મેઘરજમાં ૩ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યના ૧૮ તાલુકામાં બે ઈંચથી વધુ, ૪૮ તાલુકામાં એક ઈંચથી વધુ જ્યારે, ૧૩૦ તાલુકામાં એક ઈંચ કરતા ઓછો વરસાદ વરસ્યો છે. આજે સવારે ૬ કલાક સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૪૬.૨૧ ટકા જેટલો નોંધાયો છે.

# પારડી પોલીસ સ્ટેશનના આઠ જેટલા પોલીસ કર્મીઓની બઢતી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**પારડી, તા.૦૭**

સમગ્ર વલસાડ જિલ્લામાં આવતા તમામ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મીઓની વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક કરણરાજ વાઘેલાની સૂચના મુજબ તેઓની કામગીરી તથા સર્વિસને લઈ બઢતી આપવામાં આવી હતી.

જેમાં પારડી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ દિનેશભાઈ અભેસિંહ પટેલને એએસઆઈ તરીકે, કોન્સ્ટેબલ કાનજીભાઈ નારણભાઈ મીરને હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ મહિપત ગફલભાઈ ચૌહાણ હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ વજુભાઈ ટપુભાઈ શિયાળ હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ સંજયભાઈ જસરાજભાઈ દુમાડિયા હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ અજય કુમાર બાબુસિંહ સોલંકી હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ શૈલેષભાઈ ડાયાભાઈ ચૌધરી હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલ કોમલબેન અજયસિંહ સોલંકીની હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી કરવામાં આવી છે.

**CHANGE OF NAME**

**OLD NAME:**
HARPREET SACHAR
**NEW NAME:**
**HARPREET KAUR SACHAR**
**ADDRESS:**
FLAT NO. 603, NEELKANTH RESIDENCY,
KHARIWAD, NANI DAMAN - 396210

torrent POWER DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ, સબસ્ટેશન સામે દર્શાવેલ, વિસ્તારોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૦૮/૦૭/૨૦૨૫ મંગળવાર | દાદરા | ૬૬ કેવી પાવર પીટીઆર-૨ ૬૬ કેવી ફીલેટેક્ષ | સુરત ગલી, હની ઈન્ડિયા વિસ્તાર, ભૂમિ યાર્ન વિસ્તાર, લતા ઈન્ડ. વિસ્તાર, દોશી આઈ.ઈ., અંકુર આઈ.ઈ. ગોલ્ડ જ્યોતિ, સંદીપ એક્સપ્રેસ ફીડર, રેપિયર, ઈગલ **૬૬ કેવી ગ્રાહકો:** ફીલેટેક્ષ ઈન્ડ. |
| | વાઘધરા | પીટીઆર-૧,૨,૩ | વાઘધરા ગામ, તિઘરા ગામ, બાવીસા ફળિયા, દાદરા રિસોર્ટ વિસ્તાર, લેક વ્યુ હોટેલ વિસ્તાર, ચેક પોસ્ટ વિસ્તાર, એસએચ લગેજ, ડુગ્ગર ઈન્ડ., શ્રીનાથ ઈન્ડ. સ્પાન આઈ.ઈ., ઝીરો ટેક્ષ, કોંગી ફળિયા, એસ એન્ડ એસ પેકેજિંગ, સુમિલોન ઈન્ડ. નાગરિકા ગલી, દાદરા ગાર્ડન, સર્વોત્તમ ઈન્ડ. |

**અસુવિધા બદલ દિલગીર છીએ.**

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ દ્વારા વરિષ્ઠ તથા દિવ્યાંગ નાગરિકો માટે નીચે મુજબની વિવિધ વીજ સેવાઓ ઘર આંગણે કોલ કરીને મેળવી શકાશે.

● વીજબીલમાં નામબદલી ● વીજજોડાણનાં સ્થળમાં ફેરફાર
● વીજભારમાં સુધારો ● નવા વીજજોડાણની અરજી ● વીજબીલની ચુકવણી

**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

સવારની ચા સાથે તો માત્ર
તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ



# આદિવાસી ગૌરવ દિવસ નિમિત્તે નાનાપોંઢા ગ્રામપંચાયતમાં વિશેષ બેઠક યોજાઈ

## ૯મી ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી કરાશે





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૭**

આદિવાસી સંસ્કૃતિ, પરંપરા અને અસ્તિત્વની ઓળખ નિમિત્તે દર વર્ષે ૯મી ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરી આવે છે. તે અનુસંધાને વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના નાનાપોંઢા ગામે ભવ્ય રીતે આ દિવસે ઉજવણી કરવાની તૈયારીઓ માટે ગ્રામપંચાયતમાં બેઠક મળી હતી.

આ બેઠક શ્રી જીતુભાઇ ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી, જેમાં ગામના અગ્રણીઓ, યુવા પ્રતિનિધિઓ તથા સમાજના વિવિધ વર્ગોના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.


આ બેઠકમાં આદિવાસી સમાજના ગૌરવ, ભાષા, વસવાટ, પરંપરા અને સંસ્કૃતિના જતન માટે આ વર્ષે ધરતીના વીર પુત્ર બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ સાથે વિશેષતાપૂર્વક વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવાની યોજના બનવામાં આવી.

શ્રી જીતુભાઇ ચૌધરીએ કહ્યું કે, આદિવાસી હોવું એ ગૌરવની વાત છે. આપણું પોતાની જીવન શૈલી, ભાષા, વસવાટ અને સંસ્કૃતિ છે. આપણું વસ્ત્રપરિધાન, રહેઠાણ અને જીવન પદ્ધતિ એ જ આપણી ઓળખ છે. આજે જ્યારે સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે, ત્યારે આપણા પૂર્વજોએ પર્યાવરણ સાથે સુમેળમાં જીવવાનો સંદેશો આપ્યો હતો.

તેમણે વધુમાં કહ્યું હતું કે, આ વર્ષે બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિને ધ્યાનમાં રાખીને સમગ્ર કાર્યક્રમમાં તેમના જીવન સંદેશો અને બલિદાનને સ્મરણ કરવામાં આવશે.

આ પ્રસંગે નાનાપોંઢા પીએમસી માર્કેટથી એક ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું છે, જે ગામના મુખ્ય માર્ગોથી પસાર થઈને બિરસા મુંડા સર્કલ સુધી જશે, જ્યાં સમાજના અગ્રણીઓ દ્વારા પૂજન વિધિ કરવામાં આવશે અને તેના પછીએ સંકલ્પ સાથે પૂર્ણાહુતિ થશે. ઉજવણીમાં પરંપરા અને ગૌરવને મહેક આપવાનો ઉમંગ છે.

# વાંસદા તાલુકામાં આવેલા ખેડૂતોની જીવાદોરી સમાન જૂજ અને કેલીયા ડેમની જળ સપાટીમાં વધારો





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**ચીખલી(વંકાલ), તા.૦૭:** વાંસદા તાલુકામાં આવેલા ખેડૂતોની જીવા દોરી સમાન કેલીયા અને જૂજ ડેમમાં પાણીની આવક વધતા કેલીયા ડેમમાં ૮.૯૫ મીટર અને જૂજ ડેમમાં ૮.૨૦ મીટર સપાટીમાં વધારો થયો છે. જોકે ઉપરવાસમાં સારો વરસાદ પડતા બન્ને ડેમોમાં પાણીની સપાટી ધીમી ધારે વધી રહી છે.

**(તસવીર: દિપક સોલંકી, ચીખલી)**

# વલસાડ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશન પટેલની વરણી બાદ વિરોધનો શૂર શરૂ: ધરમપુર શહેર કોંગ્રેસ પ્રમુખે રાજીનામું આપ્યું

## રાજીનામા અંગે અજીત ગરાસીયાએ જણાવ્યું હતું કે, જિલ્લા પ્રમુખ તરીકે કિશન પટેલની પસંદગી થતાં સેંકડો કાર્યકરોએ વિરોધ કર્યો હતો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૭**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા તાજેતરમાં વિવિધ જિલ્લા સહિત શહેરો માટે પ્રમુખોની નિમણૂંક જાહેરાત કરી હતી. જેમાં વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ તરીકે પૂર્વ બે ટર્મ માટે સાંસદ રહી ચૂકેલા કિશન પટેલની વરણી કરાઈ હતી. ગયા સપ્તાહે જ કોંગ્રેસ કાર્યાલયમાં તેમની તાજપોષી કરવામાં આવી હતી. પરંતુ કોંગ્રેસ પ્રમુખ તરીકે કિશન પટેલની નિમણૂંક અંગે તે સમયથી જ કોંગ્રેસમાં ઉકળતા ચરૂની સ્થિતિ શરૂ થઈ ગઈ હતી. મોટાભાગના હોદ્દેદારો અને કાર્યકરોને કિશન પટેલની નિમણૂંકનો સખ્ત વિરોધ કર્યો હતો. જેના પડઘા આજે પડ્યા હતા. ધરમપુર શહેર પ્રમુખ અજીત ગરાસીયાએ રાજીનામું આપી દેતા કોંગ્રેસના રાજકારણમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

ધરમપુર શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકેની જવાબદારી નિભાવી રહેલા અજીત ગરાસીયા કોંગ્રેસના અગ્રણી કાર્યકર છે. તેઓ જિલ્લા મહામંત્રી પદે પણ સેવા આપી ચૂકેલા છે. જિલ્લા પ્રમુખ તરીકે પૂર્વ સાંસદ કિશન પટેલની નિમણૂંકથી કોંગ્રેસમાં બે ભાગ પડી ગયા હતા. મોટાભાગના કાર્યકરો નારાજ હતા. અજીત ગરાસીયાએ પણ વિરોધ કર્યો હતો. તે સંદર્ભે આજે તેમણે શહેર પ્રમુખ તરીકેનું રાજીનામું આપી દીધું હતું. કોંગ્રેસમાં ચાલી રહેલી ભારે હલચલમાં આગામી સમયે વધુ રાજીનામા પણ પડી શકે છે.

# વાપી હાઈવે ચાર રસ્તા નજીક બીએમડબલ્યુ કારમાં આગ લાગતા દોડધામ મચી : ફાયર યુનિટે આગ બુઝાવી





## સમય સૂચકતા વાપરી કાર ચાલક બહાર કુદી પડતા મોટી દુર્ઘટના ટળી

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૭**

હાઈવે સહિતના આંતરિક રોડ ઉપર અનેકવાર ચાલુ ગતિએ કારો સળગી ઉઠવાની ઘટનાઓ બનતી રહી છે તેવો વધુ એક બનાવ આજે સોમવારે બપોરે વાપી હાઈવે ચાર રસ્તા નજીક બી.એમ.ડબલ્યુ. કાર સળગી ઉઠતા ભારે દોડધામનો માહોલ સર્જાયો હતો.

વાપી ચાર રસ્તા નજીક વાપી તરફ જઈ રહેલી બી.એમ.ડબલ્યુ. કારમાં અચાનક નીચેથી જોરદાર ધુવાડા નિકળતા કાર ચાલક સતર્ક થઈને કારમાંથી બહાર કુદી પડ્યો હતો. કારમાં એન્જિન નીચેના ભાગમાં આગ પકડી લીધી પરંતુ ચાલક સલામત રીતે બહાર આવી જતા મોટી દુર્ઘટના ટળી હતી. ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરાતા ફાયરની ગાડી ધસી આવી હતી. પાણીનો જોરદાર મારો ચલાવી કારની આગને બુઝાવી દીધી હતી. ઘટના દરમિયાન ધમધમતો વિસ્તાર હોવાથી સેંકડો લોકો એકઠા થઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે, ચાલુ ગતિમાં કારમાં આગ લાગવાનું કારણ મોટાભાગે સી.એન.જી. ફ્યુએલ હોવાથી શોર્ટ સર્કિટ સર્જાતા આગ લાગી ઉઠતી હોય છે.

# વાપી સલવાવ હાઈવે ઉપર કન્ટેનરે બ્રેઝા કારને ટક્કર મારતા અકસ્માત: ટુકવાડાના કાર ચાલક બાલ બાલ બચ્યા







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૭**

વાપી નેશનલ હાઈવે સલવાવ પાસે આજે સોમવારે બપોરે રોડ ઉપર બ્રેઝા કાર ચાલી રહી હતી ત્યારે પાછળથી કન્ટેનરની ટક્કર લાગતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ટુકવાડાના કાર ચાલકનો બાલ બાલ બચાવ થયો હતો.

## ટક્કર એટલી ભિષણ હતી કે કારની એરબેગો ખુલી ગઈ તેથી ચાલક શૈલેષભાઈ દેસાઈને કોઈ ઈજા પહોંચી નહી

વાપી સલવાવ હાઈવે ઉપર ટુકવાડા ગામે રહેતા શૈલેષભાઈ દેસાઈ તેમની બ્રેઝા કાર નં.જીજે ૧૫ સીકે ૫૫૪૫ લઈને ઘરેથી નિકળી સલવાવ હાઈવે ઉપર પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન પાછળથી આવી રહેલ કન્ટેનર ટ્રક નં.કેએ ૦૧ એએચ ૭૦૬૬ ના ચાલકે કારને જોરદાર ટક્કર મારી દેતા ભિષણ અકસ્માત સર્જાયો હતો. સદનસીબે ટક્કરને લઈ કારની એરબેગ ખુલી જતા ચાલક શૈલેષભાઈ દેસાઈનો સદનસીબે બચાવ થઈ ગયો હતો. અન્ય કોઈ ઈજા પહોંચી નહોતી. અકસ્માત દરમિયાન હાઈવે પેટ્રોલીંગ પોલીસ ઘટના સ્થળે આવી ગઈ હતી. અકસ્માતને લઈ ઉભા થયેલ ટ્રાફિકને નિયંત્રિત કર્યો હતો.

# વાપી ગીતાનગર ચોકડી પાસેથી દારૂના જથ્થા સાથે નકલી પી.એસ.આઈ.ને પોલીસે ઝડપી પાડ્યો

## પોતાને અમદાવાદનો પીએસઆઈ હોવાનું બતાવી નામ કૃષ્ણનાથ ગોવિંદ જણાવેલું



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૭**

ગુજરાતમાં એક પછી એક નકલી હોવાનો રાફડો ફાટી ચૂક્યો છે. નકલી, ડોક્ટર, નકલી હોસ્પિટલ, નકલી ઈન્કમટેક્સ અધિકારી, નકલી સરકારી કચેરીઓ આ બધી ભેળસેળમાં વધુ એક ભેળસેળ ઉમરાઈ છે. વાપી ગીતાનગર ચોકડી પાસેથી દારૂના જથ્થા સાથે પોલીસે નકલી પી.એસ.આઈ.ને ઝડપી પાડી જેલ ભેગો કર્યો છે.

પોલીસે હેડ કોન્સ્ટેબલ શ્રી કનકસિંહને મળેલી ચોક્કસ બાતમીના આધારે ગીતાનગર ચોકડી પાસે કાર્યવાહી કરાઈ હતી. કાર્યવાહીમાં એક ઈસમ પોતાને અમદાવાદનો પી.એસ.આઈ બતાવી તેનું નામ કૃષ્ણનાથ ગોવિંદ વર્ણવી નકલી પી.એસ.આઈ.નો ઢોંગ કરીને દારૂની હેરાફેરી કરવાનો ઈરાદો હતો. પરંતુ પોલીસે પર્દાફાશ કર્યો હતો.

ઝડપાયેલ નકલી પી.એસ.આઈ જોડે ઈંગ્લીશ દારૂનો, જથ્થો ૭૧૮૫ રૂા. તથા રોકડા ૫૦૦૦ રૂા. તથા મોબાઈલ પોલીસને મળી આવતા કુલ ૧૨૧૮૫ રૂા.નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે આરોપીને જેલ ભેગો કર્યો હતો.

Adani Enterprises Limited

adani

This is an advertisement for information purpose only and is not a prospectus announcement.

An opportunity to subscribe to one of India's largest listed business incubators*

Public Issue of Secured, Rated, Listed, Redeemable, Non - Convertible Debentures

Effective yield (quarterly and cumulative) of

9.30% p.a.

(60 months)^

Note: effective yield for annual coupon is 9.29% p.a. & coupon for annual (60M) is 9.30%

ISSUE OPENS ON: WEDNESDAY, JULY 9, 2025

ISSUE CLOSES ON: TUESDAY, JULY 22, 2025**

Allotment on first come, first serve basis#

- Security Cover: 1.1 X
- Minimum Application: ₹10,000/- (10 NCDs) across all series (and in multiple of ₹1000/- (1 NCD each) thereafter)
- Tenor: 24, 36 & 60 months (with Quarterly, Annual or Cumulative interest payment options)
- Credit Rating: "Care AA-; Stable" by CARE Ratings Limited and "[ICRA]AA- (Stable)" by ICRA Limited
- Mode of Application in Issue: ASBA only • Subject to applicable tax deducted at source.

*In terms of Market Capitalization, as on March 31, 2025 Source: BSE / NSE

^ For further details please refer "Issue Related Information" beginning on page 282 of the Prospectus dated June 30, 2025

**DISCLAIMER OF THE ISSUER:** Adani Enterprises Limited (**"Company"**), subject to market conditions, and other considerations, is proposing a public issue of secured, rated, listed, redeemable non-convertible debentures (**"NCDs"**) and has filed the Prospectus dated June 30, 2025 (**"Prospectus"**). Investment in the NCDs involves high degree of risk. Investors proposing to participate in the Issue should invest only on the basis of the information contained in the Prospectus. Investors should see the Prospectus filed by Adani Enterprises Limited with the Registrar of Companies, Gujarat, Dadra & Nagar Haveli at Ahmedabad, BSE Limited (**"BSE"**), National Stock Exchange of India Ltd.(**"NSE"**) and Securities and Exchange Board of India (**"SEBI"**), including the section titled *"Risk Factors"* and *"Material Developments"* beginning on pages 16 and 233 respectively of the Prospectus, available on the websites of SEBI at www.sebi.gov.in, BSE at www.bseindia.com, NSE at www.nseindia.com and the websites of the lead managers at www.nuvama.com, www.trustgroup.in and www.tipsons.com. The Issuer and the Lead Managers accept no responsibility for statements made otherwise than in the Prospectus or in the advertisement or any other material issued by or at the instance of the Company and that anyone placing reliance on any other source of information would be doing so at their own risk.

**DISCLAIMER CLAUSE OF BSE:** It is to be distinctly understood that the permission given by BSE should not in any way be deemed or construed that the Draft Offer Document has been cleared or approved by BSE. The investors are advised to refer to the Draft Offer Document/Offer Document for the full text of the Disclaimer clause of the BSE.

**DISCLAIMER CLAUSE OF NSE**: It is to be distinctly understood that the permission given by NSE should not in any way be deemed or construed that the Draft Prospectus has been cleared or approved by NSE nor does it certify the correctness or completeness of any of the contents of the Draft Prospectus. The investors are advised to refer to the Prospectus for the full text of the "Disclaimer clause of the NSE".

**DISCLAIMER CLAUSE OF USE OF BSE ELECTRONIC PLATFORM:** It is to be distinctly understood that the permission given by the BSE to use their network and software of the Online system should not in any way be deemed or construed as compliance with various statutory requirement approved by the Exchange; nor does it any manner warrant, certify or endorse the correctness or completeness of any of the compliance with the statutory and other requirements; nor does it take any responsibility for the financial or other soundness of the Company, its promoters, its management or any scheme or project of the Company. It is also to be distinctly understood that the approval given by the Exchange is only to use the software for participating in system of making application process.

**DISCLAIMER CLAUSE OF USE OF NSE ELECTRONIC PLATFORM:** It is also to be distinctly understood that the approval given by the Exchange is only to use the software for participating in system of making application process. It is distinctly understood by the Issuer that the permission given by NSE to use their network and online platform for facilitating applications for public issue of NCDs should not in any way be deemed or construed as that the compliance with various statutory and other requirements by Adani Enterprises Limited, LMs, etc. are cleared or approved by NSE; nor does it in any manner warrant, certify or endorse the correctness or completeness of any of the compliance with the statutory and other requirements nor does it take any responsibility for the financial or other soundness of the Issuer, its promoters, its management or any scheme or project of the Issuer. It is also distinctly understood that the approval given by NSE should not in any way be deemed or construed that the prospectus has been cleared or approved by NSE; nor does it in any manner warrant, certify or endorse the correctness or completeness of any of the contents of the prospectus; nor does it warrant that the securities will be listed or will continue to be listed on the Exchange.

# *Allotment in the public issue of debt securities shall be made on the basis of date of upload of each application into the electronic book of the Stock Exchange in accordance with the SEBI NCS Master Circular. However from the date of over subscription and thereafter, the allotment will be made to the applicants on proportionate basis.*

** *Issue shall remain open for subscription on Working Days from 10:00 AM to 5:00 PM (Indian Standard Time) during the period indicated above and is subject to early closure or extension. For further details, please refer to the section titled "Issue Related Information" on page 282 of the Prospectus.*

For further disclaimers, please refer page number 268 of the Prospectus. Link to refer the Prospectus https://www.adanienterprises.com/-/media/Project/Enterprises/Investors/Investor-Downloads/Others/Adani-Enterprises-Limited_Prospectus_June25.pdf
Capitalised terms not defined herein shall have the same meaning as assigned to such terms in the Prospectus.
For detailed terms and conditions, please refer to the Prospectus.
Link to download Abridged Prospectus: https://www.adanienterprises.com/-/media/Project/Enterprises/Investors/Investor-Downloads/Others/Adani-Enterprises-Limited_Abridged-Prospectus_June25.pdf

**Registered and Corporate Office:** Adani Corporate House, Shantigram, Near Vaishno Devi Circle, S. G. Highway, Khodiyar, Ahmedabad - 382 421, Gujarat, India. **Tel.:** +91 (79) 2555 4412; **Fax:** +91 (79) 2555 5500.
**www.adanienterprises.com**

Please scan the QR code to view the Abridged Prospectus

Adfactors 238/25